પાનાં : ૧૨ રૂા.૬ તા.૧૧ જાન્યુઆરી ૨૦૨૫ શનિવાર

૧૦ રજબ હિજરી ૧૪૪૬ ● પોષ સુદ તેરસ સંવત ૨૦૮૧

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)

AHMEDABAD
SINCE-1991

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૪ અંક-૧૬૩ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com







## ઉમર ખાલિદ અને અન્ય લોકો વિરૂદ્ધ UAPA લગાડવા બદલ નારાજગી

# દિલ્હી પોલીસને ફટકાર લગાવતી હાઈકોર્ટ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

દિલ્હી હાઈકોર્ટ દ્વારા ઉમર ખાલિદ, શરજીલ ઈમામ અને અન્ય લોકો સામે કડક ગેરકાયદેસર પ્રવૃત્તિઓ નિવારણ અધિનિયમ (UAPA) હેઠળ કેસ દાખલ કરવા બદલ દિલ્હી પોલીસની ઝાટકણી કાઢવામાં આવી હતી, તે પછી કોંગ્રેસ અને AIMIM સહિત રાજકીય પક્ષોએ પોલીસ તેમજ ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકારની ટીકા કરી હતી. કોંગ્રેસે કહ્યું કે દરેક નાગરિકને સરકારની નીતિઓ સાથે મતભેદ અને અસંમતિ વ્યક્ત કરવાનો અધિકાર છે. AIMIMએ તેમની ધરપકડ પાછળના હેતુ પર પ્રશ્ન ઉઠાવ્યો અને તેને 'ક્રૂર અને રાજકીય રીતે પ્રેરિત' ગણાવી હતી. ઉમર ખાલિદ, શરજીલ ઈમામ અને અન્ય કાર્યકરો ૨૦૨૦ના ઉત્તર-પૂર્વ દિલ્હી રમખાણોના આરોપી છે, જેમાં ૫૩થી વધુ લોકો મૃત્યુ પામ્યા હતા અને તેઓ ઘણા વર્ષોથી જેલમાં છે. તેમણે સુનાવણીમાં વિલંબના આધારે જામીન માંગ્યા હતા, પરંતુ દિલ્હી પોલીસે તેનો વિરોધ કર્યો છે. દિલ્હી હાઈકોર્ટે જામીન અરજીઓની સુનાવણી કરતા તેમની સામે UAPA લાગુ કરવાની માન્યતા પર પ્રશ્ન ઉઠાવ્યો અને પૂછ્યું કેઃ શું તમારો દાવો છે કે ફક્ત વિરોધ સ્થળ સ્થાપિત કરવાથી UAPA આરોપોને ન્યાયી ઠેરવી શકાય છે ? આના પર પ્રતિક્રિયા આપતા, કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા પવન ખેરાએ કહ્યું કે સત્તામાં રહેલા લોકો સામે અસંમતિને રાજદ્રોહ તરીકે ન જોઈ શકાય અને વિરોધીઓને 'આતંકવાદી' તરીકે ઓળખાવી શકાય નહીં. તેમણે અસંમતિ અને બળવા વચ્ચે સ્પષ્ટ તફાવતની જરૂરિયાતની પણ હાકલ કરી. IANS સાથે વાત કરતાં તેમણે દલીલ કરી કે, જો કોઈ સરકારી નીતિનો વિરોધ કરી રહ્યું છે, તો શું તમે તેની જાતિ અને ધર્મના આધારે તેની સામે કાર્યવાહી કરશો ? લોકશાહીમાં દરેકને વિરોધ કરવાનો અધિકાર છે. દેશના બંધારણે આપણને આ સ્વતંત્રતા આપી છે. AIMIM નેતા વારિસ પઠાણે દિલ્હી પોલીસ તેમજ ભાજપની આગેવાની હેઠળના કેન્દ્ર સરકાર પર રાજકીય લાભ માટે કાનૂની પ્રક્રિયાનો 'દુરૂપયોગ' કરવા બદલ ટીકા કરતા કહ્યું કે, ઉમર ખાલિદ અને અન્ય ઘણા લોકો આજે જેલમાં છે. આ બતાવે છે કે UAPA કાયદાનો કેવી રીતે દુરૂપયોગ થઈ રહ્યો છે. તેમની જામીન અરજી પર સુનાવણી થઈ રહી નથી. કોઈપણ મોટા આતંકવાદી પર UAPA લાદવો જોઈએ. જો બંધારણમાં વાણી સ્વાતંત્ર્ય હોય તો સરજીલ ઈમામ અને ઉમર ખાલિદ જેવા વિદ્યાર્થીઓ સામે UAPA લાગુ કરવામાં આવે તો તેનો શું અર્થ થશે.

**કોંગ્રેસ અને રાજકીય પક્ષોએ દિલ્હી પોલીસ અને ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકારની ટીકા કરી છે કારણ કે કોર્ટે અમુક આરોપીઓ સામે UAPA કાયદો લાગુ કરવાની કાયદેસરતા પર પ્રશ્ન ઉઠાવ્યો છે**

## ઉમર ખાલિદ અને શર્જિલ ઈમામના ભાષણોથી લોકોમાં ભય પેદા થયો હતો, દિલ્હી પોલીસની હાઈકોર્ટમાં રજૂઆત



(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

દિલ્હી હાઈકોર્ટમાં ગઈકાલે પોલીસે એવી દલીલ કરી હતી કે ઉંમર ખાલીદ અને સર્જિલ ઈમામના તથા અન્ય લોકોના ભાષણોથી અને એમના સીએએ તથા એનઆરસી, બાબરી મસ્જિદ, ટ્રીપલ તલાક અને કાશ્મીર અંગેના ઉલ્લેખથી સામાન્ય માનવીના મનમાં ભયની લાગણી જન્મી હતી. બંનેની જામીન અરજીઓનો વિરોધ કરતા સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર અમિત પ્રસાદે જસ્ટીસ નવીન ચાવલા અને જસ્ટિસ શાલિદર કૌરની બેંચ સમક્ષ દલીલ કરી હતી કે ઉમર ખાલીદ, સર્જિલ ઈમામ, ખાલીદ સૈફી અને મીરાં હૈદરની એક સરખી જ ભાષણબાજી હતી અને એક જ સરખા મુદ્દા અને વિષયો પર તેમના વક્તવ્ય હતા એટલે એમને સાંભળીને લોકોમાં ભયની લાગણી પેદા થઈ હતી. આવા વક્તવ્ય આપવા ઉપરાંત ઉમર ખાલીદ દ્વારા અમરાવતીમાં પણ વાંધાજનક વક્તવ્ય આપવામાં આવ્યું હતું જે તે સમયે એ વાયરલ પણ થયું હતું.

## 'હું માણસ છું, ઈશ્વર નથી, મારાથી ભૂલો થઈ શકે છે' : પોડકાસ્ટ ડેબ્યૂમાં PM મોદીએ જીવન અને રાજકારણ પર ખુલીને વાત કરી

(એજન્સી) તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરૂવારે મોટું નિવેદન આપ્યું છે. જેરોધાના કો-ફાઉન્ડર નિખિલ કામતના પોડકાસ્ટ ઈન્ટરવ્યૂમાં પીએમ મોદીએ કહ્યું કે, 'હું પણ મનુષ્ય છું કોઈ ભગવાન નથી. ભૂલો મારાથી પણ થાય છે. રાજકારણમાં મિશન સાથે ઊતરવું જોઈએ, મહત્ત્વાકાંક્ષા સાથે નહીં. રાજકારણમાં સતત સારા લોકો આવતા રહેવા જોઈએ.' દુનિયામાં વિવિધ દેશ વચ્ચે ચાલતા સંઘર્ષ અંગે તેમણે કહ્યું કે, 'અમે સતત કહ્યું છે કે, અમે તટસ્થ નથી. હું શાંતિના પક્ષમાં છું.' વડાપ્રધાન મોદીનો આ પહેલો પોડકાસ્ટ ઈન્ટરવ્યૂ છે. આ દરમિયાન તેમને પહેલી અને બીજી ટર્મ વચ્ચે શું ફર્ક છે અંગે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું કે, લોકો પહેલી ટર્મમાં મને સમજવાનો પ્રયત્ન કરતા હતા. હું પણ દિલ્હીને સમજવાનો પ્રયત્ન કરતો હતો. જો કોઈ યુવાન રાજકારણમાં આવવા માંગે છે તો તેના માટે શું સંદેશ આપવા માંગશો ? આ અંગે તેમણે કહ્યું કે, 'રાજકારણમાં મિશન સાથે આવો.' બીજી તરફ પીએમ મોદીએ ગુરૂવારે ૧૦ હજાર નાગરિકોના જીનોમ સિક્વન્સિંગ ડેટા જાહેર કર્યો. તેમણે કહ્યું કે, 'બાયોટેક્નોલોજી સંશોધન ક્ષેત્રે આ એક સીમાચિહ્નરૂપ સાબિત થશે.' બાયોટેક્નોલોજી વિભાગ દ્વારા આયોજિત જીનોમિક્સ ડેટા સંમેલનમાં પીએમ મોદીએ એક વીડિયો સંદેશમાં કહ્યું કે, 'મને ખુશી છે કે, દેશના ૨૦થી વધુ રિસર્ચ ઈન્સ્ટિટ્યુશને તેમાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. આ પ્રોજેક્ટનો ડેટા ૧૦ હજાર



ભારતીયોના જીનોમ સિક્વન્સિંગ હવે ઈન્ડિયા બાયોલોજિકલ ડેટા સેન્ટરમાં ઉપલબ્ધ છે.'

પીએમ મોદીએ કહ્યું કે, 'મને વિશ્વાસ છે કે, બાયો-ટેક્નોલોજી રિસર્ચના ક્ષેત્રમાં એક સીમાચિહ્નરૂપ સાબિત થશે. આઈઆઈટી, વૈજ્ઞાનિક, સીએસઆઈઆર અને બાયો-ટેક્નોલોજી રિસર્ચ એન્ડ ઈનોવેશન સેન્ટર જેવા ૨૦થી વધુ પ્રસિદ્ધ રિસર્ચ ઈન્સ્ટિટ્યુશને આ શોધમાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. આજે દેશે રિસર્ચની દુનિયામાં ખૂબ ઐતિહાસિક પગલું ભર્યું છે. પાંચ વર્ષ પહેલાં જીનોમ ઈન્ડિયા પ્રોજેક્ટને મંજૂરી મળી હતી. આ દરમિયાન કોવિડના પડકાર છતાં આપણા વિજ્ઞાનીઓએ ખૂબ મહેનતથી પૂરો કર્યો છે. આ ડેટાબેસમાં દુનિયાનો અસાધારણ આનુવંશિક લેન્ડસ્કેપ આવરી લેવામાં આવ્યું છે.'

## સુપ્રીમ કોર્ટે સંભલ શાહી જામા મસ્જિદ નજીક આવેલા કૂવા પર હિન્દુ પુજાની મનાઈ ફરમાવી : યથાસ્થિતિનો આદેશ

**સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો છે કે, કૂવા અંગે તેની પરવાનગી વિના કોઈ પગલાં લેવામાં ન આવે અને અધિકારીઓને બે અઠવાડિયામાં સ્ટેટસ રિપોર્ટ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

સુપ્રીમ કોર્ટે શુક્રવારે સંભલની જામા મસ્જિદ વ્યવસ્થાપન સમિતિની અરજી પર નોટિસ જારી કરી છે અને મસ્જિદના પ્રવેશદ્વાર પાસે સ્થિત એક ખાનગી કૂવા અંગે યથાવત્ સ્થિતિ રાખવાનો આદેશ આપ્યો છે. મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્ના અને ન્યાયાધીશ સંજયકુમારની બેન્ચે નિર્દેશ આપ્યો છે કે, તેની પરવાનગી વિના કૂવા અંગે કોઈ પગલાં લેવામાં ન આવે અને અધિકારીઓને બે અઠવાડિયામાં સ્ટેટસ રિપોર્ટ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો છે. શાહી જામા મસ્જિદની મેનેજમેન્ટ કમિટી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં સંભલ સિનિયર ડિવિઝન સિવિલ જજ દ્વારા ૧૯ નવેમ્બર, ૨૦૨૪ના રોજ મસ્જિદનું સર્વેક્ષણ કરવા માટે એડવોકેટ કમિશનરની નિમણૂક કરવાની મંજૂરી આપવામાં આવેલા આદેશને પડકારવામાં આવ્યો હતો. એવી દલીલ કરવામાં આવી હતી કે, આ સર્વેક્ષણથી હિંસા થઈ હતી અને જાનહાનિ થઈ હતી, જેના



કારણે સર્વોચ્ચ અદાલતે તાત્કાલિક હસ્તક્ષેપ કરવો પડ્યો હતો. મેનેજમેન્ટ કમિટીનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ હુઝેફા અહમદીએ કૂવાના ઐતિહાસિક મહત્ત્વ પર ભાર મૂકતા કહ્યું હતું કે, અમે અનાદિ કાળથી આ કૂવામાંથી પાણી ખેંચી રહ્યા છીએ. અહમદીએ આ સ્થળને 'હરિ મંદિર' તરીકે ઉલ્લેખિત નોટિસ અને ત્યાં ધાર્મિક પ્રવૃત્તિઓ શરૂ કરવાની યોજના પર ચિંતા વ્યક્ત કરી હતી. CJIએ કહ્યું કે, આવી કોઈ પ્રવૃત્તિઓને મંજૂરી આપવામાં આવશે નહીં. કૃપા કરીને સ્ટેટસ રિપોર્ટ દાખલ કરો. બેન્ચે કહ્યું કે, કૂવા અંગે યથાસ્થિતિ જાળવી રાખવી જોઈએ અને તેનાથી સંબંધિત કોઈપણ નોટિસ લાગુ કરવામાં આવશે નહીં. હિન્દુ પક્ષનું પ્રતિનિધિત્વ કરતા એડવોકેટ વિષ્ણુ શંકર જૈને કહ્યું કે, આ કૂવો મસ્જિદના કાર્યક્ષેત્રની બહાર છે અને ઐતિહાસિક રીતે તેનો ઉપયોગ પૂજા માટે કરવામાં આવે છે. અહમદીએ જણાવ્યું હતું કે, કૂવો અંશતઃ મસ્જિદ પરિસરની અંદર અને અંશતઃ બહાર છે અને આ દાવાને સમર્થન આપવા માટે તેઓએ ગૂગલ નકશાની છબીનો ઉલ્લેખ કર્યો છે. મસ્જિદ સમિતિએ જણાવ્યું હતું કે, તેણે ચંદૌસી ખાતે સિવિલ જજ, સિનિયર ડિવિઝન, સંભલના ૧૯ નવેમ્બર, ૨૦૨૪ના આદેશ સામે એક કેસમાં અરજી દાખલ કરી છે. સ્થાનિક કોર્ટે શાહી જામા મસ્જિદનું સર્વેક્ષણ કરવા માટે એડવોકેટ કમિશનરની નિમણૂકની માંગ કરતી અરજીને મંજૂરી આપી હતી. મસ્જિદ સમિતિએ કહ્યું હતું કે, આ અરજી દાખલ કરવામાં આવી તે જ દિવસે સુનાવણી કર્યા વિના તેને મંજૂરી આપવામાં આવી હતી. બીજા સર્વેક્ષણ દરમિયાન હિંસા અને જાનહાનિ થઈ હતી.

## વકફની મિલકતો અંગે યોગીના ઉચ્ચારણો ગેરમાર્ગે દોરનારા અને ભૂલ ભરેલા : મહેમુદ મદની

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

દેશની નામાંકિત અને આગળ પડતી મુસ્લિમ સંસ્થા જમિયત ઉલમા એ હિન્દ દ્વારા યોગી આદિત્યનાથના વકફ મિલકતો અન્યના વિધાનોની સખત રીતે ટીકા કરવામાં આવી છે અને સંગઠને જણાવ્યું છે કે યુપીના મુખ્યમંત્રીએ જે ઉચ્ચારણો કર્યા છે એ ગેરમાર્ગે દોરનારા છે અને હકીકતોથી વિપરીત છે અને ભૂલભરેલા ખોટા છે. ગઈકાલે એક નિવેદનમાં સંસ્થાના વડા મૌલાના મહેમુદ મદનીએ



યોગી આદિત્યનાથના વકફ મિલકતો અંગેના વિધાનોની ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે મુખ્યમંત્રી ચોક્કસ સમુદાયને નિશાન બનાવવાના ઈરાદાપૂર્વકના પ્રયાસો કરીને એમની બંધારણીય ફરજો મુજબ કામ કરી રહ્યા નથી અને એમની ફરજોનું અવમૂલ્યન કરી રહ્યા છે. મૌલાના મદનીએ નિવેદનમાં સ્પષ્ટતા કરી હતી કે વકફની આ તમામ મિલકતો ઈસ્લામી સામાજિક કલ્યાણનો એક અવિભાજિત ભાગ છે જેનાથી મસ્જિદોનું નિર્માણ થાય છે અને શાળાઓ તથા હોસ્પિટલો બને છે અને યતીમખાના બનાવવામાં આવે છે. જેનાથી નબળા અને વંચિત વર્ગોને ફાયદો થાય છે અને એમને સહાય મળે છે. તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે વકફના બોર્ડ વકફ કાયદા ૧૯૫૪ મુજબ સંચાલિત થાય છે અને રાજ્યોની નિગેહબાની હેઠળ તેનું સંચાલન થાય છે જ્યારે સેન્ટ્રલ વકફ કાઉન્સિલ દ્વારા રાષ્ટ્રીય બાબતોનું ધ્યાન રાખવામાં આવે છે અને આ પ્રકારનું જે કાનૂની માળખું છે તેનાથી એ સુનિશ્ચિત થાય છે કે કાયદા મુજબ આવી તમામ મિલકતોનું સંચાલન થાય વહીવટ થાય અને તેનું રક્ષણ કરવામાં આવે. બુધવારે મહાકુંભ મહાસંમેલનમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે વકફ બોર્ડને ભૂમાફિયાની ઉપમા આપતું વિધાન કર્યું હતું અને મુખ્યમંત્રીએ આગળ એવું કહ્યું હતું કે વકફના નામે આવી જે જમીનો કે જગ્યાઓ પડાવી લેવામાં આવી હશે તેને રાજ્ય પાછી લઈ લેશે. કુંભમેળા વિસ્તાર જેવી જગ્યાઓમાં અને પ્રદેશોમાં વકફની મિલકતોની કાયદેસરતા અંગે પણ સવાલો ઉઠાવ્યા હતા અને ભારપૂર્વક એવું કહ્યું હતું કે કુંભમેળાની પરંપરાગતો વકફની સ્થાપના થઈ તે પહેલાની છે એટલે કુંભમેળો જ્યાં થાય છે તે જગ્યા વખતની ભૂમિ હોય એ વાત વાજબી નથી. યુપીના મુખ્યમંત્રી તેનાથી આગળ વધીને એવો દાવો કર્યો કે આ પ્રકારની તમામ જેટલી જમીન ઉપર કબજો છે તે તમામની સર્વગ્રાહી સમીક્ષા થઈ શકે તે માટે જ સરકારે કાયદામાં સુધારો કર્યો છે. આવી વકફના હેતુઓના નામે આવી જેટલી જમીનો લઈ લેવાય છે તેની એક એક ઈંચ જમીન પાછી લઈ લેવા અને તેનો પ્રજા કલ્યાણના પ્રોજેક્ટ માટે જેમ કે આવાસ નિર્માણ, શિક્ષણ અને આરોગ્ય સારવાર, ગરીબોને આપવા માટે એ તમામ જમીનોનો ઉપયોગ કરવાની તેમણે પ્રતિજ્ઞા લીધી હતી. અધુરામાં પૂરું મુખ્યમંત્રી યોગી એ ધર્માંતરની પ્રવૃત્તિનો પણ ઉલ્લેખ કર્યો હતો અને ઘર વાપસીની પ્રક્રિયાનો પણ બચાવ કર્યો હતો અને સાથે એવી દલીલ ઉમેરી હતી કે જો પોતાના મૂળ ધર્મમાં કોઈ વ્યક્તિ કે લોકોનો સમૂહ પાછા ફરવા માંગતા હોય તો એમને આવકારવા જોઈએ એ હકીકતે તો ધાર્મિક જાગૃતિ છે અને પરંપરા સમાન છે.




## હવે અલીગઢની ઐતિહાસિક જામા મસ્જિદ, મંદિર હોવાનો દાવો કરતી અરજી કરવામાં આવી; મુસ્લિમોએ સુપ્રીમ કોર્ટના સ્ટે સાથે આ અરજી ફગાવી દેવાની વિનંતી કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

સંભલ, મથુરા, વારાણસી અને બદાયું પછી હવે ઉત્તરપ્રદેશના અલીગઢમાં ૩૦૦ વર્ષ જૂની મુસ્લિમ સ્થાપત્ય કૃતિ, ભારતના કોઈપણ ધાર્મિક માળખા કરતાં વધુ સોનાથી શણગારેલી પ્રતિષ્ઠિત જામા મસ્જિદ સામે એક અરજી દાખલ કરવામાં આવી છે. આ અરજી સુપ્રીમ કોર્ટના સ્ટે ઓર્ડર છતાં કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે નીચલી અદાલતોને ધાર્મિક સ્થળોની સ્થિતિ અંગે નવા આદેશો જારી કરવા, સર્વેક્ષણ કરવા અથવા કાર્યવાહી કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. મુસ્લિમ વિદ્વાનો, નેતાઓ અને મસ્જિદ સમિતિના સભ્યોએ ૧૮મી સદીના મુઘલ સ્થાપત્ય વારસાને લગતા આ દાવાઓને ફગાવી દીધા છે. તેઓએ સુપ્રીમ કોર્ટના સ્ટે ઓર્ડરને ટાંકીને નીચલી અદાલતોને આવી અરજીઓ પર વિચાર ન કરવા હાકલ કરી છે. પંડિત કેશવ દેવ ગૌતમ દ્વારા દાખલ કરવામાં આવેલી આ અરજી પર સિવિલ જજ ગજેન્દ્ર સિંહે ૧૫ ફેબ્રુઆરીના રોજ સુનાવણી નક્કી કરી છે, જેમાં તેમણે દાવો કર્યો છે કે, જામા મસ્જિદ હાલના બૌદ્ધ સ્તૂપ, જૈન મંદિર અને શિવ મંદિરની જગ્યા પર આવેલી છે. બે વર્ષ પહેલાં ગૌતમ દ્વારા દાખલ કરાયેલી RTIના જવાબમાં અલીગઢ નાગરિક સંસ્થા દ્વારા મસ્જિદના ઐતિહાસિક રેકોર્ડ પૂરા પાડવામાં નિષ્ફળતાને પગલે આ નિર્ણય લેવામાં આવ્યો છે. એડવોકેટ બિજેન્દ્ર પાલ ગુપ્તા દ્વારા દાખલ કરાયેલી તેમની અરજીમાં પંડિત કેશવ દેવ ગૌતમે દાવો કર્યો છે કે, જામા મસ્જિદની જગ્યાને મહેસૂલ વિભાગના દસ્તાવેજોમાં છેડછાડ કરીને મસ્જિદ તરીકે ખોટી રીતે રજૂ કરવામાં આવી હતી. તેમણે દલીલ કરી છે કે, મસ્જિદ બાલા-એ-કિલ્લા (ઉપરનો કિલ્લો)ની જગ્યા પર આવેલી છે, જે કથિત રીતે હિન્દુ શાસકો દ્વારા બનાવવામાં આવેલ એક માળખું છે, જેના પર ધાર્મિક અધિકારના આડમાં ગેરકાયદેસર કબજો કરનારાઓ દ્વારા અતિક્રમણ કરવામાં આવ્યું છે. ગૌતમે એવો પણ આરોપ લગાવ્યો છે કે, આ જમીનનો નફા માટે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, જેમાં મિલકત પર દુકાનો અને અનેક ઘરો પાસેથી ભાડું વસૂલવામાં આવી રહ્યું છે. તેઓ માંગ કરે છે કે, આ સ્થળને પવિત્ર સ્થળ તરીકે પુનઃ સ્થાપિત કરવામાં આવે અને સરકારી નિયંત્રણ હેઠળ તીર્થસ્થાનમાં રૂપાંતરિત કરવામાં આવે. ભ્રષ્ટાચાર વિરોધી સેનાના સ્વ-ઘોષિત રાષ્ટ્રીય વડા પંડિત કેશવ ગૌતમ પર અગાઉ પોલીસે જામા મસ્જિદના સર્વેક્ષણની માગણી કરવા બદલ કેસ દાખલ કર્યો હતો, જેમાં તેમણે દાવો કર્યો હતો કે, તે સરકારી જમીન પર બનેલી છે અને તેના કોઈ દસ્તાવેજો ઉપલબ્ધ નથી. મે ૨૦૨૨માં એસપી કુલદીપસિંહ ગુણવતે પુષ્ટિ આપી હતી કે, તેમની સામે સરકારી કામમાં દખલ અને ગેરવર્તણૂક બદલ એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. અગાઉ પણ ગૌતમે યુપીના મુખ્યમંત્રીને પત્ર લખીને આરોપ લગાવ્યો હતો કે, અલીગઢ મ્યુનિસિપલ કોર્પોરેશન અનુસાર મસ્જિદ સરકારી જમીન પર બનાવવામાં આવી હતી. પંડિત કેશવ ગૌતમ તાજેતરમાં વિવાદના કેન્દ્રમાં રહ્યા છે અને તેમની સામે અનેક કેસ નોંધાયા છે. વિવિધ મુદ્દાઓ પર આરટીઆઈ દાખલ કરવા માટે જાણીતા છે. તેમણે ૨૦૨૪ની સંસદીય ચૂંટણી પણ અલીગઢ બેઠક પરથી સ્વતંત્ર રીતે લડી હતી અને ભાજપના ઉમેદવાર સતીશકુમાર ગૌતમ સામે ચૂંટણી લડી હતી. 'ચપ્પલ'ને પોતાના ચૂંટણી પ્રતીક તરીકે ગૌતમે પોતાના ગળામાં સાત ચંપલની માળા પહેરીને પ્રચાર કર્યો હતો. જો કે, તેમને ફક્ત ૧૩૧૯ મત મળ્યા અને તેઓ ૮મા સ્થાને રહ્યા, જ્યારે ભાજપના ઉમેદવાર ૫,૦૧,૮૩૪ મતોથી જીત્યા હતા. જામા મસ્જિદના ઈમામ મુફ્તી મહમૂદે જણાવ્યું કે, તેઓ હાલમાં મક્કાની યાત્રા પર છે અને આ કેસ કે મસ્જિદની વિગતો પર ટિપ્પણી કરી શકતા નથી. જો કે, તેમણે પ્રાર્થના કરી કે આવા દુર્ભાવનાપૂર્ણ પ્રયાસો કરનારાઓ અસંમતિ ફેલાવવાના તેમના પ્રયાસોમાં સફળ ન થાય અને અલ્લાહ આ મસ્જિદનું રક્ષણ કરે. મસ્જિદ વ્યવસ્થાપન સમિતિના સભ્યએ પણ અરજદારના દાવાઓને પાયાવિહોણા ગણાવ્યા અને જણાવ્યું કે, તેમની પાસે તેમના હકદાર માલિકીને સાબિત કરતા તમામ કાનૂની દસ્તાવેજો છે. ઈન્ડિયા ટુમોરો સાથેની વાતચીતમાં ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ (AIMPLB)ના પ્રવક્તા ડૉ.SQR ઈલ્યાસે જણાવ્યું હતું કે, ધાર્મિક સ્થળો પર સુપ્રીમ કોર્ટના સ્ટે ઓર્ડર પછી નીચલી અદાલતોએ આવી અરજીઓ પર વિચાર કરવો જોઈએ નહીં અને શરૂઆતમાં જ તેમને સંપૂર્ણપણે નકારી કાઢવી જોઈએ. તેમણે આવા મામલાઓનો નિર્ણય લેવાને કોર્ટનો તિરસ્કાર ગણાવ્યો અને કહ્યું કે, અદાલતોએ કાયદાનું સમર્થન કરવું જોઈએ અને બંધારણીય ભાવના જાળવી રાખવી જોઈએ. ડૉ.ઈલ્યાસે ચેતવણી આપી હતી કે, આમ કરવામાં નિષ્ફળ જવાથી ન્યાયતંત્ર પરનો જનતાનો વિશ્વાસ ડગમગી જશે. મસ્જિદો અને મુસ્લિમ ધર્મસ્થાનોમાં મંદિરના ખંડેરો અથવા મૂર્તિઓ શોધવા માટે ડૉ.ઈલ્યાસે RSS વડા મોહન ભાગવતના નિવેદનમાં વિરોધાભાસ તરફ ધ્યાન દોરતા તેને 'ડબલ ગેમ' ગણાવી અને કહ્યું કે, તે લોકોની મજાક છે, કારણ કે, તેમના કેટલાક લોકો આ પ્રયાસો ચાલુ રાખે છે અને વહીવટ અને રાષ્ટ્રીય મીડિયા પણ તેમના દાવાઓને સમર્થન આપે છે. ડૉ.ઈલ્યાસે કહ્યું કે, આ બધુ બંધ થવું જોઈએ.

# લોસ એન્જલસમાં ચોથા દિવસે પણ આગ લાગી, ૧૦ લોકોનાં મોત, ૧૦,૦૦૦થી વધુ ઈમારતો નાશ પામી

(એજન્સી) તા.૧૦

અમેરિકાના કેલિફોર્નિયામાં દાવાનળે વિનાશ વેર્યો છે. લોસ એન્જલસમાં બુધવારથી શરૂ થયેલી આગ પર હજુ સુધી નિયંત્રણ મેળવી શકાયું નથી. સૌથી ધનાઢ્ય શહેરોમાંના એક લોસ એન્જલસના જંગલોમાં છ સ્થળો પર ૪૦,૦૦૦ એકરમાં લાગેલી આગને કારણે ૧૦ લોકોનાં મોત થયા છે. આ દુર્ઘટનાથી અમેરિકાને ૫૭૦૦ કરોડ ડૉલર અંદાજે ૫.૧૫ લાખ કરોડનું નુકસાન થવાનું અનુમાન છે. ૧૦,૦૦૦થી વધુ ઈમારતોને નુકસાન થયું છે. જેમાંથી મોટાભાગની બળીને રાખ થઈ ગઈ છે. અમેરિકાના અધિકારીઓનું કહેવું છે કે, લોસ એન્જલસમાં લાગેલી ભીષણ આગમાં ઓછામાં ઓછા ૧૦ લોકોનાં મોત થયા છે અને હજારો ઈમારતો નાશ પામી છે. સૂકા પવનોને કારણે ઝડપથી ફેલાતી જ્વાળાઓ ઘરો અને વ્યવસાયોને ઘેરી લે છે, જેના કારણે હજારો લોકોને ધુમાડાથી ભરેલી ખીણો અને સેલિબ્રિટી ઘરોથી ભરેલા પડોશમાંથી ભાગી જવાની ફરજ પડી છે. લોસ એન્જલસ કાઉન્ટીના તબીબી પરીક્ષકે શુક્રવારે જણાવ્યું હતું કે, મૃત્યુઆંક વધીને દસ થઈ ગયો છે. લોસ એન્જલસ વિસ્તારમાં ચાર મોટી, સક્રિય જંગલી આગમાંથી એક, ઈટન ફાયરમાં પાંચ પીડિતો માર્યા ગયા હતા. અધિકારીઓને ડર છે કે, બચાવ અને પુનઃપ્રાપ્તિ પ્રયાસો ચાલુ હોવાથી સંખ્યા વધી શકે છે. પેસિફિક પેલિસેડ્સ આગમાં મુખ્યત્વે રહેણાંક વિસ્તારનો નાશ થયો હતો, જે ૨૦૦ એકર સુધી ફેલાયેલો હતો અને ફરજિયાત સ્થળાંતરની જરૂર પડી હતી. ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર તે ઝડપથી ફેલાઈ રહ્યું હતું, ભારે પવન અને સૂકા ફાયર હાઈડ્રેન્ટ્સને કારણે અગ્નિશામકોને તેને કાબૂમાં લેવામાં મુશ્કેલી પડી રહી હતી. કેલિફોર્નિયાના લોસ એન્જલસમાં લાગેલી આગ પર કાબૂ મેળવવા માટે ફાયર બ્રિગેડની ટીમ કામ કરી રહી છે. ૭૫૦૦થી વધુ કર્મચારી આગને કાબૂમાં લેવાનો પ્રયાસ કરી રહ્યાં છે. બે લાખ લોકોને ચેતવણી આપવામાં આવી છે કે, તે પોતાના ઘર ખાલી કરી દે. પોલીસનું કહેવું છે કે, આ ઘટનામાં ૧૦ લોકોનાં મોત થયા છે. લોસ એન્જલસ કાઉન્ટીના શેરિફ રોબર્ટ લૂનાએ કહ્યું કે, મૃતકોની સંખ્યા વધવાની આશંકા છે. આગને કાબૂમાં લેવા માટે હેલિકોપ્ટર અને વિમાનથી પણ આગને કાબૂમાં લેવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે પરંતુ આગ કાબૂમાં આવી નથી. હવાઓની દિશા બદલાવાને કારણે વારંવાર આગ વધી રહી છે અને દરેક તરફ ફેલાઈ રહી છે. હોલીવૂડ હિલ્સ પણ આગની જ્વાળાઓથી ઘેરાઈ ગઈ હતી. આ આગમાં ૧૦,૦૦૦થી વધુ ઈમારતો ખાખ થઈ ગઈ છે અને ૨૮,૦૦૦થી વધુ ઘરોને નુકસાન પહોંચ્યું છે. આ સિવાય આ વિસ્તારમાં હોસ્પિટલો અને એક ડઝનથી વધુ સ્કૂલો પણ આગની ઝપેટમાં આવી ગઈ હતી. જે જાણીતી હસ્તીઓએ આ આગમાં પોતાનું ઘર ગુમાવવું પડ્યું છે તેમાં કેટલાક દિવસ પહેલા જ ગોલ્ડન ગ્લોબ એવોર્ડમાં સામેલ થનારા લીટર મેસ્ટર અને એડમ બ્રોડી સિવાય પેરિસ હિલ્ટન પણ સામેલ છે.

# લોસ એન્જલસ વિસ્તારમાં નવી આગને કારણે વધુ લોકોનું સ્થળાંતર

(એજન્સી) તા.૧૦

કેલિફોર્નિયાના જંગલોમાં લાગી રહેલી આગથી લોસ એન્જલસ અને તેની આસપાસના વિસ્તારોનો મોટો ભાગ પ્રભાવિત થયો છે. આગમાં ૧૦,૦૦૦ દુકાનો અને ઘરો બળીને રાખ થઈ ગયા. આગમાં ૧૦ લોકો માર્યા ગયા અને ૧૮૦,૦૦૦થી વધુ લોકો બેઘર થયા.

ફાયર બ્રિગેડની ટીમ આગ પર કાબુ મેળવવાનો પ્રયાસ કરી રહી છે. ગુરુવારે સાંજે નવી આગ લાગી હતી, જેના કારણે આગામી દિવસોમાં કટોકટી વધુ વકરી શકે તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

પેસિફિક પેલિસેડ્સ આગ, જેણે ૧૯૦૦૦ એકરથી વધુ વિસ્તારને બાળી નાખ્યો છે, તે લોસ એન્જલસના ઈતિહાસમાં સૌથી વિનાશક જંગલી આગમાંની એક છે. આ વિસ્તારના ડઝનબંધ બ્લોક ધૂમાડાના કાટમાળમાં ફેરવાઈ ગયા હતા. ૫ ચર્ચ, ૭ શાળાઓ, ૨ પુસ્તકાલયો, બુટિક, બાર, રેસ્ટોરન્ટ, બેંકો અને કરિયાણાનો સામાન નાશ પામ્યો. ૧૯૨૦ના દાયકામાં બંધાયેલા વિલ રોજર્સ વેસ્ટર્ન રેન્ચ હાઉસ અને ટોપાંગા રેન્ચ મોટેલ પણ બળીને રાખ થઈ ગયા. આ આગથી થયેલા નુકસાનનો અંદાજ સરકાર હજુ સુધી લગાવી શકી નથી. હવામાન અને તેની અસરો પર ડેટા પ્રદાન કરતી ખાનગી કંપની AccuWeatherએ ગુરૂવારે નુકસાન અને આર્થિક નુકસાનનો અંદાજ વધારીને રૂા.૧૩૫-૧૫૦ બિલિયન કર્યો. ઘણી ઐતિહાસિક ઈમારતો અને ઘરો હવે ભંગારમાં ફેરવાઈ ગયા છે. પાસાડેના નજીક ઈટન ફાયર નામની બીજી મોટી આગમાં ૫,૦૦૦થી વધુ ઈમારતો બળીને રાખ થઈ ગઈ છે. લોસ એન્જલસના મેયર કરેન બાસે અગાઉ ચેતવણી આપી હતી કે ભારે પવન આગને વધુ ભડકાવી શકે છે અને તેને કાબુમાં લેવાનું વધુ મુશ્કેલ બનાવી શકે છે. અત્યાર સુધીમાં, આ ઘટનામાં ૧૦ લોકોનાં મોત થયા છે, જેમાંથી પાંચ લોકો ઈટન આગમાં અને બાકીના લોકો સમગ્ર પ્રદેશમાં લાગેલી આગમાં મૃત્યુ પામ્યા છે. ભારે ધુમાડાને કારણે શુક્રવારે શહેરની શાળાઓ બંધ રહેશે. અમેરિકાના બીજા ક્રમના સૌથી મોટા લોસ એન્જલસ યુનિફાઈડ સ્કૂલ ડિસ્ટ્રિક્ટે જાહેરાત કરી છે કે પરિસ્થિતિઓમાં સુધારો થશે ત્યારે જ શાળાઓ અને કોલેજો ફરી ખુલશે.

# મહાકુંભ વકફ જમીન પર યોજાઈ રહ્યો છે એવા દાવાઓ પછી યોગી આદિત્યનાથે ચેતવણી આપી

**એક મૌલવીએ એવો દાવો કર્યો હતો કે, પ્રયાગરાજમાં મહાકુંભ વકફ જમીન પર યોજાઈ રહ્યો છે તે પછી આજતકના એક કાર્યક્રમમાં યોગી આદિત્યનાથની આકરી ટિપ્પણી કરવામાં આવી છે**

(એજન્સી) તા.૧૦

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે વકફ બોર્ડને ચેતવણી આપતા કહ્યું છે કે જમીન પર દાવો કરવાના ઈરાદાથી મહાકુંભમાં આવનારાઓને કાર્યવાહીનો સામનો કરવો પડશે, જે દંડાત્મક કાર્યવાહીનો સંકેત આપે છે. આજતકના એક કાર્યક્રમમાં આદિત્યનાથની આ ટિપ્પણી, એક મૌલવીએ પ્રયાગરાજમાં મહાકુંભ વકફ જમીન પર યોજાવાનો દાવો કર્યાના થોડા દિવસો પછી આવી છે.

વિશ્વના સૌથી મોટા ધાર્મિક મંડળમાં મુસ્લિમોના પ્રવેશ અંગે આદિત્યનાથે કહ્યું કે જે લોકો ભારત અને તેની સંસ્કૃતિ પ્રત્યે આદર ધરાવે છે તેમનું પ્રયાગરાજમાં સ્વાગત છે. જો કે, તેમણે ચેતવણી આપી હતી કે જે લોકો દુષ્ટ માનસિકતા સાથે આવે છે તેમને કાર્યવાહીનો સામનો કરવો પડશે. આ કઠોર ટિપ્પણીમાં, ઉગ્ર હિન્દુત્વ નેતાએ કહ્યું કે, જે કોઈ પણ ભારતીય પરંપરાઓનું સન્માન કરે છે તો તેનું સ્વાગત છે. ઘણા લોકોના પૂર્વજો ભૂતકાળમાં દબાણ હેઠળ ઈસ્લામ ધર્મ સ્વીકારતા હતા, છતાં તેઓ હજુ પણ ભારતીય પરંપરાઓમાં ગર્વ અનુભવે છે. જો આવા લોકો, પરંપરાઓનું પાલન કરીને, ગંગામાં ડૂબકી લગાવવા આવે છે, તો કોઈ સમસ્યા નથી. પરંતુ જો કોઈ જમીન પર દાવો કરવાના ઈરાદાથી આવે છે, તો તેમને પરિણામોનો સામનો કરવો પડી શકે છે. તેમણે જણાવ્યું હતું કે કોઈ સાથે કોઈપણ પ્રકારનો ભેદભાવ નહીં થાય કારણ કે ભારતભરના લાખો શ્રદ્ધાળુઓ ૧૨ વર્ષના અંતરાલ પછી યોજાતા મહાકુંભમાં ભાગ લેવા માટે આવે છે. વકફ બોર્ડ પર હક્ક હોય તેવા પ્રહારો કરતા, આદિત્યનાથે જણાવ્યું હતું કે ઉત્તર પ્રદેશ સરકાર વકફના બહાને કબજે કરાયેલી દરેક ઈંચ જમીન પાછી મેળવશે. કુંભ હજારો વર્ષોથી ભારતના વારસાનું પ્રતીક રહ્યું છે અને હંમેશા અહીં યોજાય છે. તે વકફ બોર્ડ નહીં પરંતુ જમીન માફિયાઓનું બોર્ડ છે. તેમણે એમ પણ કહ્યું કે કાયદામાં સુધારા કરવામાં આવ્યા છે અને રાજ્ય આવી બધી કબજે કરેલી જમીનની તપાસ કરી રહ્યું છે. જ્યાં પણ 'વકફ' શબ્દ દેખાય છે, ત્યાં તપાસ કરવામાં આવશે કે જમીન મૂળ કોના નામે નોંધાયેલી હતી, અને તેને તેના હકદાર માલિકોને પરત કરવાના પ્રયાસો કરવામાં આવશે. સંસદીય પેનલ ગયા વર્ષે કેન્દ્ર દ્વારા રજૂ કરાયેલા વકફ બિલમાં સુધારાઓની ચર્ચા કરી રહી છે. આ બિલનો હેતુ વકફ મિલકતોની નોંધણીની પદ્ધતિને સુવ્યવસ્થિત કરવાનો છે.

મહારાષ્ટ્ર ચૂંટણી દરમિયાન તેમની વિવાદાસ્પદ "બટેંગે તો કટેંગે (જો વિભાજીત થયા તો આપણને નુકસાન થશે)" એ ટિપ્પણી પર બોલતા, આદિત્યનાથે એવા આરોપોને ફગાવી દીધા કે તે મતદારોનું ધ્રુવીકરણ કરવાનો પ્રયાસ હતો. હિંદુ ધ્રુવીકરણ જેવી કોઈ વસ્તુ નથી. તે ભારતના ઈતિહાસ વિશે છે. જો તમે ઈતિહાસ પર એક નજર નાખો, તો તમે જોશો કે વિભાજન દુઃખ તરફ દોરી ગયું છે. જો આપણે આપણી ભૂતકાળની ભૂલોમાંથી શીખીશું, તો એવી પરિસ્થિતિ ફરી ક્યારેય ઊભી થશે નહીં જ્યાં આપણે ગુલામીની સાંકળોમાં જકડાયેલા હતા અને આ નારાનો હેતુ આવા મુદ્દાઓને સંબોધવાનો હતો.

# વિઝા લંબાવવાના અહેવાલો વચ્ચે બાંગ્લાદેશે ભારતને શેખ હસીનાનો પાસપોર્ટ રદ કરવા વિનંતી કરી

(એજન્સી) તા.૧૦

બાંગ્લાદેશની વચગાળાની સરકારે ભારતને વિઝા લંબાવવાના અહેવાલો વચ્ચે પદભ્રષ્ટ વડાપ્રધાનનો પાસપોર્ટ રદ કરવા વિનંતી કરી છે. આવામી લીગના નેતા ઢાકાથી ભાગી ગત ઓગસ્ટથી ભારતમાં છે. વ્યાપક વિરોધને કારણે તેમની સરકાર પડી ભાંગી. અહેવાલો અનુસાર, તે ભારતમાં રહેઠાણ પરમિટ હેઠળ રહે છે. બાંગ્લાદેશ સરકારે અગાઉ પુષ્ટિ કરી હતી કે તેણે હસીન અને અન્ય ૯૬ લોકોના પાસપોર્ટ રદ કર્યા છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, તેમાંથી ૨૨ ગુમ થયેલા કેસ બળજબરીથી ગુમ થવા સાથે જોડાયેલા હતા અને ૭૫ કેસ જુલાઈમાં થયેલી હિંસા સાથે જોડાયેલા હતા. ઈન્ટરનેશનલ ક્રાઈમ્સ ટ્રિબ્યુનલ (ICT)એ પૂર્વ પીએમ અને અન્ય ૧૧ લોકો સામે ધરપકડ વોરંટ જારી કર્યું. અહેવાલ મુજબ, વિદેશ મંત્રાલયના પ્રવક્તા મોહમ્મદ રફીકુલ આલમે કહ્યું : 'જો પાસપોર્ટ રદ કરવામાં આવે તો વિઝા આપવામાં આવે છે, વિઝા મુદ્દો નથી' લાંબા સમય સુધી અસ્તિત્વમાં છે. તેમણે વધુમાં કહ્યું કે વિશ્વભરના બાંગ્લાદેશ રાજદ્વારી મિશનોને નોટિસ મોકલવામાં આવી છે. આ અઠવાડિયાની શરૂઆતમાં ભારતે 'ટેક્નિકલ' આધાર પર શેખ હસીનાના વિઝા લંબાવ્યા હોવાના અહેવાલ છે. ભારતના પૂર્વ એડિશનલ સોલિસિટર જનરલ વિકાસ સિંહે બધા 'આશ્રય' દાવાઓને ફગાવી દીધા. તેમણે જણાવ્યું હતું કે રાજકીય ગુના માટે કોઈ વ્યક્તિને પ્રત્યાર્પણ કરી શકાતું નથી અને નવી દિલ્હી 'રાજકીય ગુનાના આરોપી વ્યક્તિઓને પ્રત્યાર્પણ કરી શકતું નથી'. 'બાંગ્લાદેશ માટે આંતરરાષ્ટ્રીય ગુનાહિત ટ્રિબ્યુનલ એ બાંગ્લાદેશના સ્થાનિક કાયદાના આધારે બાંગ્લાદેશમાં સ્થાપિત એક ટ્રિબ્યુનલ છે જ્યાં તેઓ ચોક્કસ આંતરરાષ્ટ્રીય ગુનાઓને માન્યતા આપે છે અને આ ધરપકડ વોરંટ બાંગ્લાદેશની સ્થાનિક અદાલત દ્વારા જારી કરવામાં આવ્યું છે. ધરપકડને અસર કરવા માટે વોરંટ, ભારત પાકિસ્તાન તરફથી પ્રત્યાર્પણ થવું જોઈએ. આ વોરંટ ભારત તરફથી પ્રત્યાર્પણ પછી જ અસરકારક થઈ શકે છે.

# ડોલર સામે રૂપિયો સતત ઘટી રહ્યો છે, ૮૫.૯૨ના રેકોર્ડ નીચા સ્તરે પહોંચ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

૯ જાન્યુઆરી, ગુરૂવારની સવારે રૂપિયો સતત ત્રીજા સત્રમાં યુએસ ડોલર સામે ૮૫.૯૨ની રેકોર્ડ નીચી સપાટીએ પહોંચ્યો હતો, જેમાં સતત ઘટાડો જોવા મળ્યો હતો. પ્રેસ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાએ અહેવાલ આપ્યો હતો કે, ૮ જાન્યુઆરી, બુધવારના રોજ, ડોલર સામે રૂપિયો ૧૭ પૈસા ઘટીને ૮૫.૯૧ રૂપિયાના રેકોર્ડ નીચા સ્તરે બંધ થયો હતો. તાજેતરના મહિનાઓમાં રૂપિયો સતત ઘટતો રહ્યો છે અને ધીમે ધીમે ડોલર સામે ૮૬ રૂપિયા તરફ આગળ વધી રહ્યો છે. બે મહિના પહેલા, નવેમ્બર ૨૦૨૪ સુધીમાં, રૂપિયો પહેલાથી જ ઘટીને ૮૪.૫૦ રૂપિયા થઈ ગયો હતો. ૯ જાન્યુઆરીના રોજ, ફેડરલ રિઝર્વ દ્વારા વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થાની સારી વૃદ્ધિની સંભાવનાઓ પર વ્યાજ દરમાં વિલંબ થવાની અપેક્ષાઓ વચ્ચે ૧૦ વર્ષના યુએસ બોન્ડ યીલ્ડ પણ ૪.૬૬ ટકાના સ્તરે ઉંચા રહ્યા. ડોલર ઈન્ડેક્સ પણ ૧૦૮.૮૦ પર ઉંચા રહ્યા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની ભાજપ સરકારના કાર્યકાળમાં રૂપિયો સતત ગગડી રહ્યો છે, ત્યારે પૂર્વ વડા પ્રધાન સ્વ. મનમોહન સિંહના કાર્યકાળ દરમિયાન રૂપિયો ઘટ્યો ત્યારે મોદીએ શું કહ્યું હતું તે નોંધવું રસપ્રદ છે. રૂપિયો હોસ્પિટલમાં છે અને ICUમાં દાખલ છે, મોદીએ ૨૦૧૩માં એક કાર્યક્રમમાં કહ્યું હતું. ૨૦ ઓગસ્ટ, ૨૦૧૩ના રોજ, જ્યારે રૂપિયો તે સમયના રેકોર્ડ નીચા સ્તરે પહોંચ્યો હતો, ત્યારે મોદીએ કહ્યું હતું કે, છેલ્લાં ત્રણ મહિનામાં, રૂપિયો જે ગતિએ ઘટી રહ્યો છે તે છતાં પણ સરકાર કંઈ કરી રહી નથી. એકવાર રૂપિયો ઘટતો રહે છે, ત્યારે વિશ્વ શક્તિઓ તેનો સંપૂર્ણ લાભ લે છે, સરકાર તેને રોકવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગઈ છે.

# પુણેમાં નાણાંકીય વિવાદ પર પાર્કિંગમાં એક મહિલાના સાથીદારે તેની પર છરી વડે હુમલો કર્યો

(એજન્સી) મુંબઈ, તા.૧૦

પુણેના યરવડા વિસ્તારમાં એક બહુરાષ્ટ્રીય કંપનીના કોલ સેન્ટરમાં કામ કરતી ૨૮ વર્ષીય મહિલા શુભદા શકર કાદર પર ઓફિસ પાર્કિંગમાં તેના સાથીદાર દ્વારા છરીના અનેક ઘા મારવામાં આવ્યા બાદ તેનું મૃત્યુ નીપજ્યું હતું. આ દુઃખદ ઘટના મંગળવારની સાંજે બની હતી અને તે નાણાંકીય વિવાદનું પરિણામ હોવાનું કહેવાય છે. ૩૦ વર્ષીય આરોપી, કૃષ્ણ સત્યનારાયણ કનોજા, મહિલાનો સામનો સાંજે ૬:૩૦ વાગ્યે ઘરે જતી વખતે કર્યો હતો. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, બંને વચ્ચે અગાઉ પણ ઝઘડો થઈ ચૂક્યો હતો. ઘટનાસ્થળના સીસીટીવી ફૂટેજમાં કનોજા રસોડાના છરી લહેરાવીને મહિલા પર હુમલો કરતી જોવા મળે છે, જે જમીન પર પીડામાં પડેલી જોઈ શકાય છે. પોતાનો બચાવ કરવાના પ્રયાસો છતાં, કનોજાએ તેના જમણા કોણી પર પણ અનેક વાર છરી મારવાનું ચાલુ રાખ્યું. મહિલાને ગંભીર હાલતમાં નજીકની ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી, જ્યાં તેને વધુ પડતું લોહી વહી ગયું હતું. જોકે, બચાવવાના પ્રયાસો છતાં, તેનું સારવાર દરમિયાન મૃત્યુ થયું. પોલીસ અધિકારીઓએ પુષ્ટિ આપી છે કે આ હુમલો બે સાથીદારો વચ્ચેના નાણાંકીય મતભેદને કારણે થયો હતો. કનોજાની ધરપકડ કરવામાં આવી છે અને ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૩ (૧) હેઠળ હત્યાનો આરોપ મૂકવામાં આવ્યો છે.

# અબ્બાસ અન્સારી જમીન વિવાદ: સુપ્રીમ કોર્ટે જમીન પર યથાવત્ સ્થિતિ જાળવી રાખવાનો આદેશ આપ્યો અને અલ્હાબાદ હાઈકોર્ટને અરજીની ઝડપથી સુનાવણી કરવાનો નિર્દેશ આપ્યો

**કોર્ટે આ વિવાદિત જમીન પર પીએમ આવાસ યોજના હેઠળ થઈ રહેલા બાંધકામ પર યથાસ્થિતિ જાળવવાનો આદેશ આપ્યો છે**

(એજન્સી) તા.૧૦

સુપ્રીમ કોર્ટે લખનૌના જિયામાઉમાં એક વિવાદિત સ્થળ પર પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આવાસ એકમોના બાંધકામ પર યથાસ્થિતિનો આદેશ આપ્યો છે, જેની માલિકી માટે સ્વર્ગસ્થ ગેંગસ્ટરમાંથી રાજકારણી બનેલા મુખ્તાર અંસારીના પુત્રો દ્વારા દાવો કરવામાં આવે છે. ૨૦૨૦માં, લખનૌ વિકાસ સત્તામંડળે અંસારી અને તેમના પુત્રો, જેમાં અબ્બાસ અંસારીનો સમાવેશ થાય છે, તેમનો બંગલો તોડી પાડ્યો હતો. સરકાર પીએમ આવાસ યોજના હેઠળ આ જમીન પર ફ્લેટ બનાવવાની યોજના ધરાવે છે. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ સૂર્યકાંત અને એન. કોટીશ્વર સિંહની બેન્ચે અબ્બાસ અંસારી તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલની રજૂઆતની નોંધ લીધી હતી, જેમાં તેમણે જણાવ્યું હતું કે આ જમીનના કબજા અંગેની અરજી અલ્હાબાદ હાઈકોર્ટની ડિવિઝન બેન્ચ સમક્ષ વારંવાર રજૂ કરવામાં આવી હતી, પરંતુ કોઈ વચગાળાનો સ્ટે આપવામાં આવ્યો ન હતો. ગયા વર્ષે ૨૧ ઓક્ટોબરે, સર્વોચ્ચ અદાલતે હાઈકોર્ટને સુનાવણી માટે વચગાળાના સ્ટે માટેની અરજી પર શક્ય તેટલી વહેલી તકે સુનાવણી કરવા કહ્યું હતું. ગુરૂવારે જ્યારે આ કેસ સુપ્રીમ કોર્ટમાં સુનાવણી માટે આવ્યો, ત્યારે સિબ્બલે બેન્ચને જાણ કરી હતી કે કોર્ટના આદેશ છતાં, આ કેસ સુનાવણી માટે લેવામાં આવ્યો નથી. કેટલીક હાઈકોર્ટમાં શું થશે તેની અમને ખબર નથી. અલ્હાબાદ હાઈકોર્ટ એવી હાઈકોર્ટ છે જેના વિશે ચિંતા થવી જોઈએ. આ બાંધકામ પર યથાસ્થિતિનો આદેશ આપતી વખતે, સર્વોચ્ચ અદાલતની બેન્ચે હાઈકોર્ટને આ મામલાની ઝડપથી સુનાવણી કરવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટે કહ્યું કે, અમે નોટિસ જારી કરી નથી અને હાઈકોર્ટની રજિસ્ટ્રી પાસેથી કોઈ રિપોર્ટ પણ મેળવ્યો નથી, તેથી અમે એ અંગે કોઈ અભિપ્રાય વ્યક્ત કરતા નથી કે અરજદારની રિટ પિટિશન કયા સંજોગોમાં બેન્ચ દ્વારા સુનાવણી માટે લઈ શકાઈ ન હતી, જો કે તે સમયાંતરે સૂચિબદ્ધ કરવામાં આવી હતી. તેમાં કહેવામાં આવ્યું છે કે અરજદારોએ ખાસ જણાવ્યું છે કે અધિકારીઓએ લખનૌના ગામ જિયામાઉમાં સ્થિત પ્લોટ નંબર ૯૩ પર બાંધકામ શરૂ કર્યું છે, જેનો તેઓ તેમની માલિકી હેઠળ હોવાનો દાવો કરે છે. જો તૃતીય પક્ષના અધિકારો હોય તો તેનાથી અરજદારોને નુકસાન થવાની સંભાવના છે. કોર્ટે અવલોકન કર્યું કે, અમે આ અરજીનો નિકાલ અધિકારીઓ તેમજ અરજદારોને હાઈકોર્ટ દ્વારા મામલાની સુનાવણી થાય ત્યાં સુધી સ્થળ પર યથાસ્થિતિ જાળવવાના નિર્દેશ સાથે કરીએ છીએ. અબ્બાસ અન્સારીના જણાવ્યા મુજબ, તેમના દાદાએ જિયામાઉમાં એક પ્લોટમાં હિસ્સો ખરીદ્યો હતો અને આ દસ્તાવેજ ૯ માર્ચ, ૨૦૦૪ના રોજ રજીસ્ટર થયો હતો. આ મિલકત તેમણે કથિત રીતે તેમની પત્ની રાબિયા બેગમને ભેટમાં આપી હતી, જેમણે ૨૮ જૂન, ૨૦૧૭ના રોજ રજિસ્ટર્ડ વસિયતનામા દ્વારા અરજદાર અને તેમના ભાઈને વસિયતમાં આપી હતી. આ અરજીમાં કહેવામાં આવ્યું છે કે સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, ડાલીબાગ, લખનૌએ ૧૪ ઓગસ્ટ, ૨૦૨૦ના રોજ એક તરફી (તેમની ગેરહાજરીમાં) આદેશ પસાર કર્યો હતો, જેમાં પ્લોટને સરકારી મિલકત જાહેર કરવામાં આવી હતી. ત્યારબાદ અબ્બાસ અન્સારીએ ૨૦૨૩માં અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ બેન્ચ સમક્ષ અરજી દાખલ કરી હતી. પ્લોટના કેટલાક અન્ય સહ-માલિકો, જેઓ SDMના આ આદેશથી પ્રભાવિત થયા હતા, તેમણે પણ હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો અને આ કેસ ડિવિઝન બેન્ચ સમક્ષ સૂચિબદ્ધ કરવામાં આવ્યો હતો. ૮ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ જ્યારે અબ્બાસ અંસારીની રિટ પિટિશન સિંગલ જજ સમક્ષ સુનાવણી માટે આવી, ત્યારે તેમણે તેને અન્ય બાબતો સાથે સૂચિબદ્ધ કરવાનો આદેશ આપ્યો જેથી વિરોધાભાસી આદેશો ટાળી શકાય.

# મેરઠમાં પાંચ લોકોના પરિવારનો ખાતમો બોલાયો, બાળકનો મૃતદેહ બેડના બોક્સમાં મૂકી દીધો

(એજન્સી) તા.૧૦

ઉત્તરપ્રદેશના મેરઠમાં એક જ પરિવારના ૫ લોકોની હત્યા કરવામાં આવી હતી. પતિ-પત્નીના મૃતદેહ ઘરની અંદર ચાદરમાં વીંટાળેલા મળી આવ્યા હતા. જ્યારે તેની ત્રણ દીકરીઓને મારીને કોથળામાં ભરીને પછી બેડ બોક્સમાં સંતાડી દેવામાં આવી હતી. બધાના માથા પર ઊંડા ઘા છે. ગળા પર તીક્ષ્ણ હથિયારનાં નિશાન પણ મળી આવ્યાં હતાં. ઘરનો દરવાજો બહારથી બંધ હતો. સવારથી સંબંધીઓ અને ભાઈઓ ફોન કરી રહ્યા હતા, પરંતુ કોલનો જવાબ આવતો ન હતો. પાડોશીઓએ પણ એક દિવસ સુધી પરિવારને જોયો ન હતો. આ સમગ્ર મામલો મેરઠના લીસાડી ગેટ વિસ્તારના સોહેલ ગાર્ડનનો છે. મૃત્યુ પામેલાઓમાં પતિ મોઈન, પત્ની અસ્મા અને ૩ પુત્રીઓ-અફસા (૮), અઝીઝા (૪) અને અદીબા (૧)નો સમાવેશ થાય છે. મોઈન મિકેનિકનું કામ કરતો હતો. અસ્મા તેની ત્રીજી પત્ની હતી. પોલીસ અને ફોરેન્સિક ટીમે ઘરની તપાસ કરી હતી. એડીજી ડીકે ઠાકુર અને ડીઆઈજી કલાનિધિ નૈથાની પણ પહોંચ્યા હતા. પ્રાથમિક તપાસમાં મોઈનના ભાઈ પર હત્યાની આશંકા છે. પોલીસે તેની અટકાયત કરી છે. એક ઝોલાછાપ ડોક્ટર પણ રડાર પર છે. ઉલ્લેખનીય છે કે, એક ઓરડો, એક પલંગ અને જમીન પર મૃતદેહો મોઈન ભાડાના મકાનમાં રહેતો હતો. ઘરની દીવાલો પર પ્લાસ્ટર પણ નહોતું. આ ઘર ૭૦ ચોરસ યાર્ડમાં બનેલું છે. દરવાજો તોડીને ભાઈ અંદર પહોંચ્યો. કપડાં અને સામાન જમીન પર વેરવિખેર પડ્યો હતો. દરવાજાની બરાબર સામે એક ઓરડો હતો, નજીકમાં નાનું રસોડું હતું. પલંગની નજીકના રૂમમાં જમીન પર મોઈન અને તેની પત્નીના મૃતદેહ પડ્યા હતા, જે ચાદરમાં હતા. તેઓનું ગળું તીક્ષ્ણ હથિયારોથી ચીરી નાખ્યું હતું. જમીન પર લોહી ફેલાઈ ગયું હતું. ઓરડામાં કોઈ ગંધ ન હતી. આવી સ્થિતિમાં કથિત હત્યા થયાને બહુ સમય વીતી ગયો નહીં હોય. પથારીમાં વસ્તુઓ રાખવા માટે બોક્સ બનાવ્યાં હતાં. તે પણ એક બાજુથી ખુલ્લાં હતાં. છોકરીઓના મૃતદેહ પથારીની અંદર રાખ્યા હતા. આ મૃતદેહો કોથળાઓમાં હતા. અંદર લોહી પણ ફેલાયું હતું.

# ૩ મહિનામાં વારાણસીમાં વધુ એક મહિલા શ્રદ્ધાળુ કાશી વિશ્વનાથ મંદિરના 'અર્ઘ'માં પડી

**આ મંદિરમાં કોઈ એકલદોકલ ઘટના નથી. ગયા વર્ષે ઓક્ટોબરમાં આવી જ ઘટના સામે આવી હતી, જેના કારણે વહીવટી કાર્યવાહી કરવામાં આવી હતી. અગાઉની ઘટનાના જવાબમાં, બેદરકારી બદલ કુલ આઠ પોલીસ અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા**

(એજન્સી) તા.૧૦

વારાણસીના કાશી વિશ્વનાથ મંદિરમાં એક ચિંતાજનક ઘટનામાં, એક મહિલા ભક્ત દર્શન દરમિયાન દેવતાને સ્પર્શ કરવાનો પ્રયાસ કરતી વખતે પવિત્ર 'અર્ઘ' (પવિત્ર પાત્ર)માં પડી ગઈ હતી. આ ઘટનાનો એક વીડિયો, જે હવે સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે, તેમાં જોવા મળે છે કે મહિલા પહેલા પૂજા કરતી હતી અને પછી અચાનક ભગવાન વિશ્વનાથને સ્પર્શ કરવા માટે આગળ વધી હતી. આ પ્રયાસ દરમિયાન, તેણે પોતાનું સંતુલન ગુમાવ્યું અને મંદિરના ગર્ભગૃહમાં પડી ગઈ. મીડિયાના અહેવાલ મુજબ, આ ઘટના ગુરુવારે સવારે ૧૧ વાગ્યાની આસપાસ બની હતી. આ મંદિરમાં આ કોઈ એકલ દોકલ ઘટના નથી. ગયા વર્ષે ઓક્ટોબરમાં પણ આવી જ ઘટના સામે આવી હતી, જેના કારણે વહીવટી કાર્યવાહી કરવામાં આવી હતી. અગાઉની ઘટનાના જવાબમાં, અધિકારીઓએ કડક શિસ્તભંગના પગલાં લીધા હતા, જેમાં ફરજમાં બેદરકારી બદલ એક સબ-ઈન્સ્પેક્ટર, એક કોન્સ્ટેબલ અને ત્રણ મહિલા પોલીસ અધિકારીઓને સસ્પેન્ડ કરવાનો સમાવેશ થાય છે. આવી ઘટનાઓનું વારંવાર બનવું દેશના સૌથી પવિત્ર મંદિરોમાંના એકમાં સલામતીના પગલાં અને ભીડ વ્યવસ્થાપન પ્રોટોકોલ પર પ્રશ્નો ઉભા કરે છે. મંદિર અધિકારીઓએ હજુ સુધી આ તાજેતરની ઘટના અંગે કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડ્યું નથી.

# મહિલાઓ વિરૂદ્ધના ગુનાઓ માટે કડક સજા સુનિશ્ચિત કરવા માટે સીએમ સ્ટાલિને બે બિલ રજૂ કર્યા

(એજન્સી) તા.૧૦

મુખ્યમંત્રી એમકે સ્ટાલિને શુક્રવારે રાજ્ય વિધાનસભામાં તમિલનાડુ મહિલા ઉત્પીડન પ્રતિબંધ (સુધારા) બિલ, ૧૯૯૮ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ અને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩માં સુધારા રજૂ કર્યા જેથી મહિલાઓને ઉત્પીડન કરનારા ગુનેગારો સામે કડક સજા સુનિશ્ચિત થાય તેના માટે બિલ રજૂ કર્યું. તમિલનાડુ પ્રોહિબિશન ઓફ હેરેસમેન્ટ ઓફ વિમેન (એમેન્ડમેન્ટ) બિલ મુજબ, ડિજિટલ અને ઈલેક્ટ્રોનિક સહિત મહિલાઓના હેરેસમેન્ટ માટે ત્રણ વર્ષની જેલ અને ૧૦,૦૦૦ રૂપિયાનો દંડ છે. આ સુધારો અમલમાં આવ્યા પછી આ દંડ વધશે, પહેલી વાર દોષિત ઠેરવવા પર-૫ વર્ષની જેલ અને ૧ લાખ રૂપિયાનો દંડ, જો કે, જો પછીથી ગુનો કરવામાં આવે તો, જેલની સજા વધીને ૧૦ વર્ષ અને ૧૦ લાખ રૂપિયાનો દંડ થશે. હાલમાં, ઉત્પીડન દ્વારા મૃત્યુ માટે, જો ગુનો ઈરાદાપૂર્વક કરવામાં આવ્યો હોય, તો સજા આજીવન કેદ સુધીની અને ૫૦,૦૦૦ રૂપિયાના દંડની સજા થશે. જો ગુનો મૃત્યુના ઈરાદા વિના કરવામાં આવે તો, સજા ૧૦ વર્ષ સુધીની કેદ અને ૫૦,૦૦૦ રૂપિયાનો દંડ થશે. બેદરકારી બદલ-સજા ૧૦ વર્ષ સુધીની કેદ અને ૫,૦૦૦ રૂપિયા દંડ થશે. હવે ઉપરોક્ત સજાઓ વધુ કડક બનાવવામાં આવી છે. જો ઈરાદાપૂર્વક મૃત્યુ થયું હોય, તો ઉત્પીડનની સજા આજીવન કેદ અને ૨ લાખ રૂપિયાનો દંડ થશે. જો કોઈ ઈરાદા વિના મૃત્યુ થયું હોય, તો સજા ૧૫ વર્ષની જેલ અને ૨ લાખ રૂપિયાનો દંડ થશે. બેદરકારી બદલ ૧૫ વર્ષની જેલ અને ૧ લાખ રૂપિયાનો દંડ થશે.

# અલીગઢ યુનિવર્સિટીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતાં ભારે ભય ફેલાયો, તપાસનો પ્રારંભ

**યુનિવર્સિટીને ધમકી આપતો ઈ-મેઈલ મળ્યો હતો અને ખંડણીની પણ માગણી તેમાં કરવામાં આવી હતી તેમ પોલીસમાં જાહેર કરવામાં આવ્યું છે, સત્તાવાળાઓએ સુરક્ષાના પૂરતા પગલાં લેવાની ખાતરી આપી છે અને તપાસનો ધમધમાટ શરૂ કરી દેવાયો છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

એક ચિંતાજનક ઘટનામાં અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીને ગુરૂવારે સાંજે બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. ધમકી આપતો એક ઈ-મેઈલ યુનિવર્સિટીને મળ્યો હતો અને તેમાં ખંડણી પણ માંગવામાં આવી હતી. આ રીતે ધમકી મળતા વિદ્યાર્થીઓ અને સ્ટાફમાં ચિંતાની લાગણી હતી અને ભય ફેલાયો હતો. કોઈ અજાણ્યા બદમાશ તરફથી આ પ્રતિષ્ઠિત યુનિવર્સિટીને ઈ-મેઈલ મોકલવામાં આવ્યો હતો જેમાં ધમકી આપવામાં આવી હતી અને યુપીઆઈ મારફત રૂપિયા બે લાખની ખંડણી આપવાની પણ માગણી કરવામાં આવી હતી આથી પરિસ્થિતિ વધુ ગંભીર બની હતી. યુનિવર્સિટીના સત્તાવાળાઓએ ઈ-મેઈલ મળતા જ તુરંત જ પોલીસને જાણ કરી હતી અને જોરદાર સઘન તપાસ શરૂ થઈ ગઈ હતી. પોલીસે બોમ્બનો નિકાલ કરતી ટુકડી તથા ગુના શોધક ડોગ યુનિટ તથા સાયબર ટીમો યુનિવર્સિટી મોકલી છે અને તપાસ શરૂ કરવામાં આવી છે અને ઈ-મેઈલ ક્યાંથી આવ્યો તેનું મૂળ શોધવાની પણ તપાસ થઈ રહી છે. કેમ્પસમાં રહેતા દરેકને સુરક્ષાની ખાતરી આપવામાં આવી છે. સર્કલ ઓફિસર અભયકુમાર પાંડેએ જણાવ્યું હતું કે, અમે તાત્કાલિક પગલાં લીધા છે અને ડોગ સ્ક્વોડ તથા ફોરેન્સિક ટીમ અને સાયબર ટીમમાં રવાના કરવામાં આવી હતી અને ખાસ બોમ્બ નિકાલ ટુકડીઓ પણ યુનિવર્સિટી મોકલી દેવામાં આવી હતી અને સઘન સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે પણ હજુ સુધી કોઈ શંકાસ્પદ ચીજો કે કોઈ વિસ્ફોટક પદાર્થ મળ્યાં નથી છતાં તંત્ર સતર્ક છે અને વિદ્યાર્થીઓ તથા સ્ટાફને કોઈ જોખમ ઊભું ન થાય એ માટે પગલાં લેવામાં આવી રહ્યા છે. યુનિવર્સિટી વહીવટીતંત્રે પણ વિદ્યાર્થીઓ અને સ્ટાફને સાવધ રહેવા માટે સલાહ આપી છે અને કોઈપણ શંકાસ્પદ હિલચાલ કે ચીજવસ્તુ જોવા મળે તો તાત્કાલિક પોલીસને જાણ કરવા માટે સૌને વિનંતી કરવામાં આવી છે. એએમયુના પ્રોક્ટર, પ્રોફેસર મોહમ્મદ વસીમ અલીએ જણાવ્યું હતું કે, સૌની સુરક્ષા એ અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે. સુરક્ષાના વધારાના પગલાં પણ લેવામાં આવ્યા છે છતાં અમે કોઈ તક લેવા માંગતા નથી તેમ પ્રોફેસર અલીએ જણાવ્યું હતું. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીને ધમકી મળી છે એવી આ એકલી શિક્ષણ સંસ્થા નથી દેશમાં ગયા વર્ષે પણ અનેક શિક્ષણ સંસ્થાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીઓ મળી હતી પણ એ તમામ ધમકીઓ મશ્કરી અને મજાક પુરવાર થઈ હતી. કોઈ પણ સ્થળેથી કોઈ વિસ્ફોટક પદાર્થ સર્ચ દરમિયાન મળ્યો નહોતો. જો કે, આ નવા વર્ષે અલીગઢ યુનિવર્સિટીને મળેલી ધમકી આ વર્ષની આ પહેલી ધમકી છે.

# ૬૦ વર્ષથી આપવામાં આવતા રાષ્ટ્રીય પ્રતિભા શોધ કાર્યક્રમને રદ કરવામાં આવ્યો; ત્યારે મોદીના 'પરીક્ષા પે ચર્ચા' માટે ૬૨ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો

## પ્રિયંકા ગાંધી વાડ્રાએ કહ્યું છે કે, મોદી સરકાર વડાપ્રધાનના પ્રચાર પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે અને ભારતના યુવાનોને ખરેખર લાભ કરી શકે તેવા આવશ્યક કાર્યક્રમોની અવગણના કરી રહી છે

(એજન્સી) તા.૧૦

શિક્ષણ મંત્રાલય દ્વારા ઓછા ભંડોળને કારણે રાષ્ટ્રીય પ્રતિભા શોધ પરીક્ષા (NTSE) અને શિષ્યવૃત્તિ રદ કરી દેવાના નિર્ણય પર મીડિયામાં મોટાભાગે કોઈ ધ્યાન આપવામાં આવ્યું નથી. જો કે, કોંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધી વાડ્રા દ્વારા ટેલિગ્રાફમાં પ્રકાશિત થયેલા તાજેતરના અહેવાલમાં પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સહાયના ભવિષ્ય અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે અને વર્તમાન ભંડોળનો વડાપ્રધાન મોદીના વ્યક્તિગત કાર્યક્રમ, પરિક્ષા પે ચર્ચા માટે ઉપયોગ કરવામાં આવ્યો છે.

૧૯૬૩માં રચાયેલ NTSE દાયકાઓથી એક મહત્ત્વપૂર્ણ કાર્યક્રમ રહ્યો છે, જે શાળા સ્તરથી લઈને ડોક્ટરલ અભ્યાસ સુધીના તેજસ્વી વિદ્યાર્થીઓને ઓળખીને તેમને લાભ આપતો હતો અને તેમને ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે નાણાકીય સહાય પૂરી પાડતો હતો. છેલ્લા ત્રણ વર્ષ કે તેથી વધુ સમયથી આ શિષ્યવૃત્તિ સ્થગિત કરીને, સરકારે ઘણા લાયક વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ તકો મર્યાદિત કરી છે જે તેમની શૈક્ષણિક પ્રગતિ અને કારકિર્દીની સંભાવનાઓને અવરોધી શકે છે. આ ત્રણ વર્ષોમાં જો તે ચાલુ રાખવામાં આવ્યો હોત તો NTSE પરનો કુલ ખર્ચ કદાચ રૂા.૪૦ કરોડ થયો હોત.

આ નિર્ણય પરીક્ષા પે ચર્ચા જેવા કાર્યક્રમોમાં સરકારના નોંધપાત્ર રોકાણ સાથે વિરોધાભાસી છે, જ્યાં વડાપ્રધાન મોદી વિદ્યાર્થીઓ સાથે તણાવનું સંચાલન અને પરીક્ષાઓની તૈયારી જેવા વિષયો પર વાતચીત કરે છે. માનસિક સુખાકારી અને મનોવૈજ્ઞાનિક રીતે પરીક્ષાની તૈયારી માટેની આ પહેલ ચોક્કસપણે મહત્ત્વપૂર્ણ છે, ત્યારે હકીકત એ છે કે, પરીક્ષા પે ચર્ચામાં કોઈ ગંભીર વ્યાવસાયિક જોડાણ અથવા કુશળતાનો સમાવેશ થતો નથી.



કોઈ વિષય નિષ્ણાતોની સલાહ લેવામાં આવતી નથી અથવા તેનો ઉલ્લેખ કરવામાં આવતો નથી; માત્ર મોદી પોતે જ બોલે છે અને આનાથી રાષ્ટ્રને રૂા.૬૨ કરોડનો ખર્ચ થાય છે, જે મૂળભૂત રીતે વડાપ્રધાનની પ્રેરણાદાયક ચર્ચા કહેવામાં આવે છે.

તેમણે કહ્યું છે કે, સરકાર ઉચ્ચ-પ્રોફાઇલ, પીઆર-સંચાલિત કાર્યક્રમોમાં સંસાધનોનું સંચાલન કરી રહી છે, જ્યારે વિદ્યાર્થીઓને શૈક્ષણિક શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા માટે વ્યવહારૂ સહાય પ્રદાન કરતા હાલના કાર્યક્રમો માટે ભંડોળ આપવામાં આવતું નથી. આ પ્રાથમિકતાઓનું સંયોજન સર્વાંગી શિક્ષણ સુધારા પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતા પર પ્રશ્નો ઊભા કરે છે. શું વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને સુખાકારી પર ધ્યાન કેન્દ્રિત કરવાને તેમની વ્યવહારૂ શૈક્ષણિક અને નાણાકીય જરૂરિયાતો માટે પણ પૂરતી જોગવાઈઓ દ્વારા પૂરક બનાવવાની જરૂર નથી ?

ગાંધી વાડ્રા એવા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓના ભવિષ્ય માટે તેમની ચિંતા પર ભાર મૂકે છે જેઓ NTSE જેવી નાણાકીય સહાય પર આધાર રાખે છે. તેનાથી વિપરીત, શિક્ષણ અને તણાવ વ્યવસ્થાપન પર મોદીનું જ્ઞાન, જે ફક્ત કમનસીબ વિદ્યાર્થીઓ અને તેમના ચિંતિત માતા-પિતા માટે જ નહીં પણ પસંદગીના શિક્ષકો માટે પણ આપવામાં આવ્યું છે, તે માનસિક સ્વાસ્થ્ય અથવા શિક્ષણ વિતરણ પર દેખીતી રીતે કોઈ વ્યવહારુ અથવા શૈક્ષણિક અનુભવ અથવા કુશળતા ધરાવતા નથી.

NTSE (ધોરણ દસ) એ ધો.XI અને XIIના ટોચના વિદ્યાર્થીઓને દર મહિને રૂા.૧૨૫૦, અંડરગ્રેજ્યુએટ અને અનુસ્નાતક અભ્યાસ માટે રૂા.૨૦૦૦ અને અંતે પાંચ વર્ષ માટે પીએચડી સ્તરે સરેરાશ રૂા.૩૭,૫૦૦નું સ્ટાઈપેન્ડ આપવામાં આવ્યું છે જે UGC જુનિયર રિસર્ચ ફેલોશિપ સ્ટાઈપેન્ડ સાથે મેળ ખાય છે. તો તે શા માટે બંધ કરવામાં આવ્યું ? તેનાથી કોને ફાયદો થાય છે અને કેવી રીતે ?

પ્રિયંકા ગાંધી વાડ્રાની ટીકા સરકારની પ્રાથમિકતાઓ પર વ્યાપક ચિંતા દર્શાવે છે કે, નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની વર્તમાન સરકાર વાસ્તવિક વ્યવહારૂ પગલાં કરતાં જનસંપર્કના પ્રયાસો પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવાનું વલણ ધરાવે છે. વાડ્રાએ રજૂ કરેલા ટેલિગ્રાફ રિપોર્ટમાં નેશનલ ટેલેન્ટ સર્ચ એક્ઝામિનેશન (NTSE) શિષ્યવૃત્તિ સ્થગિત કરવામાં સરકારની પ્રાથમિકતાઓની ચર્ચા કરવામાં આવી છે, જ્યારે પરીક્ષા પે ચર્ચા પર ૬૨ કરોડ રૂપિયા ખર્ચવામાં આવ્યા છે. આ દરમિયાન આ ત્રણ વર્ષમાં NTSE શિષ્યવૃત્તિ માટે ફાળવવામાં આવેલા ૪૦ કરોડ રૂપિયા ચોક્કસપણે રીડાયરેક્ટ કરવામાં આવ્યા છે - પરંતુ તે ક્યાં ?

જો દેશના બાળકો અને યુવાનોને ટેકો આપવા માટે તે રકમનો વધુ સારો ઉપયોગ થયો હોય તો જનતાને તેની જાણ થવી જોઈએ. સરકારે આવું કરવામાં અવગણના કરી છે તે આશ્ચર્યજનક લાગે છે. ટેલિગ્રાફ રિપોર્ટ સૂચવે છે કે, આપણે વાસ્તવમાં વડાપ્રધાનના 'વ્યક્તિગત પ્રચાર' અભિયાન માટે ભંડોળ અને NTSE શિષ્યવૃત્તિ રોકવા વચ્ચે સ્પષ્ટ વિરોધાભાસ જોઈ રહ્યા છીએ.

# ઘરમાં પત્નીને ન જોવી એ ૯૦ કલાકના કાર્યકારી અઠવાડિયાના નિવેદન પર પ્રિયંકા ચતુર્વેદીએ કહ્યું : તેઓ કામદારોને નવા યુગના ગુલામ ડ્રાઈવર બનાવવા માંગે છે

## ચતુર્વેદીએ તેમના નિવેદનને 'સ્ત્રી વિરોધી' ગણાવ્યું અને સુબ્રમણ્યમ પર નોકરીદાતાઓને નવા યુગના ગુલામ ડ્રાઈવર બનાવવાનો પ્રયાસ કરવાનો આરોપ મૂક્યો છે

(એજન્સી) તા.૧૦

શિવસેના (UBT) સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ શુક્રવારે લાર્સન એન્ડ ટુબ્રો (L&T)ના ચેરમેન એસ.એન. સુબ્રમણ્યમના તાજેતરના નિવેદનની આકરી ટીકા કરી હતી જેમાં તેઓએ કર્મચારીઓ માટે ૯૦ કલાકના કાર્ય સપ્તાહની હાકલ કરી હતી. ચતુર્વેદીએ તેમના નિવેદનને 'સ્ત્રી વિરોધી' ગણાવ્યું અને સુબ્રમણ્યમ પર નોકરીદાતાઓને નવા યુગના ગુલામ બનાવવાનો પ્રયાસ કરવાનો આરોપ મૂક્યો હતો. સુબ્રમણ્યમના નિવેદનોથી થયેલ વ્યાપક વિવાદ પર પ્રતિક્રિયા આપતા તેણીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોતાની ટિપ્પણીઓ પોસ્ટ કરી હતી અને લખ્યું કે, આ નિવેદન સ્ત્રી-દ્વેષી હોવા ઉપરાંત ભારતના નવા યુગના ગુલામ ડ્રાઈવરો બનવાની ઈચ્છા દર્શાવે છે.

**આ વિવાદ શેના વિશે છે ? :** ઓનલાઈન એક વીડિયોમાં સુબ્રમણ્યમે સૂચવ્યું હતું કે, કર્મચારીઓએ રવિવારે પણ લાંબા સમય સુધી કામ કરવા તૈયાર રહેવું જોઈએ. તેમણે પ્રશ્ન



કર્યો હતો કે, કોઈ વ્યક્તિ તેની પત્ની સામે બેસીને તેની તરફ કેટલો સમય જોઈ શકે છે અને તેઓ રવિવારના કામનો આદેશ ન આપી શકે તે અંગે અફસોસ વ્યક્ત કર્યો હતો અને કહ્યું હતું કે, જો હું તમને રવિવારે કામ કરાવી શકું, તો હું વધુ ખુશ થઈશ કારણ કે, હું પણ રવિવારે કામ કરૂં છું. આ ટિપ્પણીઓએ આક્રોશ ફેલાવ્યો છે, ઘણા લોકો દલીલ કરે છે કે, તે બિનઆરોગ્યપ્રદ કાર્ય સંસ્કૃતિને પ્રોત્સાહન આપે છે અને કાર્ય-જીવન સંતુલનના મહત્ત્વને નબળું પાડે છે. ઘણા લોકોએ કર્મચારીઓના માનસિક સ્વાસ્થ્ય અને વ્યક્તિગત સંબંધો પર થતી અસર અંગે પણ ચિંતા વ્યક્ત કરી છે. આ પ્રતિક્રિયા ઈન્ફોસિસના સહ-સ્થાપક એન.આર. નારાયણ મૂર્તિ દ્વારા કરવામાં આવેલી સમાન ટિપ્પણીઓને પ્રતિબિંબિત કરે છે, જેમણે યુવાન કર્મચારીઓ માટે ૭૦ કલાકના કાર્ય સપ્તાહની માગણી પણ સૂચવી હતી. આ વિવાદના જવાબમાં એલ એન્ડ ટીએ સુબ્રમણ્યમની ટિપ્પણીનો બચાવ કરતું એક નિવેદન બહાર પાડ્યું છે. કંપનીએ રાષ્ટ્રનિર્માણ પ્રત્યેના તેના સમર્પણ પર ભાર મૂક્યો અને કહ્યું કે, અસાધારણ પરિણામો માટે અસાધારણ પ્રયાસની જરૂર પડે છે. L&T ખાતે રાષ્ટ્રનિર્માણ એ અમારા કાર્યના મૂળમાં છે. આઠ દાયકાથી વધુ સમયથી અમે ભારતના માળખાગત સુવિધાઓ, ઉદ્યોગો અને તક્નિકી ક્ષમતાઓને આકાર આપી રહ્યા છીએ. અમે માનીએ છીએ કે, આ ભારતનો દાયકો છે, જે પ્રગતિને આગળ વધારવા અને વિકસિત રાષ્ટ્ર બનવાના અમારા સહિયારા દૃષ્ટિકોણને સાકાર કરવા માટે સામૂહિક સમર્પણ અને પ્રયાસની જરૂર છે.

# 'લોકો પહેલાથી જ દરરોજ ૧૨ કલાક કામ કરી રહ્યા છે...' : L&Tના ચીફની ૯૦ કલાકના કાર્ય સપ્તાહની ટિપ્પણી અંગે રાજીવ બજાજની પ્રતિક્રિયા

## રાજીવ બજાજ કહે છે કે, 'ટોચના નેતૃત્વએ શું વધુ સારૂં કરવાની જરૂર છે તેના પર વિચાર કરવાની જરૂર છે, કારણ કે, કોઈએ કહ્યું હતું કે, મુખ્ય અવરોધ હંમેશા બોટલની ટોચ પર હોય છે', રાજીવ બજાજ કહે છે કે, કામના કલાકોની ગુણવત્તા, કાર્યક્ષમતા અને અસરકારકતા એ કલાકોની સંખ્યા કરતાં વધુ મહત્ત્વપૂર્ણ છે

(એજન્સી) તા.૧૦

L&Tના ચેરમેન એસ.એન. સુબ્રમણ્યમે કાર્ય-જીવન સંતુલન પર ચર્ચા ફરી શરૂ કરતાં કર્મચારીઓ માટે ૯૦ કલાકના કાર્ય સપ્તાહનો પ્રસ્તાવ મૂક્યા પછી બજાજ ઓટોના મેનેજિંગ ડિરેક્ટર રાજીવ બજાજ શુક્રવારે આ ચર્ચામાં જોડાયા અને કહ્યું કે, કામના કલાકોની ગુણવત્તા, કાર્યક્ષમતા અને અસરકારકતા એ કલાકોની સંખ્યા કરતાં વધુ મહત્ત્વપૂર્ણ છે. તેમણે એમ પણ કહ્યું કે, જો મુસાફરીના કલાકોનો સમાવેશ કરવામાં આવે તો લોકો પહેલાથી જ કામ પર દિવસમાં ૧૨ કલાક કામ કરી રહ્યા છે. CNBC-TV18 સાથેની વાતચીતમાં બજાજે જણાવ્યું હતું કે, પૂરતું કામ કરવું એ સ્પષ્ટપણે મહત્ત્વપૂર્ણ છે પછી ભલે તે ૭૦ કલાક હોય કે ૯૦ કલાક. પરંતુ વધુ મહત્ત્વનું એ છે તે કલાકોની ગુણવત્તા, કાર્યક્ષમતા અને અસરકારકતા હોવી જોઈએ. મને લાગે છે કે, તે કલાકોની સંખ્યા કરતાં ગુણવત્તા, કાર્યક્ષમતા અને અસરકારકતા વધુ મહત્ત્વપૂર્ણ છે. બજાજે આધુનિક કાર્ય દિનચર્યાઓની વાસ્તવિકતાઓ



અંગે નોંધ્યું કે, મોટાભાગના લોકો દિવસના ૧૨ કલાક અસરકારક રીતે કામ કરે છે જેમાં મુસાફરીનો સમય પણ સામેલ હોય છે. તમે કોણ છો અને તમે કંપનીમાં શું કરો છો તે ધ્યાનમાં લીધા વિના, જો તમે તમારા મુસાફરી અને કામ પરના સમયને ધ્યાનમાં લો તો તમે દિવસમાં ૧૨ કલાક અસરકારક રીતે કામ કરી રહ્યા છો. તે તમારા દિવસનો લગભગ અડધો ભાગ છે. તેમણે દલીલ કરી હતી કે, કર્મચારીઓની વર્તમાન પ્રતિબદ્ધતાઓ પહેલાથી જ નોંધપાત્ર છે. તેથી જો લોકો આજે પણ કામ પર ૧૨ કલાક દરરોજ આપી રહ્યા છે, તો મને લાગે છે કે, તે નોંધપાત્ર છે અને પછી મને એ માનવું મુશ્કેલ લાગે છે કે, તે જ કંપનીઓને સ્પર્ધાત્મક બનવાથી મર્યાદિત કરી રહ્યું છે. મને લાગે છે કે, ટોચના નેતૃત્વએ શું સારૂં કરવાની જરૂર છે તેના પર વિચાર કરવાની જરૂર છે કારણ કે, કોઈએ કહ્યું હતું કે, અવરોધ હંમેશા બોટલની ટોચ પર હોય છે. બજાજની આ ટિપ્પણીઓ L&Tના ચેરમેન એસ.એન. સુબ્રમણ્યમના વાયરલ વીડિયોના જવાબમાં આવી છે, તેમણે ૯૦ કલાકના કાર્ય સપ્તાહનો પ્રસ્તાવ મૂક્યો હતો અને પરિવાર સાથે ઘરે વિતાવેલા સમયના મૂલ્ય પર પ્રશ્ન ઊઠાવ્યો હતો. રેડિટ પર સૌપ્રથમ પ્રસારિત થયેલા આ વીડિયોમાં સુબ્રમણ્યમ એવું કહેતા જોવા મળે છે કે, તમે તમારી પત્નીને ક્યાં સુધી જોઈ શકો છો ? તેમણે રવિવારે કામનો આદેશ ન આપવી શકવા બદલ અફસોસ પણ વ્યક્ત કર્યો અને કહ્યું હતું કે, જો હું તમને રવિવારે કામ કરાવી શકું, તો હું વધુ ખુશ થઈશ કારણ કે, હું પણ રવિવારે કામ કરૂં છું.

# સુપ્રીમ કોર્ટે '૨૦૨૩ મહિલા અનામત કાયદા' વિરૂદ્ધ અરજીઓની સુનાવણી કરવાનો ઈન્કાર કર્યો

## લોકસભા અને વિધાનસભાઓમાં મહિલાઓ માટે ક્વોટા ૧૫ વર્ષ સુધી ચાલુ રહેશે અને સંસદ આ લાભનો સમયગાળો લંબાવી શકે છે

(એજન્સી) તા.૧૦

સુપ્રીમ કોર્ટે શુક્રવાર, ૧૦ જાન્યુઆરીના રોજ, ૨૦૨૩ નારી શક્તિ વંદન કાયદામાં સીમાંકન કલમને પડકારતી અરજીઓની તપાસ કરવાનો ઈન્કાર કર્યો હતો. આ કાયદા મુજબ લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે એક તૃતીયાંશ બેઠકો અનામત રાખવામાં આવે છે. જસ્ટિસ બેલા એમ ત્રિવેદી અને પી.બી. વરાલેની બેન્ચ જયા ઠાકુર અને નેશનલ ફેડરેશન ઓફ ઈન્ડિયન વુમન (NFIW) દ્વારા બંધારણની કલમ ૩૨ હેઠળ દાખલ કરાયેલી અરજીઓ પર વિચાર કરવા માટે તૈયાર ન હતી. બેન્ચે નિર્દેશ કર્યો કે જયા ઠાકુરની અરજીએ આ બિલને પડકાર્યું હતું, જે કાયદો બની ગયો હતો, જ્યારે NFIWએ કાયદાની સીમાંકન કલમને પડકાર્યો હતો. ઠાકુરની અરજીને નિરર્થક ગણાવીને ફગાવી દેવામાં આવી હતી, પરંતુ કોર્ટે કલમ ૩૨ હેઠળ NFIWની અરજીની સુનાવણી કરવા માટે તૈયાર ન હતી અને કહ્યું હતું કે તે હાઈકોર્ટ અથવા અન્ય કોઈપણ યોગ્ય ફોરમમાં જઈ શકે છે. NFIWએ કલમ ૩૩૪▯ (૧) અથવા ૨૦૨૩ કાયદાની કલમ ૫ ની બંધારણીય માન્યતાને



પડકારી હતી જ્યાં તેણે કાયદાના અમલીકરણ માટે મતવિસ્તારોના સીમાંકનને પૂર્વશરત ગણાવી હતી. ૩ નવેમ્બર ૨૦૨૩ના રોજ, સુપ્રીમ કોર્ટે ઠાકુરની અરજી પર સુનાવણી કરતી વખતે કહ્યું હતું કે કોર્ટ માટે મહિલા અનામત કાયદાના એક ભાગને રદ કરવો ખૂબ જ મુશ્કેલ હશે જે વસ્તી ગણતરી પછી અમલમાં આવશે. કોર્ટે ઠાકુરની અરજી પર નોટિસ જારી કરવાનો ઈન્કાર કર્યો હતો અને અરજદારના વકીલને કેન્દ્રનું પ્રતિનિધિત્વ કરતા વકીલને નકલ આપવા કહ્યું હતું. ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ, લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે એક તૃતીયાંશ બેઠકો અનામત રાખવાના બિલને સંસદીય મંજૂરી મળી હતી. આ બંધારણીય સુધારા બિલ લોકસભા દ્વારા લગભગ સર્વસંમતિથી અને રાજ્યસભા દ્વારા સર્વસંમતિથી પસાર કરવામાં આવ્યું હતું. આ કાયદાના અમલીકરણમાં થોડો સમય લાગશે કારણ કે આગામી વસ્તી ગણતરી અને ત્યારબાદ સીમાંકન કવાયત જેમાં લોકસભા અને વિધાનસભા મતવિસ્તારોનું પુનર્નિર્માણ કરવામાં આવશે તે પછી મહિલાઓ માટે ચોક્કસ બેઠકો નક્કી કરવામાં આવશે. લોકસભા અને વિધાનસભાઓમાં મહિલાઓ માટેનો ક્વોટા ૧૫ વર્ષ સુધી ચાલુ રહેશે અને સંસદ પછીથી આ લાભનો સમયગાળો લંબાવી શકે છે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની મહિલાઓ માટે પણ આ ક્વોટા હતો, ત્યારે વિપક્ષે આ લાભ અન્ય પછાત વર્ગોને પણ આપવાની માંગ કરી હતી. ૧૯૯૬થી સંસદમાં બિલ પસાર કરવાના પ્રયાસો થઈ રહ્યા હતા અને આવો છેલ્લો પ્રયાસ ૨૦૧૦માં કરવામાં આવ્યો હતો, જ્યારે રાજ્યસભાએ મહિલા અનામત માટે બિલને મંજૂરી આપી હતી, પરંતુ તે લોકસભામાં પસાર થઈ શક્યું ન હતું. ડેટા દર્શાવે છે કે મહિલા સાંસદો લોકસભાની સંખ્યાના લગભગ ૧૫ ટકા હિસ્સો ધરાવે છે જ્યારે ઘણી રાજ્ય વિધાનસભાઓમાં તેમનું પ્રતિનિધિત્વ ૧૦ ટકાથી ઓછું હતું. ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આ બિલને પોતાની સંમતિ આપી હતી.

# 'અલ્હાબાદ હાઈકોર્ટ અંગે ચિંતા કરવી જરૂરી, ફાઈલિંગ અને લિસ્ટિંગ પડી ભાંગ્યું' : સુપ્રીમ કોર્ટ

(એજન્સી) તા.૧૦

સુપ્રીમ કોર્ટે ગુરૂવારે દેશની હાઈકોર્ટની કામગીરી અંગે ચિંતા વ્યક્ત કરી હતી. જેમાં ખાસ કરીને અલ્હાબાદ હાઈકોર્ટમાં કેસોની યાદી અંગેની પ્રગતિ અંગે પણ નારાજગી વ્યક્ત કરવામાં આવી હતી. જસ્ટિસ સૂર્યકાન્ત અને જસ્ટિસ એન. કોટીશ્વર સિંહની ડિવિઝન બેન્ચે ઉત્તરપ્રદેશના ધારાસભ્ય અબ્બાસ અન્સારીની અરજી પર સુનાવણી દરમિયાન આ ટિપ્પણી કરી હતી. અન્સારીએ કહ્યું હતું કે, અલ્હાબાદ હાઈકોર્ટ પ્રોપર્ટી વિવાદ સંબંધિત તેમના કેસની સુનાવણી કરી રહી નથી. રિપોર્ટ અનુસાર જસ્ટિસ સૂર્યકાન્તે કહ્યું કે, અમે કોઈ ટિપ્પણી કરવા માંગતા નથી. કેટલીક હાઈકોર્ટ સાથે આપણે જાણતા નથી કે શું થશે અને આ એક એવી હાઈકોર્ટ છે જેની આપણે ખરેખર ચિંતા કરવી જોઈએ. તેના પર વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે કહ્યું કે, હું પણ ટિપ્પણી કરવા માંગતો નથી. આ ખૂબ જ ચિંતાજનક છે. આ પછી જસ્ટિસ કાન્તે હાઈકોર્ટમાં કેસોની યાદી સંબંધિત સમસ્યાઓનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે, કમનસીબે ફાઈલિંગ નિષ્ફળ ગયું છે, લિસ્ટિંગ નિષ્ફળ ગયું છે, કોઈને ખબર નથી કે કયો કેસ લિસ્ટ કરવામાં આવશે અને હું ગયા શનિવારે ત્યાં હતો અને મેં કેટલાક સંબંધિત ન્યાયાધીશો અને રજિસ્ટ્રાર સાથે લાંબી વાતચીત કરી. ઉલ્લેખનીય છે કે, અન્સારીએ ગત વર્ષે પોતાની પારિવારિક સંપત્તિને લઈને સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો હતો, જેને અલાયદી સંપત્તિ (એટલે કે સરકારી મિલકત) તરીકે જાહેર કરવામાં આવી હતી. એવી દલીલ કરવામાં આવી હતી કે, અન્ય અસરગ્રસ્ત વ્યક્તિઓને હાઈકોર્ટ દ્વારા વચગાળાનું રક્ષણ આપવામાં આવ્યું હતું પરંતુ તેને નકારી કાઢવામાં આવ્યું હતું. તેમની ફરિયાદ એવી હતી કે, હાઈકોર્ટે તેમને ડાલીબાગ સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટના આદેશ સામે રક્ષણ આપ્યું ન હોવાથી રાજ્યએ પ્લોટનો કબજો લઈ લીધો હતો અને તે જગ્યાએ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ કેટલાક રહેણાંક એકમો બાંધવાનું શરૂ કર્યું હતું. સુપ્રીમ કોર્ટે ત્યારપછી હાઈકોર્ટને નિર્દેશ આપ્યો હતો કે, અરજદાર દ્વારા દાખલ કરવામાં આવેલી વચગાળાના સ્ટે માટેની અરજી પર શક્ય તેટલી વહેલી તકે અને કોઈપણ સંજોગોમાં ૦૪/૧૧/૨૦૨૪ના રોજ સુનાવણી કરે. સર્વોચ્ચ અદાલતે એમ પણ કહ્યું હતું કે, જો જરૂરી હોય તો અરજીની સુનાવણી બહારથી થવી જોઈએ, જેથી વચગાળાના રક્ષણ માટે અરજદારની પ્રાર્થના પર યોગ્ય નિર્ણય લઈ શકાય. સિબ્બલે કહ્યું કે, સુપ્રીમ કોર્ટના આદેશ છતાં હજુ સુધી કેસની સુનાવણી થઈ રહી નથી. સિબ્બલે કહ્યું કે, આ બાબતોમાં આપણે શું કરવું જોઈએ ? જુઓ, આદેશ છતાં તે કોર્ટમાં શું થઈ રહ્યું છે જો હાઈકોર્ટ આવું કરે તો નાગરિકોએ ક્યાં જવું.

# મુકેશ અંબાણી, અદાણી નહીં, પરંતુ આ ભારતીય અબજોપતિએ લંડનમાં ૧૦૦ વર્ષ જૂનો પ્રતિષ્ઠિત રિવરસાઈડ સ્ટુડિયો ખરીદ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

વેદાંત ગ્રુપના સ્થાપક અને ચેરમેન અનિલ અગ્રવાલ ભારતના સૌથી ધનિક વ્યક્તિઓમાંના એક છે. તેઓ ધાતુ અને ખાણકામના ઉદ્યોગપતિ છે જેમણે ૮ જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં એક નાના સ્ક્રેપ મેટલ વ્યવસાયને લંડન-મુખ્ય મથક વેદાંત રિસોર્સિસમાં ફેરવી દીધો હતો, જેની માર્કેટ કેપ ૧.૬૬ લાખ કરોડ રૂપિયા છે. હવે, અગ્રવાલ લંડનમાં પ્રતિષ્ઠિત રિવરસાઈડ સ્ટુડિયોના નવા માલિક બન્યા છે. ૧૦૦ વર્ષ જૂનો સ્ટુડિયો કલા માટેનું એક પ્રખ્યાત વૈશ્વિક કેન્દ્ર છે. તે લંડનના મધ્યમાં થેમ્સ નદીના ઉત્તર કિનારે સ્થિત છે. એક પ્રેસ રિલીઝમાં જણાવાયું છે કે તે હવે અનિલ અગ્રવાલ રિવરસાઈડ સ્ટુડિયો ટ્રસ્ટ નામથી કાર્યરત થશે. અગ્રવાલે એક નિવેદનમાં જણાવ્યું હતું, રિવરસાઈડ સ્ટુડિયો ભારતીય અને વૈશ્વિક કલા અને



સંસ્કૃતિનું પ્રદર્શન કરવા માટે એક અગ્રણી વૈશ્વિક સ્થળ બનશે. હું ભારતીય કલાકારો અને ફિલ્મ સમુદાયને ખરેખર સમૃદ્ધ અનુભવ માટે આ વિશ્વ-પ્રસિદ્ધ સ્થળ પર તેમની કલાત્મક પ્રતિભા અને સિનેમેટિક ઊંડાણ દર્શાવવા માટે આમંત્રિત કરૂં છું. વિવિધ ક્ષેત્રોના વૈશ્વિક નેતાઓ પાસે હવે અહીં તેમના વાસ્તવિક જીવનના અનુભવો અને પ્રવાસથી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરવાની તક છે. ભવ્ય ઈતિહાસ ધરાવતા, રિવરસાઈડ સ્ટુડિયોએ બીટલ્સ, ડેવિડ બોવી, ડારિયો ફો અને ડેવિડ હોકની સહિત વિશ્વભરના પ્રતિષ્ઠિત કલાકારોના પ્રદર્શન અને કલાકૃતિઓનું આયોજન કર્યું છે. નિવેદન અનુસાર, આ પહેલ સર્જનાત્મકતા અને વૈશ્વિક સાંસ્કૃતિક આદાનપ્રદાનને પ્રોત્સાહન આપવા માટે અગ્રવાલની પ્રતિબદ્ધતાને પ્રકાશિત કરે છે. આર્ટ ઈન એવરી હાર્ટ પહેલ પર કેન્દ્રિત તેમનું વિઝન, ભારત અને વિશ્વ વચ્ચેના સમૃદ્ધ સાંસ્કૃતિક સંબંધો પર ભાર મૂકતા, કલાને સાર્વત્રિક રીતે સુલભ બનાવવાનો પ્રયાસ કરે છે. તેમણે કહ્યું, ઈમર્સિવ પર્ફોર્મન્સ, પ્રદર્શનો અને સિનેમેટિક શોકેસ સાથે, સ્ટુડિયો વિવિધ વારસાની ઉજવણી કરશે જ્યારે વિશ્વભરના વિશ્વ-સ્તરીય નિર્માણનું આયોજન કરવાનું ચાલુ રાખશે. હું એવી જગ્યા બનાવવા માટે આતુર છું જે ફક્ત સર્જનાત્મકતાને જ નહીં પરંતુ સામાજિક પરિવર્તનને પણ પ્રેરણા આપે.

# જી.એમ. રાવ એક એરપોર્ટ ઉદ્યોગપતિ, જેઓ લિસ્ટેડ એરપોર્ટ ઓપરેટર જીએમઆર એરપોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું સંચાલન કરે છે, તેમની કંપની ભારતમાં ત્રણ એરપોર્ટ ચલાવે છે, તેમની કુલ સંપત્તિ ૨૭,૪૭૭ કરોડ રૂપિયા છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

ઘણાં ભારતીય ઉદ્યોગપતિઓએ શરૂઆતથી જ એક વિશાળ વ્યાપાર સામ્રાજ્ય બનાવ્યું છે. આવા જ એક વ્યક્તિ જીએમ રાવ, એક ભારતીય અબજોપતિ જે જીએમઆર ગ્રુપના માલિક છે. તેઓ ભારતના સૌથી ધનિક લોકોમાંના એક છે. ફોર્બ્સ અનુસાર, તેમની પાસે કુલ વાસ્તવિક સંપત્તિ ૩.૨ અબજ યુએસ ડોલર (૨૭,૪૭૭ કરોડ રૂપિયા) છે. તેઓ એક એરપોર્ટ ઉદ્યોગપતિ છે અને લિસ્ટેડ એરપોર્ટ ઓપરેટર જીએમઆર એરપોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું સંચાલન કરે છે. આ જૂથ ભારતમાં ત્રણ એરપોર્ટ-દિલ્હી, હૈદરાબાદ અને ગોવા-અને ફિલિપાઈન્સ અને ઈન્ડોનેશિયામાં બે એરપોર્ટનું સંચાલન કરે છે. જીએમઆર ગ્રુપે જાન્યુઆરી



૨૦૨૪માં યુરોપિયન વિમાન નિર્માતા એરબસ સાથે ભાગીદારીમાં હૈદરાબાદમાં જીએમઆર સ્કૂલ ઓફ એવિએશન ખોલ્યું. ૭૪ વર્ષીય રાવ આંધ્રપ્રદેશના એક નાના શહેરના રહેવાસી છે. ભારતના આર્થિક ઉદારીકરણ પહેલા, તેમણે તેમના માર્ગમાં આવતી દરેક વ્યવસાયિક તકની શોધ કરી. ૧૯૭૮માં એક જ શણ મિલથી શરૂઆત કરીને, તેમણે સીરીયલ ઉદ્યોગસાહસિક તરીકે ૨૮ વિવિધ વ્યવસાયોમાં સાહસ કર્યું છે. ૧૯૯૪માં આર્થિક ઉદારીકરણ પછી, તેમના પગલાં સંપૂર્ણપણે વ્યૂહરચના આધારિત બન્યા. તેમણે બધા અસંબંધિત વ્યવસાયોનું વિનિવેશ કર્યું છે અને મુખ્યત્વે મુખ્ય માળખાગત ક્ષેત્ર પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે જેના પરિણામે જીએમઆર ગ્રુપ બન્યું છે. વધુમાં,ગયા વર્ષે ઓક્ટોબરમાં ગ્રુપને અબુ ધાબીના સોવરિન વેલ્થ ફંડ ADIA તરફથી ૬,૩૦૦ કરોડ રૂપિયાનું રોકાણ મળ્યું છે. આ ફંડ પ્રમોટર ગ્રુપ એન્ટિટી GMR એન્ટરપ્રાઈઝ પ્રાઈવેટ લિમિટેડ (GEPL)નું દેવું ઘટાડવામાં મદદ કરશે.

### રિવરફ્રન્ટ ખાતે ફ્લાવર શૉ ૨૪મી જાન્યુઆરી સુધી ચાલુ રહેશે

# અમદાવાદમાં ફ્લાવર શૉની ટિકિટમાં ગોલમાલ : નકલી ટિકિટનો પર્દાફાશ

### ઓનલાઈન ટિકિટનું વેચાણ બંધ થયા પછી ભેજાબાજો નકલી ટિકિટ વેચતા હતા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ભવ્ય ફ્લાવર શૉ ૨૦૨૫નો ત્રીજી જાન્યુઆરીથી પ્રારંભ થયો છે, જે ૨૪મી જાન્યુઆરી સુધી ચાલુ રહેશે. આ દરમિયાન ફ્લાવર શૉની નકલી ટિકિટનું કૌભાંડ સામે આવ્યું છે. મ્યુનિ. તંત્ર દ્વારા ઓનલાઈન ટિકિટનું વેચાણ બંધ થયા પછી ભેજાબાજો નકલી ટિકિટ વેચતા હોવાનું બહાર આવ્યું છે. બીજી તરફ તંત્ર દ્વારા ફ્લાવર શૉમાં પ્રિ-વેડિંગ અને




ફિલ્મ શૂટિંગ કરવા ઈચ્છતા લોકો નિયમ મુજબનો ચાર્જ ભરીને શૂટિંગ કરી શકશે તેવી સુવિધા પણ અપાઈ રહી છે.

મળતી માહિતી અનુસાર, રિવરફ્રન્ટમાં યોજાયેલા ફ્લાવર શોમાં અનેક લોકો પાસે નકલી ટિકિટો મળી આવી છે, જે પ્રિન્ટ કરેલી છે. ૭૦ રૂપિયાના દરની ૨૭ તેમજ ૧૦૦ રૂપિયાના દરની ૨૫ ટિકિટ મળી આવી છે, જે અસલી ટિકિટ જેવી જ છે. આમ, ફ્લાવર શો જોવા આવેલા લોકો પાસેથી કુલ ૫૨ નકલી ટિકિટ મળી આવી છે. આ મામલે રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ભવ્ય ફ્લાવર શૉમાં મોટી સંખ્યામાં લોકોનો ધસારોરહે છે ત્યારે આ દરમિયાન ફ્લાવર શૉની નકલી ટિકિટનું કૌભાંડ સામે આવ્યું છે. મ્યુનિ. કોર્પોરેશન દ્વારા ઓનલાઈન ટિકિટનું વેચાણ બંધ કરાતા કેટલાક ભેજાબાજો દ્વારા નકલી ટિકિટ વેચવાનું શરૂ કરી દેવાયાની વિગતો ધ્યાન પર આવી છે. ગત વર્ષે એટલે ૨૦૨૪માં ૯.૭૨ લાખ લોકોએ ફ્લાવર શોની મુલાકાત લીધી હતી અને આ વર્ષે તેનાથી પણ વધુ લોકો મુલાકાત લે તેવી સંભાવનાને પગલે ભીડને નિયંત્રણ કરવા આ વર્ષે (૨૦૨૫માં) રિવરફ્રન્ટની પ્રવેશ ટિકિટમાં વધારો કરાયો છે. નાગરિકોનો ધસારો જોતા ફ્લાવર શોની ટિકિટમાં ૨૦ ટકા વધારો કરાતા ૭૦થી ૧૦૦ રૂપિયા સુધીનો ટિકિટ દર રાખવામાં આવ્યો. ચાલુ વર્ષે યોજાયેલ ફ્લાવર શોમાં બે દિવસનો વધારો કરાયો છે. તારીખ ૩ જાન્યુઆરીના રોજ શરૂ થયેલ ફ્લાવર શોના બે દિવસ વધુ લંબાવવામાં આવ્યા છે.

# કૃષ્ણનગર વિસ્તારમાં બળાત્કારનો આરોપી પોલીસને ચકમો આપી ફરાર

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

અમદાવાદમાં આરોપીઓ દ્વારા પોલીસને ચકમો આપી ભાગી જવાનો સિલસિલો યથાવત્ રહેવા પામ્યો છે. અમદાવાદના કૃષ્ણનગર વિસ્તારમાં આજે સવારે બળાત્કારનો આરોપી પોલીસને ચકમો આપીને ફરાર થઈ ગયો હોવાની વિગત સામે આવી છે. આ સમગ્ર મામલે હાલ તો સ્થાનિક પોલીસ અને અલગ-અલગ એજન્સીઓ આરોપીઓને પકડવા માટે પ્રયાસ કરી રહી છે. સવારે બાથરૂમ લઈ જતા સમયે આરોપી હાજર પોલીસ કર્મચારીને ચકમો આપીને ભાગી ગયો હતો. સમગ્ર હાલ પોલીસ ગુનો નોંધીને આરોપીને પકડવા માટે પ્રયાસ હાથ ધરી રહી છે, જ્યારે જવાબદાર પોલીસ કર્મચારીઓ સામે પગલાં પણ ભરાય તેવી શક્યતાઓ શરૂ થઈ છે.

ગતરોજ અમદાવાદની ભદ્ર કોર્ટમાંથી રાજકોટની જેલમાંથી લાવેલો આરોપી પોલીસના ઝાપતામાંથી ફરાર થઈ ગયો હતો. ત્યાં હવે અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાંથી આજે સવારે આરોપી ભાગી

#### સવારે બાથરૂમ લઈ જતા સમયે ભાગી ગયો

ગયો હોવાની ઘટના સામે આવી છે. સ્થાનિક પોલીસ પાસેથી મળતી માહિતી પ્રમાણે, પોલીસ સ્ટેશનમાં સવારે પોલીસ કર્મચારી હાજર હતા, તે સમયે બળાત્કારના એક આરોપીની ધરપકડ કરીને તેને લોકઅપમાં રાખવામાં આવ્યો હતો. મનોજ ધોબી નામનો આરોપી પોલીસ કર્મચારીએ કહ્યું કે, મારે બાથરૂમ જેવું છે, જેથી ત્યાં હાજર પોલીસ કર્મચારીએ લોકઅપ ખોલીને તેને બહાર કાઢ્યો હતો. આરોપી મનોજને જ્યારે બહાર કાઢવામાં આવ્યો ત્યારે તેને બાથરૂમ જવાનું કહીને થોડી જ વારમાં પોલીસને ચકમો આપીને ગણતરીની ક્ષણમાં ફરાર થઈ ગયો હતો. આ સમગ્ર મામલે જ્યારે જાણ થઈ ત્યારે ઉચ્ચ અધિકારીઓ ત્યાં પહોંચી ગયા હતા અને કઈ રીતે સમગ્ર ઘટના બની તેમજ નજીકના સીસીટીવી ફૂટેજ તથા પોલીસ સ્ટેશનના સીસીટીવી તમામ ચેક કરવાની પ્રક્રિયા હાથ ધરી છે.

### ગુજરાતના ખેલાડીઓ ગોલ્ડ મેડલ જીતવાની આશા સાથે મેદાનમાં ઉતરશે

# ૩૮મી નેશનલ ગેમ્સ માટે ગુજરાતની મહિલા બેડમિન્ટન ટીમની જાહેરાત

### મહિલા ટીમની કમાન રાષ્ટ્રીય સ્તરે બીજા ક્રમની તસ્નીમ મીરને સોંપવામાં આવી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

ઉત્તરાખંડમાં જાન્યુઆરીમાં નેશનલ ગેમ્સનું આયોજન થવાનું છે. નેશનલ ગેમ્સમાં વિવિધ રમતોમાં ગુજરાતના એથલીટો પણ ભાગ લેવાના છે. ગુજરાતમાંથી બેડમિન્ટન ખેલાડીઓની ટીમ પણ નેશનલ ગેમ્સમાં ભાગ લેવા જશે. બેડમિન્ટમાં રાષ્ટ્રીય સ્તરે બીજો ક્રમ ધરાવતી તસ્નીમ મિરને ૩૮મી નેશનલ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં ગુજરાત મહિલા ટીમનું સુકાન સોંપવામાં આવ્યું છે.

ઉત્તરાખંડમાં ૨૯ જાન્યુઆરીથી ૧૪ ફેબ્રુઆરી દરમિયાન નેશનલ ગેમ્સ રમાશે. નેશનલ ગેમ્સમાં ૨૯ જાન્યુઆરીએ બેડમિન્ટન ટૂર્નામેન્ટ શરૂ થશે. જેમાં ગુજરાતની મહિલા અને પુરૂષ ટીમ ભાગ લેવાની છે. ગુજરાતની મહિલા બેડમિન્ટન ટીમની કમાન તસ્નીમ મિરને સોંપવામાં આવી છે. ગુજરાતની ટીમની પસંદગી બેંગલુરૂ ખાતે આયોજીત સીનિયર નેશનલ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં ખેલાડીઓના પ્રદર્શનના આધારે કરવામાં આવી છે. ગુજરાત બેડમિન્ટન એસોસિએશનના પ્રમુખ મયુર પરીખે જણાવ્યું કે નેશનલ ગેમ્સમાં ગુજરાત ગોલ્ડ મેડલ જીતે તેવી અપેક્ષા છે. આ વખતે ગોલ્ડ મેડલ જીતવાના ઈરાદાથી તૈયારી કરી છે. મયુર તેમણે કહ્યુ કે, આ ઈવેન્ટમાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત તરફથી પણ સહયોગ મળ્યો છે. ગુજરાતની ટીમમાં તસ્નીમ મિર, અદિતા રાવ, શ્રેયા લેલે, શેનાન ક્રિશ્ચિયન, અંજલિ રાવત, યુતી ગજ્જર, તનિશા જોશીનો સમાવેશ કરાયો છે. આ સિવાય ટીમ સાથે ટેક્નિકલ એક્સપર્ટ તરીકે અમરિશ શિંદે અને મોનેશન મશરૂવાલા જોડાશે.

### અરજદારોને રોજેરોજ પારાવાર મુશ્કેલીનો સામનો

# વેજલપુરમાં આવેલી સરકારી ચાવડીમાં મુખ્ય દરવાજો બંધ કરાતા પાર્કિંગ સુવિધા બની દુવિધા !

અમદાવાદ,તા.૧૦

શહેરના વેજલપુર તથા જુહાપુરા વિસ્તારના નાગરિકો માટે આવકના દાખલા, વારસાઈ સર્ટિ, જાતિ-પ્રમાણપત્ર તેમજ અન્ય ડોકયુમેન્ટ માટે સરકારી ચાવડી આવેલ છે. રોજબરોજ આશરે ૧૫૦થી ૨૦૦ અરજદારો અહીં આવતા હોય છે. અરજદારો માટે સરકાર દ્વારા પાર્કિંગ સુવિધા અને બેઠક વ્યવસ્થા માટે વિશાળ ભવન તથા પાર્કિંગ બનાવવામાં આવ્યો છે. પરંતુ અત્રેની કચેરી અનોખા નિર્ણયના કારણે ફરજિયાત નાગરિકોને તેમના વાહન અન્ય વિસ્તારોમાં મુકવાની ફરજ પડે છે. આખું ગ્રાઉન્ડ ખાલી હોવા છતાં પણ પાર્કિંગ સુવિધા ફાળવવામાં આવતી નથી. આખો દિવસ મુખ્ય ઝાંપો બંધ રાખવાના કારણે અરજદારોને પારાવાર



મુશ્કેલી પડે છે. જેથી વૃદ્ધો, મહિલાઓ તેમજ વિકલાંગ નાગરિકોની સુવિધા માટે બનાવેલ કમ્પાઉન્ડમાં પાર્કિંગ વ્યવસ્થા ચાલુ થાય તેવી લોકમાંગ ઉઠવા પામી છે સૂત્રોના જણાવ્યા અનુસાર, અહીં આસપાસના લોકો વાહન પાર્કિંગમાં મૂકીને જતા રહેતા હોવાથી પાર્કિંગ સુવિધા બંધ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. પણ જો આવું ખરેખર થતું હોય તો સિક્યુરિટી ગાર્ડ ફાળવવાની જરૂર છે. મુખ્ય જાંપો બંધ કરવાથી અરજદારો મુશ્કેલીમાં મુકાય છે. ત્યારે પાર્કિંગ સુવિધા તાકિદે પૂરી પાડવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# ગ્રીન ફિલ્ડ એરપોર્ટના સૂચિત પ્રોજેકટને પડકારતી રિટ અરજી ગુજરાત હાઈકોર્ટ દ્વારા ફગાવાઈ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

દાહોદ જિલ્લાના ઝાલોદ ખાતેના પાંચ ગામોના સંખ્યાબંધ પછાત-આદિવાસી ખેડૂતોની ખેતીની જમીન સંપાદન કરીને રાજ્ય સરકાર દ્વારા શરૂ કરવામાં આવનાર પ્રસ્તાવિત ગ્રીન ફિલ્ડ એરપોર્ટના સૂચિત પ્રોજેકટને પડકારતી ગુજરાત હાઈકોર્ટ સમક્ષ થયેલી રિટ અરજી આજે ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે ફગાવી દીધી હતી. અરજીને ફગાવી દેતાં હાઈકોર્ટે ઠરાવ્યું હતું કે સત્તાવાળાઓ દ્વારા હજુ સુધી કોઇ ખેડૂત કે અસરકર્તાની વિરૂધ્ધામાં કાર્યવાહી થઇ નથી અને તેથી હાલના તબક્કે આ અરજી કવેળાની છે અને તેથી તે ટકી શકે તેમ નથી.

ખેડૂતો દ્વારા હાઈકોર્ટ સમક્ષ રજૂઆત કરાઈ હતી કે તેમને ખેતીની જમીન સંપાદન પેટે પૈસા નથી જોઇતા કારણ કે, જો તેમની જમીનો જ જતી રહેશે તો તેઓ ખેડૂત જ મટી જશે અને તેમની ખેતી કરીને પેટિયુ રળવાની આજીવિકા છીનવાઇ જશે. આ સંજોગોમાં હાઈકોર્ટે રાજય સરકાર અને તેના સત્તાવાળાઓને ઉપરોકત સૂચિત ગ્રીન ફિલ્ડ એરપોર્ટની કામગીરી અટકાવવી જોઇએ.જો કે, હાઈકોર્ટે અરજી કાઢી નાંખી હતી.

### રાજ્યના માહિતી ખાતાની દ્વિ-દિવસીય ચિંતન શિબિરમાં અધિકારીઓ કરશે ચિંતન

# યુ-ટયુબ સહિત ઈન્ટરનેટ પર અઢળક નવા કન્ટેન્ટ વચ્ચે લોકોનું ધ્યાન આકર્ષાય તેવા વિષય વસ્તુનું સર્જન જરૂરી

### માધ્યમોના બદલાતા પ્રવાહોમાં જનલક્ષી માહિતીને વ્યાપક કરવા ટીમ માહિતી પ્રતિબદ્ધ : અવંતિકાસિંઘ

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર,તા.૧૦

વડાપ્રધાન મોદીએ વર્ષ ૨૦૦૩થી શરૂ કરાવેલ ચિંતન શિબિરની કાર્યશૈલીને આગળ ધપાવતા રાજ્ય કક્ષાની ચિંતન શિબિર યોજાયા બાદ વિવિધ વિભાગોની ચિંતન શિબિરો યોજાઇ રહી છે. આ શ્રેણીમાં આજે આણંદ નજીક માહિતી ખાતાની બે દિવસીય ચિંતન શિબિરનો પ્રારંભ થયો છે. માહિતી ખાતાની કામગીરી સાથે સંકળાયેલા રાજ્યભરના ૮૦થી વધુ વર્ગ ૧-૨ના અધિકારીઓ આ બે દિવસીય ચિંતન શિબિરમાં જન કલ્યાણકારી યોજનાઓને વધુ અસરકારક રીતે છેવાડાના માનવીઓ સુધી પહોંચાડવા સંદર્ભે પ્રત્યાયન માધ્યમોના બદલાતા જતા પ્રવાહો અને ટેકનોલોજીના ઉપયોગ અને પડકારો બાબતે મનોમંથન કરશે. શિબિરમાં અધિકારીઓને સંબોધતા માહિતી અને પ્રસારણ વિભાગના સચિવ અવંતિકાસિંઘે જણાવ્યું હતું કે, સમયની સાથે માધ્યમોમાં અને લોકોના વાંચન અને રસ-રુચિમાં પણ મોટાપાયે પરિવર્તન અને બદલાવ આવ્યો છે.લોકોના રસ અને તેમની જરૂરિયાતોને પારખીને રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓની માહિતી જન- જન સુધી પહોંચે તે માટે ટીમ માહિતી સુસજ્જ છે. તેઓએ સર્જનાત્મક લખાણ, સતત સક્રિયતા, કોમ્યુનિકેશનના બદલાતા પ્રવાહો, સોશિયલ મીડિયા અને પ્રચાર માધ્યમોનો રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવતી જન કલ્યાણકારી યોજનાઓના પ્રચારમાં કઈ રીતે તાલમેલ સાધી શકાય તે અંગે અભ્યાસુ દ્રષ્ટાંતો આપીને સૌને માર્ગદર્શન આપ્યું હતું. ટેકનોલોજીના વિકાસ સાથે આંગળીના ટેરવે દુનિયાભરની માહિતી ઉપલબ્ધ બની છે ત્યારે છેવાડાના માનવી સુધી સચોટ માહિતી પહોંચાડવા માહિતી ખાતાની ભૂમિકા વધુ પડકારજનક , વધુ સંવેદનશીલ અને વધુ પ્રાસંગિક બની છે. આજના સમયમાં લોકોનો અટેન્શન સ્પાન સતત ઘટી રહ્યો છે અને સફળ પ્રત્યાયનના માર્ગમાં નવીન અવરોધો આવી રહ્યા છે, ત્યારે વિષયવસ્તુ પ્રત્યે લોકોનું ધ્યાન આકર્ષાય તે માટે લખાણને સર્જનાત્મક અને સરળ બનાવવા પર ભાર મૂક્યો હતો. પ્રત્યાયનનું મહત્વ સમજાવતા તેમણે જણાવ્યું કે, માત્ર પ્રત્યાયન કરવું તે જ માહિતી ખાતાનું ધ્યેય નથી. રાજ્ય સરકારનો સંદેશો લોકો સુધી પહોંચે, લોકો તેને વાંચે, જૂએ અને જીવનમાં ઉતારે તે આજે પડકારરૂપ કાર્ય બન્યું છે, ત્યારે લોકોની વાત સાંભળીને તેમાં નવા-નવા માધ્યમો અને સામાન્ય લોકોની વાત મૂકીને તેને કઈ રીતે વધુ લોકભોગ્ય બનાવી શકાય તેનું ચિંતન-મનન આ શિબિરમાં કરવામાં આવશે.આજે દરેક કલાકે યુટ્યુબ સહિત ઈન્ટરનેટ પર અઢળક નવું કન્ટેન્ટ મૂકાય છે, ત્યારે પોતાના કન્ટેન્ટ પ્રત્યે લોકોનું ધ્યાન આકર્ષાય અને ટકી રહે તે પ્રમાણે વિષયવસ્તુનું સર્જન કરવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. માહિતી નિયામક કે.એલ.બચાણીએ કહ્યું કે ચિંતન શિબિરના આયોજનોથી સરકારની નાગરિક સેવાઓની ગુણવત્તામાં વધારો કરવાના લોકાભિમુખ અભિગમને નવું બળ મળ્યું છે. તેના મૂળમાં શિબિરનું ચિંતન- નિષ્કર્ષ, ગ્રુપ ચર્ચા અને તેની જાહેર નીતિઓમાં અમલવારી છે. સરકારની યોજનાઓ અને કામગીરી લોકો સુધી પહોંચાડવાના સંદર્ભમાં માહિતી ખાતુ સરકાર અને લોકો વચ્ચેની કડીરૂપે છે ત્યારે માહિતી ખાતાની આ શિબિરનો નીચોડ- નિષ્કર્ષ અને થનાર સમીક્ષા ખાતાની કાર્ય પદ્ધતિને ગતિશીલ બનાવવાની સાથે કામગીરીના સંદર્ભમાં મજબૂત કરશે. પ્રત્યાયનના ક્ષેત્રમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને સોશિયલ મીડિયા અતિ પ્રભાવી બન્યા છે ત્યારે આજના સમયમાં માહિતીનું અસરકારક આદાન-પ્રદાન અને હકીકતલક્ષી જાણકારી લોકો સુધી પહોંચાડવાની કામગીરીના પડકારોને આપણે સમજવા પડશે અને એ મુજબ કાર્ય શૈલીમાં બદલાવ લાવવા પડશે.

### ખ્યાતિ હોસ્પિટલ કાંડ બાદ કાર્ડનું એપ્રુવલ બહુ મોડું થાય છે

# આયુષ્યમાન કાર્ડ કઢાવવા માટે અરજદારો પારાવાર હાલાકીનો ભોગ

### ડિજિટલ ઈન્ડિયાના દાવા વચ્ચે વારંવાર સર્વરમાં ખામી સર્જાતા કાર્ડ નિકળવામાં ખાસ્સો વિલંબ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

ભારત સરકારની PMJAY યોજના દેશવાસીઓ માટે વરદાન સમાન છે. આ યોજના થકી ગરીબ મધ્યમ વર્ગના દર્દીઓને તેમના ગંભીર રોગોની સારવાર માટે કોઈપણ મોટી ખાનગી કે હોસ્પિટલમાં ૫ લાખ સુધીનો વીમો મળે છે. જેમા ૭૦ વર્ષથી વધુ વયના દર્દીને એકલાને ૫ લાખ રૂપિયાનો વીમો મળે છે. જો કે આ કાર્ડ ન હોય તો નવુ કાર્ડ કઢાવવામાં દર્દીઓને દિવસે તારા દેખાઈ રહ્યા છે. ત્યારે દર્દીઓ સારવાર કેવી રીતે લઈ શકે તે મોટો સવાલ છે.

છેલ્લા કેટલાક દિવસોથી અમદાવાદમાં આયુષ્ય કાર્ડ કઢાવનારા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સ્થાનિક આરોગ્ય કેન્દ્રમાં કાર્ડ ન નીકળે તેમને ગીતામંદિર ખાતે આવેલા મુખ્ય આરોગ્ય કેન્દ્રનો રસ્તો દેખાડવામાં આવે છે. હવે ગીતામંદિર આરોગ્ય કેન્દ્ર ખાતે સર્વર ડાઉન રહેતા કાર્ડ કઢાવવા આવેલા દર્દી અને દર્દીઓનાં સગાનું કામ આગળ ચાલતું જ નથી. અને જો કદાચ કાર્ડ એપ્લાઇ થઇ જાય તો ઉપરથી એપ્રુવલ આવતા સમય લાગે છે. હાલમાં જ PMJAY કાર્ડની કામગીરીનું કૌભાંડ બહાર આવ્યું હતું. જે બાદ નિયમો અને વધુ કામગીરી કડક થતા આયુષ્યમાન કાર્ડ ઝંખતા સામાન્ય લોકો પરેશાન છે. સૌથી વધુ હેરાનગતિ એ લોકોને થઇ રહી છે જે લોકોને તાત્કાલિક સારવારની જરૂરિયાત છે. આયુષ્યમાન કાર્ડ કાઢવાની મંથર ગતિએ ચાલતી કામગીરીને કારણે ખાસ કરીને ડાયાલિસીસના દર્દીઓ, હૃદયને લગતી ગંભીર બીમારીના દર્દીઓ પણ રાહ જોવા મજબુર બન્યા છે. અર્બન હેલ્થ સેન્ટર કે જિલ્લા આરોગ્ય કેન્દ્ર ખાતે ફકત કાર્ડ એપ્લાય કરવાની કામગીરી થાય છે પરંતુ એપ્રુવલની પ્રોસેસમાં સર્વર ખોટકાતા સમસ્યા સર્જાઇ છે. હાલત તો એવી છે કે જે દર્દીઓને સારવાર લેવાની છે તે સારવાર લેવાને બદલે આયુષ્યમાન કાર્ડ કઢાવવાની લાઇનોમાં બેઠા છે. સર્વરમાં ખામી અને ઉપરથી એપ્રુવલ ન આવતા લોકો પરેશાન થાય છે અને ધક્કા ખાવા મજબૂર બને છે. અમદાવાદમાં ખ્યાતિ હોસ્પિટલનું ખોટી રીતે એન્જીયોપ્લાસ્ટી કરવાનું કારસ્તાન સામે આવ્યા બાદ હવે સરકારે કાર્ડ કાઢવાની પ્રોસેસ વધુ કડક કરી નાખી છે. જો સર્વર બરાબર ચાલે તો કાર્ડની પ્રોસેસ તો થઈ જાય છે પરંતુ ઉપરથી એપ્રુવલ આવવામાં જ સૌથી મોટો વિલંબ થઈ રહ્યો છે. જે કાર્ડની પહેલા ૨૪થી ૨૮ કલાકમાં એપ્રુવલ આવી જતી હતી તે હવે ૧૫થી ૨૦ દિવસે આવે છે, તેના કારણે પણ અરજદારોને જલ્દી કાર્ડ મળી રહ્યા નથી.

અહીં સૌથી વધુ મુશ્કેલી ઈમરજન્સીના દર્દીઓને થઈ રહી છે. ખાસ કરીને હૃદયને લગતા દર્દીઓ સૌથી વધુ હોય છે અને તેમને સમયસર સારવાર ન મળે તો જીવનુ પણ જોખમ રહેલુ હોય છે ત્યારે તમામ અરજદારોની એક જ માગ છે કે સરકાર દ્વારા કાર્ડની એપ્રુવલની પ્રક્રિયા ઝડપી બનાવવામાં આવે.

### રાજ્યમાં ડિઝિટલ એરેસ્ટથી લોકોને સાવચેત રહેવું જરૂરી

# ડિઝિટલ એરેસ્ટના નામે ગાંધીનગરના દંપતીને ૨૪ કલાક સુધી ફોન પર ધમકાવી પૈસા પડાવ્યા

### ૨૦૦ કરોડના મની લોન્ડરિંગમાં ૫૬ FIR થયાનો ડર બતાવ્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૦

રાજ્યમાં ડિઝિટલ એરેસ્ટના બનાવો સતત સામે આવી રહ્યા છે. ડિઝિટલ એરેસ્ટ અંગે પ્રજાને સાવચેત કરવા તંત્ર દ્વારા વિવિધ પહેલ કરવામાં આવી છે. તો પણ કયાંકને કયાંક કોઈ આ ડિઝિટલ એરેસ્ટની જાળમાં ફસાઈ જાય છે.

ગાંધીનગરના સરગાસણમાં રહેતા એક દંપતી સાથે સાયબર ઠગોએ ડિઝિટલ એરેસ્ટના નામે મોટી ઠગાઈ આચરી છે. ઈન્ફોસિટીમાં એક કંપનીમાં પ્રોજેક્ટ લીડ તરીકે કાર્યરત વિજય વિશ્વકર્મા અને તેમના પત્ની રેખાબેનને ઠગોએ ૨૪ કલાક સુધી ફોન પર ધમકાવીને અઢી લાખ રૂપિયા પડાવ્યા છે. ૩ જાન્યુઆરીએ સાંજે અજાણ્યા આંતરરાષ્ટ્રીય નંબરથી ફોન આવ્યા બાદ ઠગોએ દંપતીના મોબાઈલ હેક કર્યા હતા. ત્યારબાદ તેમને દિલ્હી પોલીસના નામે વોટ્સએપ વીડિયો કોલ કરી, તેમના નામે ૨૦૦ કરોડના મની લોન્ડરિંગ કેસમાં ૫૬ FIR નોંધાયા હોવાની ખોટી માહિતી આપી હતી. ઠગોએ પોલીસ અધિકારી, રાજકારણી અને બેંક કર્મચારીઓની સંડોવણી હોવાનું જણાવી દંપતીને ૨૪ કલાક સુધી ફોન પર જ રાખ્યા હતા. રાત્રે સૂતી વખતે પણ ફોન અને લાઈટ ચાલુ રાખવાની ફરજ પાડી હતી. ગભરાયેલા દંપતીએ તેમની બેંક એકાઉન્ટની વિગતો આપી દેતા ઠગોએ અઢી લાખ રૂપિયા ઉપાડી લીધા હતા. આ મામલે ઈન્ફોસિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. બાદમાં અન્ય એક નંબર પરથી વીડિયો કોલ કરીને વિજયને રૂ. ૨.૫૦ લાખ RBIની ગાઈડ લાઈન મુજબ એક બેંકમાં ભરવાની સૂચના અપાઈ હતી. અને કહેવાયું હતું કે, આ રૂપિયાની ઈક્વાયરી થયા બાદ આગળ વધુ તપાસ થશે. આથી મળેલી સૂચના મુજબ અઢી લાખ RTGS કરવા માટે વિજયે ઈન્ફોસિટી ખાતેની બેંક ઓફ ઈન્ડિયામાં ગયા હતા અને બેંક ઓફ મહારાષ્ટ્રના મયંક ભારતી ગોસ્વામીનાં એકાઉન્ટમાં પૈસા ભર્યા હતા. જેનાં બાદ દંપતીને શંકા જતા તેમણે વોટ્સએપ કોલના સ્ક્રિનશોટ લેવાનાં પ્રયાસો કર્યા હતા. પરંતુ તમામ મેસેજ ઓટો ડિલિટ થવા માંડ્યા હતા. આ જોઈને દંપતી પણ આશ્ચર્યચકિત થઈ ગયું હતું. આમ તા. ત્રીજી જાન્યુઆરીની સાંજના ૫.૩૦ કલાકથી તા. ચોથી જાન્યુઆરીની સાંજના સાડા વાગ્યા સુધી વીડિયો કોલ ઉપર ડિજિટલ એરેસ્ટ કરીને ભેજાબાજ ગેંગે ઠગાઈ કરતાં સાયબર ક્રાઈમમાં ઓનલાઈન ફરિયાદ કરાઈ હતી. જેનાં પગલે વિજયની ફરિયાદના આધારે ઈન્ફોસિટી પોલીસ મથકમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

# ૧૨ જાન્યુઆરીએ શહેરના કેટલાક રસ્તા રહેશે બંધ

### સિંધુભવન અને બોડકદેવના અમુક વિસ્તાર મર્યાદિત સમય માટે બંધ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

અમદાવાદનો ધમધમતો વિસ્તાર સિંધુભવન અને બોડકદેવના અમુક વિસ્તાર ૧૨ જાન્યુઆરીના દિવસે મર્યાદિત સમય માટે બંધ કરવામાં આવ્યા છે. અમદાવાદ ઈન્ચાર્જ પોલીસ કમિશનર શરદ સિંઘલ દ્વારા જાહેરનામું બહાર પાડીને આ વિશે માહિતી આપવામાં આવી છે. શનિવારે શહેરમાં આરોગ્ય અને તંદુરસ્તીની જાગૃતિ માટે મેરેથોનનું આયોજન કરવામાં આવ્યું છે. જેને લઈને લોકોને મુશ્કેલીનો સામનો ન કરવો પડે તે માટે અમુક રોડ બંધ કરી વૈકલ્પિક માર્ગની પણ સુવિધા આપવામાં આવી છે.

અમદાવાદ શહેરમાં આગામી ૧૨ જાન્યુઆરીના રોજ લોકોમાં આરોગ્ય તથા તંદુરસ્તીની જાગૃતિ લાવવા બોડકદેવ-સિંધુભવન રોડ ઉપર એક ખાનગી કંપની દ્વારા મેરેથોન દોડનું આયોજન કરવામાં આવ્યું છે. જેના કારણે ઈવેન્ટ દરમિયાન માર્ગ પરથી પસાર થતો ટ્રાફિક તમામ પ્રકારના વાહનો માટે પ્રતિબંધિત/ડાયવર્ઝન કરવામાં આવ્યો છે. ઓરનેટ પાર્ક-૨ સામે ગ્રાઉન્ડ થી ચાઈનીઝ મેક્ષીકન ચાર રસ્તાથી ઓરનેટ પાર્ક કટથી જમણી બાજુના તાજ સ્કાય લાઈન તરફના જમણી બાજુના રોડ બંધ રહેશે.

### મ્યુનિ. પાસે દાણીલીમડા અને બાકરોલ ઢોરવાડામાં લગભગ ૧૬૦૦થી વધુ પશુઓ છે

# મ્યુનિ. કોર્પો.એ પશુઓના ગોબરમાંથી કમાણી કરવાનો નવો પ્લાન બનાવ્યો

### ઢોરવાડામાં રહેલા પશુઓના છાણમાંથી સ્ટિક, છાણા, કોડિયા બનાવી તેનું બજારમાં વેચાણ કરાશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

અમદાવાદ મહાનગર પાલિકાએ હવે કમાણી માટે એક નવો રસ્તો શોધી લીધો છે. અમદાવાદ પાલિકા હવે પશુઓના છાણમાંથી કમાણી કરશે. આ માટે મહાપાલિકાએ પ્લાન પણ બનાવ્યો છે. amc ઢોરવાડામાં રહેલા પશુઓના છાણમાંથી સ્ટિક, છાણા, કોડિયા બનાવી તેનુ બજારમાં વેચાણ કરશે. શહેરમાંથી પકડાયેલા રખડતા ઢોરને જે તે પશુ માલિક છોડાવવા નથી આવતા તેવા ઢોરોનો નિભાવ અને દેખરેખ મનપા કરે છે ત્યારે આ પશુઓના છાણને વેસ્ટ માંથી બેસ્ટ બનાવી માર્કેટ માં વેચવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

અમદાવાદ મ્યુનિસિપલ કપરપોરેશનના દાણીલીમડા અને બાકરોલ ઢોરવાડામાં લગભગ ૧૬૦૦થી વધુ પશુઓ છે, જેનાથી દરરોજ લગભગ ૮ ટન જેટલું છાણ એકત્ર થાય છે. આ છાણમાંથી મશીન વડે છાણ સ્ટીક , છાણની ટીકી , દીવા કરવા માટે કોડિયાં બનાવમાં આવી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સ્મશાનમાં જ્યાં લાકડાનો ઉપયોગ થાય છે ત્યાં હવે આ કાઉ ડંગ સ્ટીકનો ઉપયોગ કરવામાં આવશે. આ ઉપરાંત તો વૈદિક હોળી માટે પણ આ કાઉ ડંગ ટીકી અને સ્ટીકનો ઉપયોગ કરી શકાશે. અત્યાર સુધી મ્યુનિ કોર્પો દ્વારા આ વસ્તુઓનો પોતાના સ્મશાન અને વિવિધ મંદિરોમાં દાન આપી વિનામૂલ્યે વપરાશ કરાઈ રહ્યો છે. હવે આ વસ્તુઓના ભાવ નક્કી કરી આગામી સમયમાં ઓપન માર્કેટમાં વેચાણ અર્થે મુકવામાં આવશે. એટલે કે, મ્યુનિ. તંત્રએ હવે આ બધા થકી રૂપિયા રળવાના પ્રયાસો હાથ ધર્યા છે.

સત્યમેવ જયતે

ગુજરાત સરકાર



શ્રી નરેન્દ્ર મોદી

માનનીય વડાપ્રધાન, ભારત




# આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ

11 થી 14 જાન્યુઆરી, 2025



શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

## પતંગોથી શણગારેલું આકાશ

પ્રતિવર્ષે, આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ગુજરાતના આકાશને એક અદ્વિતીય જીવંત ઉત્સવમાં પરિવર્તિત કરી દે છે. આ દિવસે પરંપરાગત ભારતીય ડિઝાઇન અને 47 દેશની કલાત્મક રચનાઓની સાથે 143 આંતરાષ્ટ્રીય પતંગબાજો આકાશમાં મનમોહક દૃશ્ય ઊભું કરશે, જે તમે ક્યારેય નહીં જોયું હોય. ગુજરાત માટે આ માત્ર એક તહેવાર નથી પરંતુ અહીં વિભિન્ન સંસ્કૃતિઓ અને હૃદયનો મેળાપ થાય છે સાથે જ સમગ્ર આકાશ જીવંત બની જાય છે.

ઉદ્‌ઘાટક

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**

માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

ગરિમામયી ઉપસ્થિતિ

**શ્રી મુળુભાઈ બેરા**

માનનીય મંત્રી,
પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ, ગુજરાત

11 જાન્યુઆરી, 2025 | સવારે 9.00 વાગે

વલ્લભસદન, સાબરમતી રિવરફ્રન્ટ, અમદાવાદ



## ઉજવણીનાં સ્થળો

| અમદાવાદ | SOU- એકતાનગર | રાજકોટ | વડોદરા | સુરત | શિવરાજપુર | ધોરડો |
|---|---|---|---|---|---|---|
| 11-14 જાન્યુઆરી, 2025 | 12 જાન્યુઆરી, 2025 | 12 જાન્યુઆરી, 2025 | 12 જાન્યુઆરી, 2025 | 13 જાન્યુઆરી, 2025 | 13 જાન્યુઆરી, 2025 | 13 જાન્યુઆરી, 2025 |
| વલ્લભસદન, સાબરમતી રિવરફ્રન્ટ | ડેમ વ્યૂ પૉઇન્ટ-3, SoU, એકતાનગર | ધર્મેન્દ્રસિંહજી આર્ટસ કૉલેજ ગ્રાઉન્ડ, ડૉ. યાજ્ઞિક રોડ, જાગનાથ પોલીસ સ્ટેશન પાસે | નવલખી ગ્રાઉન્ડ, રાજમહેલ રોડ | રિવરફ્રન્ટની પાછળ, રિવર હાઇટ્સ અપાર્ટમેન્ટની સામે, BAPS મંદિરની સામેની ગલી, અડાજણ | શિવરાજપુર બીચ, શિવરાજપુર, તાલુકો દ્વારકા, જિલ્લો દેવભૂમિ દ્વારકા | સાંસ્કૃતિક મંચ પાસે, સફેદ રણ |

**ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ**

ઉદ્યોગ ભવન, બ્લૉક નં. 16, ચોથો માળ, સેક્ટર 11, ગાંધીનગર – 382010, ગુજરાત

www.gujarattourism.com • ટોલ ફ્રી નંબર: 1800 203 1111

આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવની મુલાકાત માટે QR સ્કેન કરો

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ...... ગુજરાત ટુડે

# આર્થિક મોરચે બદહાલીના સંકેત સતત મળી રહ્યા છે

દેશના શાસકો વિકાસનું ફૂલગુલાબી ચિત્ર રજૂ કરીને ભલે જાત-જાતના દાવા કરતા હોય પરંતુ વાસ્તવિક સ્થિતિ આર્થિક બદહાલી દરવાજે દસ્તક દઈ રહી હોવાના સજ્જડ સંકેતો આપી રહી છે. વિશ્વની ટોચની અર્થવ્યવસ્થાઓ પૈકીનું એક અર્થતંત્ર બનવાની વાત તો દૂર રહી પણ છેલ્લા બે-ચાર વર્ષોમાં જે આર્થિક સ્થિતિ હતી તે પણ આગામી દિવસોમાં જળવાશે નહીં એવું સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે.

આગામી નાણાકીય વર્ષના બજેટની તૈયારીઓ ચાલી રહી છે. આવા સમયે વિકાસ દરનું નવીનતમ મૂલ્યાંકન સરકાર માટે ચિંતાનો વિષય બની શકે છે. રાષ્ટ્રીય આંકડાકીય કાર્યાલય (NSO)એ અંદાજ લગાવ્યો છે કે, ચાલુ નાણાકીય વર્ષમાં ભારતનો આર્થિક વિકાસ દર ૬.૪ ટકા જેટલો ઓછો રહી શકે છે. ભારતીય રિઝર્વ બેંકે તેનો અંદાજ ૬.૬ ટકા રાખ્યો હતો. જો NSOનો અંદાજ સાચો સાબિત થાય છે તો આ કોરોના સમયગાળા પછીનો સૌથી ઓછો વિકાસ દર હશે. જો કે, NSOના અંદાજ મુજબ ચાલુ નાણાકીય વર્ષના બીજા ભાગમાં કૃષિ અને ઉત્પાદન ક્ષેત્રોમાં વિકાસ દર વધશે. પરંતુ અર્થતંત્રના અન્ય પાસાઓ પર આની કેટલી સકારાત્મક અસર પડશે તે અંગે હાલ કંઈ કહી શકાય એમ નથી. કારણ કે, GDPની દૃષ્ટિએ ઘણી વસ્તુઓ અસંતુલિત થઈ રહી છે.

ચાલુ નાણાકીય વર્ષના બીજા ક્વાર્ટરમાં વિકાસ દર છ ટકાથી પણ નીચે નોંધાયો હતો અને તેમાં ઉત્પાદન (પ્રોડક્શન) ક્ષેત્રનું યોગદાન ખૂબ ઓછું જોવા મળ્યું હતું, ત્યારથી નિષ્ણાતો વિકાસ દર અંગે ચિંતિત દેખાવા લાગ્યા છે. હકીકતમાં છેલ્લા કેટલાક વર્ષોથી અર્થતંત્રમાં ઉત્પાદન ક્ષેત્રનું યોગદાન મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે, પરંતુ તે ધીમી ગતિએ આગળ વધી રહ્યું છે. બાંધકામ ક્ષેત્રમાં પણ મંદી જોવા મળી રહી છે. બીજા ક્વાર્ટરમાં પણ તે નબળું રહેવાની ધારણા છે.

જો કે, કેટલાક નિષ્ણાતો માને છે કે, કોરોના સમયગાળા પછી વધેલો વિકાસ દર કુદરતી નહોતો. સીએસઓના તાજેતરના મૂલ્યાંકનમાં અર્થતંત્રનો કુદરતી વિકાસ દર નોંધવામાં આવ્યો છે. પરંતુ ફુગાવાનો ટ્રેન્ડ હજુ પણ નીચે તરફ રહેવાનો નથી. તે પાંચ ટકાથી વધુ હોવાનો અંદાજ છે. આનો અર્થ એ થયો કે રિઝર્વ બેંક માટે રેપો રેટ ઘટાડવાનો નિર્ણય લેવો મુશ્કેલ બનશે. આ ઉપરાંત સરકાર મહેસૂલ ખાધને પહોંચી વળવા માટે પોતાની ખર્ચમાં ઘટાડો કરવો પડશે.

સરકાર મહેસૂલ ખાધને ૪.૯ ટકા પર રાખવાનો પ્રયાસ કરી રહી છે. પરંતુ આ માટે સરકારી ખર્ચમાં ઘટાડો કરવો પડશે અને તેનાથી ઘણી મહત્ત્વાકાંક્ષી યોજનાઓ પર અસર પડી શકે છે પછી આર્થિક વિકાસ દરમાં ઘટાડો વિદેશી સીધા રોકાણ પર પણ અસર કરશે. સરકાર આ મોરચે પહેલાથી જ મુશ્કેલીઓનો સામનો કરી રહી છે. ડોલર સામે રૂપિયાના ઘટતા મૂલ્ય અને વિદેશી રોકાણકારો દ્વારા ભંડોળ પાછું ખેંચવાને કારણે વિદેશી હૂંડિયામણ અનામતમાં સતત ઘટાડો થવાને કારણે અપેક્ષિત રોકાણ આકર્ષિત થઈ રહ્યું નથી. ચાલુ નાણાકીય વર્ષના બીજા ભાગમાં કૃષિ ક્ષેત્રમાં સુધારાની શક્યતા છે, પરંતુ તે સાવ નહિવત છે. તેનાથી આગળ અર્થતંત્રની મજબૂતાઈ વિશે બહુ વિશ્વાસ નથી. કારણ કે, કૃષિ ક્ષેત્ર માટે વ્યવહારૂ નીતિઓ હજુ સુધી બનાવવામાં જ આવી નથી. અર્થતંત્રને શક્તિ આપવા માટે ઉત્પાદન ક્ષેત્ર પર સૌથી વધુ આધાર રાખવામાં આવ્યો છે, પરંતુ ગ્રાહક ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થવાને કારણે દેખીતી રીતે જ ત્યાં ઉત્પાદન ઘટ્યું છે. આનું કારણ લોકોની આવકમાં વધારો ન થવો અને સતત નબળી પડતી ખરીદ શક્તિ છે. તેની અસર નવા રોજગાર સર્જન પર પણ જોવા મળી રહી છે. આ અસંતુલન જટિલ બની ગયું છે. આનો ઉકેલ લાવ્યા વિના, વિકાસ દર અંગે કોઈ વિશ્વસનીય દાવો કરવો મુશ્કેલ રહેશે. પરંતુ સરકાર જરૂરી પગલાં દ્વારા આને દૂર કરવાનો પ્રયાસ કરી રહી નથી અને વાસ્તવિક પરિસ્થિતિ છૂપાવીને આર્થિક વિકાસનું ગુલાબી ચિત્ર રજૂ કરતી જોવા મળે છે. નિકાસ મોરચે સતત મંદી જોવા મળી રહી છે. આવી સ્થિતિમાં સરકારે આર્થિક વિકાસ માટે નવી રણનીતિ પર કામ કરવું પડશે.

# ઉત્તર પ્રદેશમાં એક દલિત મિકેનિક વિરુદ્ધ 'ધર્મ પરિવર્તન'ના આરોપ સાથેની FIR થઈ હતી અને તેણે ૧૫ મહિના લડત આપીને કોર્ટમાં જીત મેળવી

૩૫ વર્ષીય સોનુ સરોજ માટે ૨૫ જૂન, ૨૦૨૩ રવિવારની સવારની શરૂઆત સામાન્ય હતી. તેમના પરિવારના સભ્યો, દૂરના સંબંધીઓ અને પડોશી ગામોના લોકો ઈસુ ખ્રિસ્તને સમર્પિત પ્રાર્થના સભામાં ભાગ લેવા માટે ઉત્તર પ્રદેશના કોદરા ગામમાં, રાયબરેલીમાં તેમના ઘરની પાછળ બનાવેલા ઈંટના શેડની નજીકની ખુલ્લી જગ્યામાં એકઠા થયા હતા. દલિત સમુદાયના આ વાહન મિકેનિક, સરોજ કામચલાઉ રામશૅકલ પ્રાર્થના કેન્દ્ર જીવનદ્વાર પ્રાર્થના ભવનમાં પ્રાર્થના સભાઓનું આયોજન કરવા માટે જાણીતા છે. આ ઈવેન્ટ સવારે ૧૧ વાગ્યે શરૂ થવાની હતી; લગભગ ૨૫૦ સ્વૈચ્છિક સહભાગીઓ, જેમાંથી ઘણી સ્ત્રીઓ પણ હતી તેઓ અડધા કલાક પહેલા જ સરોજના શેડ પાસે એકત્ર થઈ ગઈ હતી. ઉગ્રવાદી જૂથ વિશ્વ હિન્દુ પરિષદ (VHP) અને તેની યુવા પાંખ બજરંગ દળ સાથે જોડાયેલા ૧૦-૧૫ હિંદુત્વ માણસોનું ટોળું સરોજના પરિસરમાં ઘૂસી ગયું અને હંગામો મચાવ્યો ત્યારે અન્ય લોકો હજુ પણ અંદર ઘૂસી રહ્યા હતા. તેઓને લાઠીઓ અને દંડા દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો અને તેઓએ કોઈ ચેતવણી આપી ન હતી, તેઓએ અમને બધાને મારવાનું શરૂ કર્યું હતું. તેના ભત્રીજા પર ત્રણ શખ્સોએ હુમલો કર્યો હતો અને જ્યારે સરોજની પત્ની પ્રભા (નામ બદલ્યું છે), જે તે સમયે સ્નાન કરી રહી હતી, તે દરમિયાનગીરી કરવા માટે બહાર દોડી આવી, ત્યારે આ દુષ્કર્મીઓએ જેમાંથી કેટલાક લોકોએ કેસરી સ્કાર્ફ પહેર્યા હતા, તેઓએ કથિત રીતે તેની સાથે મારપીટ કરી હતી. તેમાંથી એકે લાઠી વડે તેણીના માથામાં જોરથી પ્રહાર કર્યા હતા, જેના કારણે તેણીને ગંભીર ઈજા પહોંચી હતી. ટોળાએ સરોજ પર સ્થાનિક હિંદુઓને ખ્રિસ્તી બનાવવાના પ્રયાસમાં અનધિકૃત પ્રાર્થના સભાઓ યોજવાનો આરોપ મૂક્યો હતો. થોડીવાર પછી પોલીસ આવી અને તેને હોસ્પિટલ લઈ ગઈ હતી, જ્યાં તેની સારવાર થઈ હતી. પોલીસે હુમલાખોરો સામે કાર્યવાહી કરવાને બદલે ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૧૫૧નો ઉપયોગ કર્યો અને સરોજને જેલમાં મોકલી દીધો હતો. આ કલમ પોલીસને વોરંટ અથવા મેજિસ્ટ્રેટના આદેશ વિના કોઈ વ્યક્તિની ધરપકડ કરવાની સત્તા આપે છે. જો તેઓ એવું માને છે કે તે અથવા તેણી કોઈ નોંધનીય ગુનો કરવાની યોજના બનાવી રહી છે. તે દિવસે પછીથી, સરોજ સામે સલોન પોલીસ સ્ટેશનમાં ૨૦૨૦માં યોગી આદિત્યનાથ સરકાર દ્વારા એક વટહુકમ, ઉત્તર પ્રદેશમાં પ્રતિબંધના રૂપમાં કલ્પના કરાયેલ કડક ધર્માંતરણ વિરોધી ગેરકાયદેસર ધર્મ પરિવર્તન અધિનિયમ, ૨૦૨૧ કાયદાની કલમ ૩ અને ૫ (૧) હેઠળ એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. સંજયકુમારની ફરિયાદ પર કેસ નોંધવામાં આવ્યો હતો, વીએચપીના સભ્ય દ્વારા આ એફઆઈઆરમાં સરોજ પર લાલચ અને છેતરપિંડીનો ઉપયોગ કરીને ગરીબ હિંદુઓને ગેરકાયદેસર રીતે ખ્રિસ્તી ધર્મમાં પરિવર્તિત કરવા માટે વિશેષ ઉપચાર સભાઓ યોજવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો.

**લોકોને હેરાન કરવા માટેનો કાયદો**

૩૧ જુલાઈ, ૨૦૨૪ સુધીના સત્તાવાર આંકડાઓ અનુસાર, સરોજ નવેમ્બર ૨૦૨૦થી રાજ્યમાં ધર્માંતરણ વિરોધી કાયદા હેઠળ ૮૩૫થી વધુ ફોજદારી કેસોમાં ફસાયેલા ઓછામાં ઓછા ૨,૭૦૦ લોકોમાં સામેલ છે. આ કાયદો હિંદુ મહિલાઓ અને મુસ્લિમ પુરુષો વચ્ચેના રોમેન્ટિક સંબંધો અને લગ્નોને ગુનાહિત બનાવવાનો અને મુસ્લિમ પુરુષો અને તેમના પરિવારોને નિશાન બનાવવાનો સંઘ પરિવારનો એજન્ડા છે. ભગવા પક્ષ અને મુખ્ય પ્રવાહના મીડિયાના ભાગો દ્વારા તેને 'લવ જેહાદ' તરીકે ઓળખવામાં આવે છે, અને આ ષડયંત્ર સિદ્ધાંત કાયદેસર રીતે અવ્યાખ્યાયિત અને અસ્વીકૃત છે. જો કે, આ કાયદાનો બેફામ રીતે ઉપયોગ કરવામાં આવ્યો છે. જે લોકો હિંદુ માનવામાં આવે છે, જેમાં ખાસ કરીને દલિત, આદિવાસી અને પછાત જાતિના સમુદાયોના લોકો, તેઓ ગરીબ, પછાત હિંદુઓને ખ્રિસ્તી ધર્મમાં રૂપાંતરિત કરવામાં આવી રહ્યા છે એવા આક્ષેપ કરવામાં આવે છે. માનવ અધિકાર કાર્યકર્તાઓ, રાજકીય વિપક્ષો અને વકીલોએ સરકાર પર આરોપ લગાવ્યો છે કે તે બ્રાહ્મણવાદી હિંદુત્વની ફિલસૂફીનો વિરોધ કરનારને હેરાન કરવા માટે આ કાયદા હેઠળ ખોટા કેસ દાખલ કરે છે. દલિતોની પાસી પેટાજાતિમાં જન્મેલા સરોજ માને છે કે તેમની આ અગ્નિપરીક્ષા પાછળ તેમની જ્ઞાતિની ઓળખ મુખ્ય પરિબળ હતી. પાસી, રાજ્યનો બીજો સૌથી મોટો અનુસૂચિત જાતિ સમુદાય છે, અને લખનૌને અડીને આવેલા અવધના વિસ્તારોમાં લાંબો ઐતિહાસિક વારસો અને સાંસ્કૃતિક દાવો ધરાવે છે. રાયબરેલીમાં સરોજનું વતન સલૂન, લખનૌથી લગભગ ૧૧૦ કિમી દક્ષિણ-પૂર્વમાં આવેલું છે. આ કાયદો અમલમાં આવ્યો ત્યારથી, માત્ર અમુક કેસો અને ટ્રાયલ કાયદાકીય નિષ્કર્ષ પર પહોંચ્યા છે. ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના અહેવાલ મુજબ, નવેમ્બર ૨૦૨૦થી ૩૧ જુલાઈ, ૨૦૨૪ સુધીમાં, પોલીસે ગેરકાયદેસર ધર્માંતરણના આરોપમાં ૮૩૫થી વધુ FIR નોંધી અને ૧,૬૮૨ લોકોની ધરપકડ કરી હતી. આમાંથી માત્ર ચાર કેસોમાં અત્યાર સુધી આરોપીઓને દોષિત ઠેરવવામાં આવ્યા છે. બીજી બાજુ, ઓગસ્ટ ૨૦૨૪માં ધ વાયર સુધી નિર્દોષ છૂટકારો મેળવનાર લોકોની જાણ કરવામાં આવી ન હતી કે કેવી રીતે બરેલીની એક અદાલતે ગેરકાયદેસર ધર્માંતરણના આરોપોમાંથી બે હિન્દુ પુરુષોને માત્ર નિર્દોષ જ નહીં, પણ પોલીસ અધિકારીઓ સામે ખોટી રીતે ફસાવવા બદલ કાનૂની કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો હતો. જે સ્વયંભૂ હિન્દુત્વવાદી ગૌરક્ષક વ્યક્તિ દ્વારા પાયાવિહોણી ફરિયાદ પર આધારિત છે. સરોજની વાર્તા એવા દુર્લભ કેસોમાંની એક છે જ્યાં અદાલતોએ ગેરકાયદેસર દોષિત ઠેરવવાના આરોપો બાદ કાનૂની કાર્યવાહી પૂર્ણ કરી છે. તેના પર કેસ નોંધવામાં આવ્યાના લગભગ ૧૫ મહિના પછી, સરોજને સપ્ટેમ્બર ૨૦૨૪માં કેસમાંથી મુક્ત કરવામાં આવ્યો હતો કારણ કે સ્થાનિક અદાલતે નિર્ણય કર્યો હતો કે તેની સામે કાર્યવાહી કરવા માટે પૂરતા કારણો કે સાબિતી નથી. માત્ર મામૂલી આરોપો પર ફરિયાદી પક્ષનો કેસ ટ્રાયલના તબક્કે પહોંચે તે પહેલાં જ કેવી રીતે અલગ પડી ગયો તેનો આ એક મહત્વનો અહેવાલ છે.

સરોજ કહે છે કે તેની પત્ની પ્રભા હજુ પણ તેના માથા પર થયેલા ફટકાના પરિણામો સહન કરી રહી છે. તેણી પહેલાની જેમ કામ કરી શકતી નથી અને ઘર અને તેમના ચાર બાળકોની સંભાળ રાખવા માટે સંઘર્ષ કરી રહી છે. આ દંપતીને ૧૩ અને ૯ વર્ષની બે પુત્રીઓ અને ૧૬ અને સાત વર્ષના બે પુત્રો છે. તેણે કહ્યું કે, મારી પત્નીનું માથું ફાટી ગયું હતું અને આ હુમલાના ત્રણથી ચાર મહિના પછી વાસ્તવિક સમસ્યાઓ શરૂ થઈ અને મારે તેને રાયબરેલીની AIIMS હોસ્પિટલમાં એક અઠવાડિયા માટે દાખલ કરવી પડી હતી. તેણી સતત સમસ્યાઓનો સામનો કરે છે. તેણીની દૃષ્ટિને અસર થઈ છે અને પ્રસંગોપાત, તેણી લાંબા સમય સુધી સભાનતા ગુમાવે છે.

> **ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ અને ઝારખંડમાં ભાજપ સરકારો દ્વારા લાવવામાં આવેલા ધર્માંતરણ વિરોધી કાયદાઓ હેઠળ ખોટા આરોપ લગાવ્યા બાદ તેમની કાનૂની લડાઈમાં જીત મેળવનારા લોકો પરના અહેવાલોની શ્રેણીમાં આ પહેલો લેખ છે**
>
> **VHP અને બજરંગ દળના સભ્યો દ્વારા હુમલો કર્યા પછી, સોનુ સરોજ અને તેમના પરિવાર પર વધુ એક હુમલો થયો હતો અને ઉત્તર પ્રદેશ પોલીસે તેમના વિરુદ્ધ રાજ્યના વિવાદાસ્પદ ધર્માંતરણ વિરોધી કાયદાનો દુરુપયોગ કર્યો હતો**

**જાતિના જુલમ સામે લડવાની કિંમત ચૂકવવી પડી છે**

સરોજ કાગળ પર હિંદુ દલિત હોવા છતાં છેલ્લા દસ વર્ષથી તે ઈસુ ખ્રિસ્તની ફિલસૂફી અને ઉપદેશોથી વધુને વધુ પ્રભાવિત થયો છે. તેણે યુટ્યુબ પર ખ્રિસ્ત વિશેના વીડિયો જોવા અને ખ્રિસ્તી પ્રાર્થના સભાઓમાં ભાગ લેવાનું પણ શરૂ કર્યું હતું. શરૂઆતમાં, સરોજને પ્રયાગરાજમાં સમાન વિચાર ધરાવતા લોકો દ્વારા ખ્રિસ્ત તરફ ખેંચવામાં આવ્યા હતા. પરંતુ નિયમિત સભાઓ અને પ્રાર્થના પ્રસંગો માટે ત્યાં મુસાફરી કરવી બોજારૂપ તેમજ ખર્ચાળ હતું. તેથી, એક દિવસ, તેણે પોતાના પરિવાર સાથે પોતાના ઘરમાં પ્રાર્થના સભાઓ યોજવાનું નક્કી કર્યું હતું અને તેમણે નિયમિતપણે સભાઓનું આયોજન કરવાનું ચાલુ રાખવાનું નક્કી કર્યું હતું. જેમ જેમ લોકો વધુ ભેગા થતાં ગયા, ત્યારે તેમણે તેમના માટે એક નાનો શેડ બાંધ્યો હતો. સરોજે તેની હિંદુ ઓળખ જાળવી રાખી છે, અને ઔપચારિક રીતે ખ્રિસ્તી ધર્મમાં રૂપાંતરિત નથી, તેને ઈસુની ઉપચાર શક્તિમાં વિશ્વાસ છે. તે માને છે કે ઈસુ ખ્રિસ્ત સાથેના તેના સંપર્કથી તેના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવ્યું છે અને દારૂના દુરૂપયોગ જેવા તેના ઘણા દૂષણોને દૂર કરવામાં મદદ કરી છે. તે કહે છે કે, મને યાદ છે કે પોલીસ ત્યાંથી પસાર થતી હતી પરંતુ તેઓએ અમને તકલીફ આપી નથી. સાચું કહું તો, શરૂઆતમાં મને અનેક અવરોધો હતા. મેં વિચાર્યું કે આ પણ અન્ય ધર્મોની જેમ જ બનશે, જે ફક્ત ઉપાયો અને ધાર્મિક વિધિઓ સૂચવે છે. તેઓ વળગાડ મુક્તિથી ગ્રસ્ત છે. પણ ઈસુનો સંદેશ કંઈક અલગ જ હતો. તેમની સામેની FIR અસ્પષ્ટ આરોપો પર આધારિત હતી. તેમની પોલીસ ફરિયાદમાં, તિવારીએ ગેરકાનૂની ધર્માંતરણની કોઈ ખાસ ઘટનાનો ઉલ્લેખ કર્યો નથી અથવા પીડિતનું નામ લીધું નથી. તિવારીએ આક્ષેપ કર્યો હતો કે છેલ્લા પાંચ વર્ષથી સરોજ કોદરામાં મંગળવારે અને રવિવારે સત્તાવાળાઓની પૂર્વ પરવાનગી વિના "ચંગાઈસભા"નું આયોજન કરી રહ્યા છે. તિવારીએ આક્ષેપ કર્યો હતો કે, સરોજ હિંદુ ધર્મના લોકોને ખ્રિસ્તી ધર્મ અપનાવવા માટે "ભ્રમિત" કરે છે. સરોજ માને છે કે જમણેરી કાર્યકર્તાઓએ તેમને ઈસુના ઉપદેશોને સ્વીકારવા બદલ સજા કરવા અને અન્ય લોકોને આવી પ્રાર્થનામાં ભાગ લેવાથી ના પાડવા માટે તેમને નિશાન બનાવ્યા હતા. મારી કોઈની સાથે દુશ્મની કે તકરાર ન હતી. પરંતુ મને લાગે છે કે તે મારી જાતિના કારણે હતું. કેટલાક લોકોને ઈર્ષ્યા થાય છે, એવું વિચારીને કે આટલા બધા લોકો, તેમની કાર પડોશમાં પાર્ક કરીને, મારી પ્રાર્થના સભામાં કેવી રીતે આવે છે. ખ્રિસ્તી ફિલસૂફી સાથે સરોજના નવા જોવા મળેલા છતાં આ જટિલ જોડાણમાં તે જાતિના જુલમ સામે દલિતોનો ઐતિહાસિક પ્રતિકાર અને ગૌરવની શોધ પણ છે. જો કે તે સ્વીકારે છે કે તેની પાસે સભાઓ યોજવા માટે સત્તાવાળાઓ પાસેથી પૂર્વ પરવાનગી ન હતી, પણ તે ધાર્મિક રૂપાંતરણના આરોપને નકારી કાઢે છે અને ખ્રિસ્તી ધર્મમાં ઔપચારિક રૂપાંતરથી ઈસુમાં 'વિશ્વાસ' ધરાવે છે. તે કહે છે કે, જ્યારે નીચલી જાતિના લોકો ચર્ચમાં જવાનું શરૂ કરે છે, ત્યારે તેઓ વિકાસ અને શિક્ષિત થવા લાગે છે. તેઓ તેમના બાળકોને પણ શિક્ષિત કરવા માંગે છે અને સૌથી અગત્યનું, તેમના અધિકારો માટે લડતા શીખે છે. પરંતુ સમાજમાં સામંતવાદી અને જાતિવાદી તત્વો આ સહન કરી શકતા નથી. તેઓ ઈચ્છે છે કે અમે અભણ અને અજ્ઞાન રહીએ. તેઓ પસંદ કરે છે કે અમે શાળાઓમાં ભણવાને બદલે તેમના માટે કામ કરીએ. તેમણે દાવો કર્યો છે કે એફઆઈઆર માટે અંગત અણબનાવ પણ પ્રેરિત હોવાનું જણાય છે. આ કેસમાં જામીન માંગતી વખતે, સરોજે સ્થાનિક કોર્ટને જણાવ્યું હતું કે ૧૫ જૂન, ૨૦૨૩ના રોજ અને આ ઘટનાના દસ દિવસ પહેલા, તિવારી તેની મોટરસાઈકલ ઠીક કરાવવા માટે સરોજના ભાડાના ગેરેજમાં આવ્યા હતા. આ સેવા માટે તિવારીએ સરોજ રૂ.૬૦૦ ચૂકવવાના હતા. પરંતુ જ્યારે સરોજે તે આપવા માટે કહ્યું ત્યારે તિવારીએ ગુસ્સામાં પ્રતિક્રિયા આપી અને કથિત રીતે તેની બજરંગ દળની પૃષ્ઠભૂમિ વિશે બડાઈ કરતા કહ્યું કે, તમે મારી પાસેથી પૈસા માંગવાની હિંમત કેવી રીતે કરી, તમે (જાતિવાદી કલંક) છો. સરોજે તેની જામીન અરજીમાં કહ્યું, તિવારીએ તેને કથિત રીતે જે કહ્યું તે પુનરાવર્તન કર્યું. આ સંઘર્ષના પરિણામે, તિવારીએ તેમની સામે ખોટો કેસ નોંધાવ્યો હતો.

**પોલીસ યુપીના ધર્માંતરણ વિરોધી કાયદાના નિયમોનો ભંગ કરી રહી છે**

સરોજે CrPCની કલમ ૨૨૭ હેઠળ ડિસ્ચાર્જ અરજી દાખલ કરી, જે ન્યાયાધીશને આરોપીને મુક્ત કરવાની સત્તા પ્રદાન કરે છે જો ઉપલબ્ધ તમામ સામગ્રીને ધ્યાનમાં લીધા પછી, કોર્ટને લાગે છે કે ફોજદારી કાર્યવાહી માટે પૂરતું કોઈ કારણ નથી. ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ કેસની યોગ્યતાઓ પર વિગતવાર ચર્ચા કર્યા પછી, રાયબરેલીના વધારાના સેશન્સ જજ અમિત કુમાર પાંડેએ સરોજની ડિસ્ચાર્જ અરજી સ્વીકારી હતી. ન્યાયાધીશે ચુકાદો આપ્યો હતો કે ગેરકાયદેસર ધર્માંતરણના આરોપ હેઠળ સરોજ સામે કાર્યવાહીનો કોઈ આધાર નથી.

**હિન્દુત્વવાદી જમણેરી પુરુષો ગામલોકોને ધમકાવતા હતા**

સરોજ સામેનો કેસ યુપીના ધર્માંતરણ વિરોધી કાયદાની કેટલીક આવશ્યક કલમોનું ઉલ્લંઘન કરે છે. કાયદાની કલમ ૩ ખોટી રજૂઆત, બળ, છેતરપિંડી, અયોગ્ય પ્રભાવ, બળજબરી અથવા લાલચના ઉપયોગ અથવા પ્રેક્ટિસ દ્વારા એક ધર્મમાંથી બીજા ધર્મમાં પરિવર્તન પર પ્રતિબંધ મૂકે છે. કલમ ૫ (૧) ઉપરોક્ત ગુના માટે સજા સૂચવે છે: ઓછામાં ઓછી એક વર્ષની જેલની સજા પરંતુ તે પાંચ વર્ષ સુધી લંબાવી શકે છે. જો કથિત પીડિત મહિલા, સગીર, દલિત અથવા આદિવાસી હોય, તો લઘુતમ સજા બે વર્ષની જેલની હશે, જે ૨૫,૦૦૦ રૂપિયાના દંડ સાથે ૧૦ વર્ષ સુધી લંબાવી શકે છે. કાયદાની કલમ ૨ (૧) એ વ્યાખ્યાયિત કરે છે કે કાયદેસર રીતે રૂપાંતરણ કરવા માટે કોણ અધિકૃત છે. "ધર્મ પરિવર્તક"નો અર્થ થાય છે કોઈપણ ધર્મની વ્યક્તિ જે એક ધર્મમાંથી બીજા ધર્મમાં પરિવર્તનનું કોઈપણ કાર્ય કરે છે અને તેને ફાધર, કર્મકાંડી, મૌલવી અથવા મુલ્લા વગેરે જેવા કોઈપણ નામથી ઓળખવામાં આવે છે. સરોજે દલીલ કરી હતી કે તે ધાર્મિક પરિવર્તન કરનાર નથી અને તેથી લોકોને એક ધર્મમાંથી બીજા ધર્મમાં ફેરવવાનો કોઈ અધિકાર નથી.

સૌથી મહત્ત્વની વાત એ છે કે, એફઆઈઆર ૨૦૨૧ એક્ટની કલમ ૪ સાથે પણ વિરોધાભાસી હતી, જે વ્યાખ્યાયિત કરે છે કે ગેરકાનૂની ધર્માંતરણ સામે ફરિયાદ દાખલ કરવા માટે કોણ અધિકૃત છે. કાયદાની કલમ ૪ કહે છે કે કોઈપણ પીડિત વ્યક્તિ, તેના અથવા તેણીના માતા-પિતા, ભાઈ, બહેન અથવા તેના અથવા તેણીના લોહીના સગા, લગ્ન અથવા દત્તક દ્વારા સંબંધિત કોઈપણ અન્ય વ્યક્તિ એફઆઈઆર નોંધાવવા માટે સક્ષમ ગણવામાં આવશે. જો કે, અલ્હાબાદ હાઈકોર્ટ દ્વારા અનેક રીમાઈન્ડર હોવા છતાં, યુપીમાં પોલીસ તૃતીય પક્ષો, અને ખાસ કરીને ઉગ્રવાદી હિંદુત્વ તત્વો, ભારતીય જનતા પાર્ટીના સભ્યો, સ્થાનિક ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને પોલીસ અધિકારીઓને પણ ફરિયાદ નોંધાવવાની છૂટ આપી રહી છે. આ કાનૂની સમસ્યાનો સામનો કરવા માટે, આદિત્યનાથ



સરકારે જુલાઈ ૨૦૨૪માં કાયદાની કલમ ૪માં સુધારો કરીને તેનો વ્યાપ વિસ્તાર્યો અને કોઈપણ વ્યક્તિને ગેરકાનૂની ધર્માંતરણ સામે ફરિયાદ નોંધાવવાની મંજૂરી આપી, પછી ભલે તે પીડિત અથવા પીડિતના સંબંધી ન હોય.

**સરોજ વિરુદ્ધ એફઆઈઆર 'ગેરકાયદેસર' છે**

સરોજના કેસમાં, ગેરકાનૂની ધર્માંતરણનો કોઈ ચોક્કસ ભોગ બન્યો ન હતો, ન તો કોઈ પીડિત વ્યક્તિ દ્વારા એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન, પોલીસે જણાવ્યું હતું કે તેઓએ સરોજ પાસેથી ઓલ્ડ ટેસ્ટામેન્ટ બાઈબલની એક નકલ, બીલીવર્સ બાઈબલ કોમેન્ટરી ન્યૂ ટેસ્ટામેન્ટ (ભાગ ૧), એક ડાયરી, એક રજીસ્ટર અને નવ એન્વલપ્સ રિકવર કર્યા છે. સરોજે જણાવ્યું કે, આ ડાયરીમાં તેમની પ્રાર્થના સભાઓમાં નિયમિત હાજર રહેતા લોકોના નામ અને ફોન નંબરની નોંધ કરવામાં આવી હતી.

**ફરિયાદ પક્ષે અડધા ડઝનથી વધુ સાક્ષીઓને કોર્ટમાં રજૂ કર્યા** - મેવા લાલ ભારતી, વિનોદ મૌર્ય, સુરેશ સિંહ, કુલાઈ, દ્વિજા, સીતા પટેલ, સૂરજ પાલ કૌશલ. તેમાંથી ઘણા તો બજરંગ દળ સાથે જોડાયેલા હતા. એક અવાજમાં, તેઓએ સાક્ષી આપી કે સરોજ "ચંગાળસભાઓ" યોજતા હતા જ્યાં તેણે ખ્રિસ્તી ધર્મ અને ખ્રિસ્ત વિશે સારું બોલતા અને હિંદુ દેવી-દેવતાઓની ટીકા કરતા હતા. ન્યાયાધીશે આ નિવેદનોને કોઈ માન્યતા આપી ન હતી, અને નિર્દેશ કર્યો હતો કે તપાસ અધિકારી એવા એક પણ વ્યક્તિનું નિવેદન રેકોર્ડ કરવામાં નિષ્ફળ રહ્યા હતા જે કાં તો નારાજ હતા અથવા ધર્માંતરણ માટે છેતરાયા હતા. તેમના આદેશમાં, ન્યાયાધીશ પાંડેએ ધ્યાન દોર્યું હતું કે ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરાયેલા કોઈ પણ સાક્ષીએ ગેરકાનૂની ધર્માંતરણ વિશે વાત કરી નથી. તેઓએ માત્ર એટલું જ રેકોર્ડ કર્યું કે સરોજે તેના ઘરે લોકોને ભેગા કર્યા અને ખ્રિસ્તી ધર્મની પ્રશંસા કરી હતી. ન્યાયાધીશ પાંડેએ તારણ કાઢ્યું હતું કે સરોજ સામે દાખલ કરવામાં આવેલી એફઆઈઆર ગેરકાયદેસર હતી. તિવારીને આ મામલે ફરિયાદ કરવાનો કોઈ અધિકાર નથી અને પોલીસને સરોજ વિરુદ્ધ એફઆઈઆર નોંધવાનો કોઈ અધિકાર નથી. ન્યાયાધીશે કહ્યું કે, તિવારી પીડિત વ્યક્તિ ન હતા કે કોઈ કથિત પીડિત સાથે સંબંધિત ન હતા. ન્યાયાધીશે એ પણ અવલોકન કર્યું હતું કે આ એફઆઈઆર સ્પષ્ટ કરતી નથી કે કઈ વ્યક્તિ અથવા સમુદાયનું ધર્માંતરણ કરવામાં આવી રહ્યું છે. જજ પાંડેએ નોંધ્યું હતું કે, સરોજે ખોટી રજૂઆત, લાલચ, બળ, અયોગ્ય પ્રભાવ અથવા દબાણ દ્વારા કોઈ પણ વ્યક્તિને એક ધર્મમાંથી બીજા ધર્મમાં ફેરવવાનો પ્રયાસ કર્યો હોય તેવા કોઈ સાક્ષી ન હતા. ન્યાયાધીશે એ પણ કહ્યું છે કે કોઈના ઘરેથી બાઈબલ જેવા ધાર્મિક પુસ્તકો પુનઃપ્રાપ્ત કરવાથી તેઓ ૨૦૨૧ના અધિનિયમ હેઠળ આપમેળે દોષિત બનતા નથી. ધર્માંતરણ વિરોધી કેસ સરોજની લડાઈનો માત્ર એક ભાગ હતો. જમણેરી કાર્યકર્તાઓ દ્વારા તેમના પર અને તેમના પરિવાર પર હુમલો કરવામાં આવ્યા પછી, તેમણે તેમના વિરુદ્ધ એફઆઈઆર નોંધવા માટે સંઘર્ષ કર્યો હતો. આખરે, તેણે ફોજદારી કેસની નોંધણી માટે સ્થાનિક કોર્ટનો સંપર્ક કરવો પડ્યો અને ફેબ્રુઆરી ૨૦૨૪માં, સાત વ્યક્તિઓ અને ૧૦ અજાણ્યા અન્ય લોકો વિરુદ્ધ FIR દાખલ કરવામાં આવી. આરોપીઓમાં બજરંગ દળના જિલ્લા સંયોજક સુરેશસિંહ અને તેના કથિત સહયોગીઓ પપ્પુકૌશલ, રામ સજીવન, સતીશ જોશી, અમનસિંહ, શિવા અને ધીરજ કૌશલનો સમાવેશ થાય છે. તેમની સામે હત્યાના પ્રયાસ, હુમલો અને ધાર્મિક સભાઓમાં ખલેલ પહોંચાડવા સહિત અન્ય ગુનાઓ માટે કેસ નોંધવામાં આવ્યો હતો. ગેરકાયદે ધર્માંતરણના ખોટા આરોપોમાંથી તેને મુક્ત કરવામાં આવ્યો હોવા છતાં, સરોજ આ કેસમાં ન્યાય માટે બહુ આશાવાદી નથી. ધ વાયરે તિવારી સાથે વાત કરી હતી પરંતુ તેમણે આશ્ચર્યજનક રીતે તમામ દસ્તાવેજી પુરાવાઓ સામે કહ્યું હતું કે સરોજ વિરુદ્ધ ફરિયાદ તેમણે નહીં પણ સુરેશસિંહે જ કરી હતી. તેણે વધુ કોઈ ટિપ્પણી કરી ન હતી અને પોતાને આ બાબતથી દૂર રાખ્યા હતા. તેણે ધ વાયરને સિંઘનો સંપર્ક કરવા કહ્યું, જેનો સંપર્ક થઈ શક્યો ન હતો.

- ઓમર રશીદ

(સૌ. : ધ વાયર)

# કેજરીવાલના 'પૂર્વાંચલ' વિધાનોથી દિલ્હીમાં રાજકીય ભડકો થયો, ભાજપે પૂર્વ CMના નિવાસસ્થાનની બહાર જોરદાર દેખાવો કર્યા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

દિલ્હી વિધાનસભાની ચૂંટણીઓ પહેલા આમ આદમી પાર્ટીના વડા કેજરીવાલે કરેલા વિધાનોથી રાજકીય જંગ ઉગ્ર બની ગયો છે. અરવિંદ કેજરીવાલના પૂર્વાંચલ વિધાનોને પગલે ભાજપે જોરદાર વિરોધ કર્યો છે અને મોટી સંખ્યામાં કાર્યકરો પૂર્વ સીએમના નિવાસસ્થાને પહોંચી ગયા હતા અને દેખાવો કર્યા હતા. તેમણે બેરિકેડ તોડી પાડતા પોલીસે પાણીનો જોરદાર મારો ચલાવ્યો હતો અને એમને પૂર્વ સીએમના નિવાસસ્થાનમાં જતા અટકાવ્યા હતા. દેખાવકારોએ હાથમાં એવા લખાણના બે બેનર ફરકાવ્યા હતા કે, પૂર્વાંચલ વિરોધી કેજરીવાલ મુર્દાબાદ એવા સૂત્રો પોકારવામાં આવ્યા હતા અને લિટ્ટી ચોખા ખાયેંગે ઔર કેજરીવાલ ભગાએંગે એવા સૂત્રો પોકારવામાં આવ્યા હતા. કેજરીવાલે ગઈકાલે એવું કહ્યું હતું કે, ભાજપ મતદારીયાદીઓમાં ઘાલમેલ કરાવી રહ્યો છે અને ૧૩,૦૦૦ નવા નામો નાખવામાં આવ્યા છે એ બધા બિહાર અને યુપીના બનાવટી મતદારો છે. આની સામે ભાજપ નેતાઓએ એવું કહ્યું હતું કે, અરવિંદ કેજરીવાલ પહેલેથી જ પૂર્વાંચલ સમુદાયના વિરોધી રહ્યા છે અને કોવિડ મહામારીના સમયમાં પણ તેમણે આ સમુદાય સામે વાંધાજનક નિવેદનો કર્યા હતા અને હવે તેઓ એમને બનાવટી મતદારો કહીને બોલાવી રહ્યા છે. તેમ ભાજપના સાંસદ મનોજ તિવારીએ જણાવ્યું હતું અને ઉમેર્યું હતું કે, અમે આ અપમાન ભૂલીશું નહીં અને યુપી તથા ઝારખંડ અને બિહારના લોકો પણ ભૂલશે નહીં. આ વિશ્વાસઘાત દિલ્હીવાસીઓના મનમાં હંમેશા જીવતો રહેશે. બીજી તરફ કેજરીવાલે એવું કહ્યું હતું કે, એ આમ આદમી પાર્ટી જ છે જેણે પૂર્વાંચલના લોકોને દિલ્હીમાં સન્માન આપ્યું છે અને ગરીમા અને જીવન જીવવાનો અધિકાર આપ્યો છે. હું ચૂંટણી પંચ પાસે એટલા માટે ગયો હતો કે, એ લોકો રોહિંગ્યા અને બાંગ્લાદેશીઓના નામે પૂર્વાંચલ મતદારોના નામો જ દૂર કરાવી રહ્યા છે અને એમની સામે ખોટા આક્ષેપો કરી રહ્યા છે. ભાજપે તો દિલ્હીમાં રહેતા પૂર્વાંચલના લોકો માટે કશું કર્યું નથી પણ એ આમ આદમી પાર્ટી જ છે જે ભારતીય સમુદાયના લોકોને અહીં સન્માન અને ગૌરવ સાથે જીવવાની તક આપી છે.

> **ભાજપના કાર્યકરોએ બેરિકેડો તોડી નાંખવાનો પ્રયાસ કરતા પોલીસે રોકવા માટે પાણીનો જબરો મારો ચલાવ્યો**

# મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીઓમાં ભાજપે સપાટો બોલાવ્યો એ માટે RSSને યશ આપતા શરદ પવાર, આશ્ચર્યજનક વળાંક

(એજન્સી) મુંબઈ, તા.૧૦

એનસીપીના પ્રમુખ અને મહારાષ્ટ્રના વરિષ્ઠ આગેવાન શરદ પવારે આશ્ચર્યજનક વિધાન કરીને રાજકીય ચર્ચા જગાવી છે. મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીઓમાં ભાજપના અભૂતપૂર્વ વિજય માટે તેમણે આરએસએસને અને તેની પરિશ્રમ ભરી કામગીરીને યશ આપ્યો છે.

મુંબઈમાં પક્ષના કાર્યકરોને સંબોધન કરતા પીઢ નેતાએ એવું જણાવ્યું હતું કે, ભાજપને નવેમ્બરની ચૂંટણીઓમાં જોરદાર સફળતા મળી અને ૧૪૯ બેઠકોમાંથી ૧૩૨ બેઠકો આવી તે ભાજપની સફળતા પાછળનું ચાવીરૂપ કારણ આરએસએસની કાર્યપદ્ધતિ છે અને તેનું આક્રમક હિન્દુત્વ પ્રચાર અભિયાન છે જે ભાજપની સફળતા પાછળ ચાવીરૂપ સ્તંભ છે.

તેમણે એ યાદ કરાયું હતું કે, ૧૯૫૭માં મહારાષ્ટ્રમાં કોંગ્રેસ સાફ થઈ ગઈ હતી અને પછી તેનું જોરદાર પુનરાગમન થયું હતું અને ૧૯૬૨ અને ૧૯૭૭માં ભવ્ય જીત હાંસલ કરી હતી.

તેમણે કહ્યું હતું કે, અમારી પાર્ટી લોકસભાની ચૂંટણીઓના વિજય બાદ નિષ્ક્રિય થઈ ગઈ હતી જ્યારે બીજી તરફ અમારા હરીફો સતત લોકરંજક યોજનાઓ જાહેર કરતા રહ્યા હતા અને ચાવીરૂપ નિર્ણયો લેતા રહ્યા હતા અને અવિરત પ્રયાસો કરતા રહ્યા હતા. આરએસએસના સમર્પિત કાર્યકરોની કામગીરીનું ઉદાહરણ આપતા શરદ પવારે એ કબૂલ કર્યું હતું કે, છેક છેલ્લી હરોળના કાર્યકર સુધી અને પાયા સુધી પહોંચીને આરએસએસએ સંગઠન ખૂબ જ પદ્ધતિસર કામ કરે છે. આરએસએસની કામગીરીમાંથી પ્રેરણા લેતા તેમણે કહ્યું હતું કે, અમારૂં પક્ષ આગામી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓમાં નબળા વર્ગોની મહિલાઓને ૫૦ ટકા બેઠકો આપશે. નાના કાર્યકરોને પણ આગળ લાવીને એમને મહત્ત્વની જવાબદારીઓ રાજ્ય તથા રાષ્ટ્રીય કક્ષાએ સોંપવામાં આવશે.

# નિજ્જર હત્યાના આરોપીને જામીન નહીં, કેનેડા કોર્ટે ફરજિયાત અટકાયતનો આદેશ આપ્યો

(એજન્સી) તા.૧૦

કેનેડિયન અધિકારીઓએ એવા અહેવાલોને ફગાવી દીધા છે જેમાં દાવો કરવામાં આવ્યો છે કે બ્રિટિશ કોલંબિયામાં ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યાના આરોપી ચાર ભારતીયોને જામીન આપવામાં આવ્યા છે. તેમણે સ્પષ્ટતા કરી કે બધા આરોપીઓ ફરજિયાત અટકાયતના આદેશો હેઠળ કસ્ટડીમાં છે. કેનેડાના એટર્ની જનરલ મંત્રાલયના વરિષ્ઠ અધિકારી એન સીમોરે જણાવ્યું હતું કે ફરજિયાત અટકાયતનો આદેશ આપનાર બ્રિટિશ કોલંબિયા કોર્ટે આગામી સુનાવણી ફેબ્રુઆરીમાં નક્કી કરી છે. અધિકારીએ જણાવ્યું હતું કે આરોપીઓ ૧૧ ફેબ્રુઆરીએ કેસ મેનેજમેન્ટ કોન્ફરન્સમાં હાજર રહેવાના છે, અને પ્રી-ટ્રાયલ અરજીઓ પર વિચાર કરવામાં આવશે, અને તે મુજબ ટ્રાયલની તારીખો નક્કી કરવામાં આવશે. કોર્ટ દ્વારા જારી કરાયેલ અટકાયતના આદેશો ખાતરી કરે છે કે આરોપી ટ્રાયલ શરૂ થાય ત્યાં સુધી કસ્ટડીમાં રહેશે. જોકે ન્યાયાધીશ પછીથી જામીન અરજીની સમીક્ષા કરી શકે છે, પરંતુ આરોપોની ગંભીરતા - ફર્સ્ટ-ડિગ્રી હત્યા અને હત્યાનું કાવતરૂં - જામીન મેળવવાની શક્યતા ઓછી કરે છે. ખાસ કરીને આરોપીને મુક્ત કરવામાં આવ્યા હોવાના અહેવાલોને સંબોધતા, સીમોરે સ્પષ્ટતા કરી કે આવી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી, ભારપૂર્વક જણાવ્યું હતું કે હાલમાં આરોપી માટે કોઈ જામીન નથી. સુનાવણી સુનિશ્ચિત કરવામાં આવી નથી. 'કોર્ટે ચારેય આરોપીઓ પર ફરજિયાત અટકાયતનો આદેશ લાદ્યો છે. ચારેય આરોપીઓ હજુ પણ કસ્ટડીમાં છે, અને જામીન પર કોઈ સુનાવણી નક્કી કરવામાં આવી નથી,' સીમોરે જણાવ્યું. જો કે કોર્ટના રેકોર્ડમાં પ્રતિવાદીઓની અટકાયત સ્થિતિ 'N' તરીકે સૂચિબદ્ધ છે, જે દર્શાવે છે કે તેમને કસ્ટડીમાં લેવામાં આવ્યા નથી, અને તેમની મુક્તિના અહેવાલો પણ આવ્યા છે, અધિકારી સીમોરે પુષ્ટિ આપી કે તેઓ અટકાયતના આદેશો હેઠળ કસ્ટડીમાં છે.

**હદીસ બોધ**

સાચી ખુશી આપવામાં છે. લેવા કે માંગવામાં નથી.
- હદીસ બોધ

**બોધ વચન**

જે માણસ નાની બાબતમાં રસ લઈ શકતો નથી તે મહાન બાબતમાં રસ લેતો હોય ત્યારે તે ઢોંગ કરતો હોય છે. - રસ્કિન

**આજની આરસી**

૧૧ જાન્યુઆરી શનિવાર ૨૦૨૫
૧૦ રજબ હિજરી ૧૪૪૬
પોષ સુદ તેરસ સંવત ૨૦૮૧
સુબ્હ સાદિક ૫-૫૯
ખત્મે ઝવાલ ૧૨-૪૭
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૭-૨૩
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૬-૧૨

વિશ્વપ્રસિદ્ધ વિદ્વાન શાયર 'અલ્લામા ઈકબાલ' કોઈ પરિચયના મોહતાજ નથી... એમણે દાયકાઓ પહેલાં જે લખ્યું છે એ આજે પણ એટલું જ પ્રાસંગિક છે ત્યારે તેમની ફિલસુફીથી છલોછલ એવી ઈલ્મી રચનાઓને અહીં સરળ ગુજરાતીમાં ભાવાનુવાદ સાથે સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

**અલ્લામા મુહમ્મદ ઈકબાલની શાયરી /ભાવાનુવાદ**

**અલ્લાહ સે કરે દૂર વો તાલીમ ભી ફીતના,**
**ઈમલાક ભી, ઔલાદ ભી, જાગીર ભી ફીતના**
**નાહક કે લીએ ઊઠે તો શમશીર ભી ફીતના,**
**શમશીર હી કયા નારા-એ-તકબીર ભી ફીતના**
**ઈમલાક = સંપત્તિ**
**-(ભાવાનુવાદ કર્તા અલ્તાફહુસૈન સૈયદ)**

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - **વ્યવસ્થાપક**

# યુવરાજસિંહની કારકિર્દી કોહલીના કારણે સમાપ્ત થઈ : ઉથપ્પાનો ગંભીર આરોપ





નવી દિલ્હી, તા.૧૦
ટીમ ઈન્ડિયાના પૂર્વ ઓપનર રોબિન ઉથપ્પાએ ગંભીર આરોપ લગાવતા કહ્યું કે, યુવરાજ સિંહની કારકિર્દી સમાપ્ત કરવામાં વિરાટ કોહલીનો મોટો હાથ હતો. તેનું કહેવું છે કે, જ્યારે યુવરાજ કેન્સરની લડાઈ લડ્યા બાદ ટીમમાં આવ્યો તો તે ફરી ડ્રોપ થઈ ગયો હતો. ત્યારબાદ જ્યારે વિરાટ કોહલી કપ્તાન બન્યો તો યુવરાજ સિંહ ફરીથી ટીમમાં પુનરાગમન કરવા માંગતો હતો પણ કોહલી પૂરી ફિટનેસ સાથે જે તેને ટીમમાં ઈચ્છતો હતો. ઉથપ્પાએ આરોપ લગાવ્યો કે, કોહલીએ યુવરાજ સિંહને કોઈપણ જાતની છૂટ આપી નહીં, ત્યાં સુધી કે તેણે એ પણ જણાવ્યું કે, યુવરાજ સિંહે તેને ટેસ્ટમાં બે પોઈન્ટ ઓછા કરવા કહ્યું હતું પણ તેના માટે પણ વિરાટ માન્યો નહીં. ઉથપ્પાએ યુવરાજને ભારતીય ટીમમાંથી બહાર કરવા માટે કોહલીને દોષિત ગણાવ્યો છે. ઉથપ્પાએ કહ્યું કે, યુવીનું ઉદાહરણ લો. તેણે કેન્સરને હરાવ્યું અને તે ઈન્ટરનેશનલ ટીમમાં પુનરાગમનનો પ્રયાસ કરી રહ્યો હતો. તે એવો વ્યક્તિ છે જેણે આપણને વર્લ્ડકપ જીતાડ્યો, અન્ય ખેલાડી સાથે મળીને બે વર્લ્ડકપ જીત્યા અને આપણને જીત અપાવવામાં મહત્ત્વની ભૂમિકા નિભાવી પછી આવા ખેલાડી માટે જ્યારે તમે કપ્તાન બનો છો તો તમે કહો છો કે, તેના ફેફસાંની ક્ષમતા ઓછી થઈ ગઈ છે. તેણે કહ્યું કે, તમે તેને સંઘર્ષ કરતા જોયો છે પછી જ્યારે તમે કપ્તાન બનો છો તો હા તમારે એક સ્ટાન્ડર્ડ બનાવી રાખવાનું છે પણ નિયમોમાં હંમેશા છૂટ હોય છે. તે એક એવો વ્યક્તિ છે જે છૂટનો હકદાર છે. કારણ કે, તેણે ના ફક્ત તમને ટુર્નામેન્ટ જીતાડી છે પણ તેણે કેન્સરને પણ હરાવ્યું છે. આ રીતે તેણે જીવનના સૌથી કઠિન પડકારોને હરાવ્યા છે. આવા વ્યક્તિ માટે કંઈક સવાલ ઊઠે છે.

# ગૌતમ ગંભીર ઢોંગી છે : મનોજ તિવારી

**મનોજ તિવારીનું કહેવું છે કે, ગંભીર પહેલા IPL અને ભારતીય સપોર્ટ સ્ટાફમાં વિદેશી કોચની વિરુદ્ધ હતા, તે કહેતા હતા કે, વિદેશી કોચની ટીમ પ્રતિ કોઈ ફિલિંગ્સ અને ઈમોશન હોતી નથી, બસ તગડી કમાણી કરે છે, હવે તેમણે બે વિદેશી કોચ રાખ્યા છે**

નવી દિલ્હી, તા.૧૦
ગૌતમ ગંભીર ઢોંગી છે, તેઓ જે કહે છે તે કરતા નથી. ટીમ ઈન્ડિયાના પૂર્વ ક્રિકેટર મનોજ તિવારીનું આવું કહેવું છે. તેમણે ગંભીરને ઢોંગી કહેવાનું કારણ પણ જણાવ્યું છે. તેમનું કહેવું હતું કે, ગંભીર પહેલા આઈપીએલ અને ભારતીય સપોર્ટ સ્ટાફમાં વિદેશી કોચની વિરુદ્ધ હતા, તેઓ કહેતા હતા કે, વિદેશી કોચના ટીમના પ્રતિ કોઈ ઈમોશન અને ફિલિંગ્સ હોતી નથી, બસ તે મોટી કમાણી કરે છે પણ જ્યારે ગંભીરનો પોતાનો વારો આવ્યો તો તેમણે એક નહીં પણ પોતાના સપોર્ટ સ્ટાફમાં પોતાની મરજીથી બે-બે વિદેશી કોચ લીધા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ટીમ ઈન્ડિયાના હેડ કોચ બન્યા બાદ ગૌતમ ગંભીરે બીસીસીઆઈ સમક્ષ પોતાની પસંદના સપોર્ટ સ્ટાફની માંગ કરી હતી. ફિલ્ડિંગ કોચના રૂપમાં રયાન ટેન ડોશેટને તો બોલિંગ કોચના રૂપમાં મોર્ને મોર્કલની પસંદગી કરી હતી, જ્યારે બેટિંગ કોચ અભિષેક નાયર છે. આ ત્રણેય આઈપીએલમાં ગૌતમ ગંભીર સાથે કામ કરી ચૂક્યા છે. એક ઈન્ટરવ્યુમાં મનોજ તિવારીએ કહ્યું કે, તે એક હિપોક્રેટ (ઢોંગી) માણસ છે, ઢોંગી એટલા માટે કારણ કે, તે જે કહે છે તે કરતા નથી. એક ઈન્ટરવ્યુમાં ગંભીરે કહ્યું હતું કે, જેટલા પણ વિદેશી કોચ છે જે આઈપીએલમાં કોચિંગ માટે આવે છે, ટીમ ઈન્ડિયાના સપોર્ટ સ્ટાફમાં કોચ બને છે. તેમનું ટીમ પ્રતિ કોઈ ઈમોશન કોઈ ફિલિંગ હોતી નથી, આ લોકોને લેવા જોઈએ નહીં. આ લોકો આવે છે અને મજા કરે છે, ઘણા પૈસા લે છે કોઈપણ જાતના ઈમોશન વગર જતા રહે છે.

# છતરપુર : મંદિરનો પ્રસાદ પણ અસ્પૃશ્યતાથી પર નથી, દલિત પરિવારનો સરપંચ પર આરોપ

**અન્ય એક પીડિત રાજુ કુશવાહાએ એમ પણ કહ્યું કે તેમનો પણ બહિષ્કાર કરવામાં આવ્યો હતો કારણ કે તેમણે દલિત પરિવારનો પ્રસાદ ખાધો હતો, હવે કોઈ તેમને ગામમાં આમંત્રણ આપતું નથી**

(એજન્સી) તા.૧૦
મધ્યપ્રદેશના છતરપુર જિલ્લાના એક ગામમાં અસ્પૃશ્યતા અને જાતિવાદની જૂની પ્રથાઓ હજુ પણ જીવંત છે, જે હજુ પણ દલિત પરિવારો માટે મુશ્કેલીનું કારણ બની રહી છે. તાજેતરનો કિસ્સો સતાઈ પોલીસ સ્ટેશનના અતરાર ગામનો છે, જ્યાં એક દલિત વ્યક્તિએ પુજારી દ્વારા હનુમાન મંદિરમાં પ્રસાદ ચઢાવ્યો અને પછી તેને ગામના કેટલાક લોકોમાં વહેંચી દીધો. આ પછી ગામના સરપંચ સંતોષ તિવારીને આ વાતની જાણ થતાં જ તેમણે દલિત પરિવાર અને પ્રસાદ ખાનારા પાંચ લોકોનો સામાજિક બહિષ્કાર કર્યો. આ કેસમાં ગ્રામજનોનો આરોપ છે કે સરપંચના આદેશ પછી તેમને લગ્ન, તેરમા દિવસ કે ચોક જેવા કોઈપણ સામાજિક કાર્યક્રમમાં આમંત્રણ આપવામાં આવી રહ્યું નથી. આ કારણે તેઓ માનસિક ત્રાસનો સામનો કરી રહ્યા છે. પીડિત દલિત પરિવારે આ બાબતે એસપીને ફરિયાદ કરી છે અને યોગ્ય કાર્યવાહીની માંગણી કરી છે. પોલીસ આ મામલાની તપાસ કરી રહી છે અને કાર્યવાહી કરવાની ખાતરી આપી છે.

**ગામમાંથી દલિતનો બહિષ્કાર**

પીડિત જગત આહિરવારે જણાવ્યું કે તેણે ૨૦ ઓગસ્ટે મંદિરમાં પૂજારીને પ્રસાદ ચઢાવ્યો હતો, ત્યારબાદ તેનો બહિષ્કાર કરવામાં આવ્યો હતો. આ સાથે ગામના ૨૦ જેટલા લોકો જેમણે પ્રસાદ ખાધો



હતો તેમનો પણ સામાજિક બહિષ્કાર કરવામાં આવ્યો છે કારણ કે તે દલિત સમુદાયમાંથી આવે છે. આ બધું અસ્પૃશ્યતાની પ્રથાને કારણે થઈ રહ્યું છે. બીજા પીડિત રાજુ કુશવાહાએ પણ જણાવ્યું કે તેનો પણ બહિષ્કાર કરવામાં આવ્યો હતો કારણ કે તેણે દલિત પરિવારનો પ્રસાદ ખાધો હતો. હવે ગામમાં કોઈ તેને બોલાવતું નથી.

**આરોપી સરપંચે આ કેસમાં શું કહ્યું**

તે જ સમયે ગામના સરપંચ સંતોષ તિવારી કહે છે કે આ બધું ચૂંટણીની દુશ્મનાવટને કારણે થઈ રહ્યું છે કારણ કે જગત આહિરવાર ગત ચૂંટણીમાં તેમની વિરૂદ્ધ ચૂંટણી લડ્યા હતા અને હારી ગયા હતા. તેથી તે આરોપો લગાવી રહ્યા છે. છતરપુર જિલ્લાના બિજાવર એસડીઓપી શશંકર જૈને જણાવ્યું હતું કે તેમને આ મામલે અરજી મળી છે અને આ મામલો ગંભીર છે. તેમણે કહ્યું કે તપાસ કરવામાં આવી રહી છે અને યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

# હિન્દી આપણી રાષ્ટ્રીય ભાષા નથી, કોલેજમાં નિવેદન આપી અશ્વિન ફસાયો

નવી દિલ્હી, તા.૧૦
ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી સંન્યાસ બાદ ટીમ ઈન્ડિયાનો સ્ટાર સ્પિનર અશ્વિન કોઈના કોઈ કારણે ચર્ચામાં રહે છે. હાલમાં જ એક ખાનગી કોલેજની ગ્રેજ્યુએશન સેરેમનીમાં પહોંચેલા અશ્વિને એવું નિવેદન આપ્યું કે તે ચર્ચામાં આવી ગયો. તેનું આ નિવેદન હિન્દી ભાષાને લઈ હતું. સેરેમની દરમ્યાન વિદ્યાર્થીઓને સંબોધિત કરતા અશ્વિને વિદ્યાર્થીઓને પૂછ્યું કે, તેઓ કઈ ભાષામાં ભાષણ સાંભળવાનું પસંદ કરશે, ઈંગ્લીશ, તમિલ કે પછી હિન્દીમાં. જ્યારે હિન્દીને લઈ વિદ્યાર્થીઓને પૂછ્યું તો બધા ચૂપ થઈ ગયા, ત્યારે અશ્વિને કહ્યું કે, હિન્દી ભારતની રાષ્ટ્રીય ભાષા નથી. અશ્વિને ભાષણની શરૂઆતમાં સૌથી પહેલા પૂછ્યું કે, ઈંગ્લીશમાં કોણ સાંભળવા માંગશે, આના પર વિદ્યાર્થીઓની સામાન્ય પ્રતિક્રિયા આવી પણ જ્યારે તેણે તમિલને લઈ પૂછ્યું તો વિદ્યાર્થીઓનો જોરદાર અવાજ થયો. ત્રીજું અશ્વિને હિન્દીને લઈ સવાલ કર્યો તો એકદમ સન્નાટો છવાઈ ગયો હતો, જો કે, થોડીવાર બાદ એક-બે અવાજ આવ્યા. ત્યારે અશ્વિને કહ્યું કે, મેં વિચાર્યું કે, મારે આ કહેવું જોઈએ : હિન્દી આપણી રાષ્ટ્રીય ભાષા નથી, આ એક સત્તાવાર ભાષા છે.

# અમેરિકામાં અમિત શાહ વિરૂદ્ધ આંબેડકરવાદીઓ રસ્તા પર ઊતર્યા

**દલિત સમુદાય ઉપરાંત લઘુમતી સમુદાયના લોકોએ પણ આ વિરોધમાં ભાગ લીધો. તેમણે સ્પષ્ટ કર્યું કે બાબાસાહેબ આંબેડકર વિના ભારતની કલ્પના કરી શકાતી નથી, આ દરમિયાન આંબેડકરવાદીઓએ સ્પષ્ટ કર્યું કે જ્યાં સુધી અમિત શાહ માફી નહીં માંગે ત્યાં સુધી આ વિરોધ બંધ નહીં થાય**




(એજન્સી) તા.૧૦
આ પછી અમેરિકામાં પણ આંબેડકરવાદીઓમાં ગુસ્સો ફાટી નીકળ્યો છે. તાજેતરમાં ન્યૂયોર્કમાં આંબેડકરવાદીઓ દ્વારા કરવામાં આવેલા વિરોધ પછી હવે ૪ જાન્યુઆરીએ અમેરિકાના ટેક્સાસના ડલ્લાસમાં આંબેડકરવાદીઓએ અમિત શાહ પર ઉગ્ર હુમલો કર્યો. અહીંના સિટી હોલમાં સોથી વધુ આંબેડકરવાદીઓ ભેગા થયા અને અમિત શાહ વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કર્યા. સ્પષ્ટ છે કે સંસદમાં બંધારણ પર ચર્ચા દરમિયાન અમિત શાહે જે રીતે બાબાસાહેબ પર ટિપ્પણી કરી, તેનાથી માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં રહેતા આંબેડકરવાદીઓએ તેમના વિરૂદ્ધ મોરચો ખોલી દીધો છે અને તેઓ કોઈપણ સંજોગોમાં અમિત શાહને માફ કરવાના મૂડમાં નથી. ખાસ વાત એ હતી કે દલિત સમુદાય ઉપરાંત, લઘુમતી સમુદાયના લોકોએ પણ આ વિરોધમાં ભાગ લીધો હતો. તેમણે સ્પષ્ટ કર્યું કે બાબાસાહેબ આંબેડકર વિના ભારતની કલ્પના કરી શકાતી નથી. આ દરમિયાન આંબેડકરવાદીઓએ સ્પષ્ટ કર્યું કે જ્યાં સુધી અમિત શાહ માફી નહીં માંગે ત્યાં સુધી આ વિરોધ બંધ થવાનો નથી.

# ૧૫૦ કિ.મી.ની ઝડપે બોલ ફેંકનાર વરૂણ એરોને સંન્યાસ લીધો

નવી દિલ્હી, તા.૧૦
ઝડપી બોલર વરૂણ એરોને શુક્રવારે રમતના બધા ફોર્મેટમાંથી સંન્યાસની જાહેરાત કરી છે. વરૂણ એરોન પોતાની તોફાની બોલિંગ માટે ઘણો પ્રખ્યાત હતો. જો કે, તે ઈન્ટરનેશનલ લેવલે પોતાની ચમક જાળવી શક્યો નહીં અને ભારત માટે ૧૦ મેચ જ રમી શક્યો. એરોન ૨૦૧૦-૧૧માં વિજય હજારે ટ્રોફી દરમ્યાન ચર્ચામાં આવ્યો હતો. આ દરમ્યાન તેણે ૧૫૦ કિલોમીટરની સ્પીડથી બોલિંગ કરી હતી. ઝડપી બોલર વરૂણ એરોનની કારકિર્દી ઈજાના કારણે લાંબી ચાલી નહીં. તેણે ભારત માટે ઓક્ટોબર ૨૦૧૧માં ડેબ્યુ કર્યું હતું. ડેબ્યુ મેચમાં તેણે ત્રણ વિકેટ ઝડપી હતી. તેણે ભારત માટે રમતા ૧૮ મેચોમાં ૨૯ વિકેટ ઝડપી હતી. જો કે, એરોન નિયમિત રૂપથી ઝારખંડ માટે ઘરેલુ ક્રિકેટ રમી રહ્યો હતો. વરૂણે ઈન્સ્ટાગ્રામ પર લખ્યું કે, છેલ્લા ૨૦ વર્ષ હું ઝડપી બોલિંગના રોમાંચને જીવ્યો છું. ખૂબ જ આભાર સાથે ક્રિકેટમાંથી સંન્યાસની જાહેરાત કરૂં છું.

## કેએલ રાહુલે ઈંગ્લેન્ડ વિરૂદ્ધ બ્રેક માંગ્યો

# મને ટીમમાં ના લો : રાહુલ

નવી દિલ્હી, તા.૧૦
ઓસ્ટ્રેલિયા પ્રવાસ બાદ ટીમ ઈન્ડિયાને ઈંગ્લેન્ડ સાથે લિમિટેડ ઓવરની સિરીઝ રમવાની છે. ૨૨ જાન્યુઆરીએ ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે સિરીઝની શરૂઆત થશે. જેના માટે ટીમ ઈન્ડિયાની પસંદગી થવાની છે. અનુભવી ખેલાડી કેએલ રાહુલે ઈંગ્લેન્ડ વિરૂદ્ધ આ સિરીઝમાંથી પોતાને બહાર રાખવાનો નિર્ણય કર્યો છે અને આને લઈ તેણે મુખ્ય પસંદગીકાર અજીત અગરકર સાથે વાત કરી લીધી છે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે પાંચ ટી-૨૦ અને ત્રણ વન-ડે મેચોની સિરીઝ રમાશે. કે.એલ. રાહુલ બોર્ડર ગાવસ્કર ટ્રોફીના લાંબા પ્રવાસ બાદ પોતાની ફિટનેસ અને મેન્ટલ કન્ડિશનને ધ્યાનમાં રાખતા અમુક સમય માટે બ્રેક ઈચ્છે છે. બીસીસીઆઈના એક સૂત્રએ પીટીઆઈને જણાવ્યું હતું કે કે.એલ. રાહુલે ઈંગ્લેન્ડ સિરીઝ માટે બ્રેક માંગ્યો છે પણ તે ચેમ્પિયન્સ ટ્રોફી માટે પસંદગી માટે ઉપલબ્ધ રહેશે. આવી સ્થિતિમાં હવે રિષભ પંત ટીમનો મુખ્ય વિકેટ કીપર હશે જ્યારે સંજુ સેમસનને બેકઅપમાં રાખવામાં આવશે.

# ઓડિશામાં આદિવાસી વિદ્યાર્થીઓને અભ્યાસ માટે સરકાર ૫,૦૦૦ રૂપિયા આપશે

**યુનિસેફના અહેવાલ મુજબ, ઓડિશાના આદિવાસી સમુદાયના મોટી સંખ્યામાં બાળકો શાળા છોડી દે છે અને લગભગ ૫૦% છોકરીઓ નાની ઉંમરે લગ્ન કરી લે છે**

(એજન્સી) તા.૧૦
આદિવાસી યુવાનોનો અભ્યાસ બંધ થવો એ એક મોટી સમસ્યા રહી છે. પરિવાર અભ્યાસનો ખર્ચ ઉઠાવી શકતો નથી અને પરિણામે મોટાભાગના વિદ્યાર્થીઓનો અભ્યાસ અધૂરો રહે છે. ઓડિશા સરકારે આને ધ્યાનમાં રાખીને એક મોટું પગલું ભર્યું છે. ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ ૫ જાન્યુઆરીએ વાર્ષિક આદિવાસી મેળાનું ઉદ્ઘાટન કરતી વખતે આ દિશામાં એક મોટી જાહેરાત કરી છે. આ દરમિયાન, તેમણે શહીદ માધો સિંહ હાથ ખર્ચા યોજના શરૂ કરી. આ યોજના હેઠળ, સરકાર રાજ્યભરની સરકારી અને સહાયિત શાળાઓમાં ધોરણ ૯ અને ૧૧માં અભ્યાસ કરતા દરેક આદિવાસી વિદ્યાર્થીને પાંચ હજાર રૂપિયાની સહાય આપશે. યોજના શરૂ કરતી વખતે, મુખ્યમંત્રીએ ૧.૬ લાખ આદિવાસી વિદ્યાર્થીઓને ૮૦ કરોડ રૂપિયાની નાણાકીય સહાય આપી. મુખ્યમંત્રી માઝીએ જાહેરાત કરી કે રાજ્ય સરકાર દર વર્ષે લગભગ બે લાખ આદિવાસી વિદ્યાર્થીઓને નાણાકીય પ્રોત્સાહન આપશે. તમને જણાવી દઈએ કે ઓડિશાની કુલ વસ્તીના લગભગ એક ચતુર્થાંશ (૨૩%) લોકો અનુસૂચિત જનજાતિ/આદિવાસી સમુદાયના છે. આ ભારતની કુલ વસ્તીના લગભગ ૮% છે. સ્વતંત્રતા પછી આદિવાસીઓની સ્થિતિ સુધારવા માટે ઘણી સમિતિઓની રચના કરવામાં આવી હતી.



તેમાંથી મુખ્ય સમિતિઓ ૧૯૫૯માં રેણુકા રોય અને ૧૯૬૦માં વેરિયર એલ્વિન સમિતિ હતી. તેણે આદિવાસીઓમાં શિક્ષણના વિકાસ તેમજ તેમના સર્વાંગી વિકાસ માટે ઘણી ભલામણો આપી હતી. પરંતુ આ બધી સમિતિઓની યોજનાઓ નિરર્થક રહી. યુનિસેફની વેબસાઈટમાં પ્રકાશિત અહેવાલ મુજબ ઓડિશાના આદિવાસી સમુદાયમાં મોટી સંખ્યામાં બાળકો શાળાએ જવાનું છોડી દે છે અને લગભગ ૫૦% છોકરીઓ નાની ઉંમરે લગ્ન કરે છે. હવે જોવાનું એ છે કે ઓડિશા સરકારનો આ નિર્ણય હકીકતમાં કેટલો લાગુ થાય છે અને આને કારણે આદિવાસીઓમાં શિક્ષણનું સ્તર કેટલું સુધરે છે. જ્યાં સુધી શહીદ માધો સિંહ હાથ ખર્ચ યોજનાનો સંબંધ છે, આ યોજના હેઠળ લાભો મેળવવા માટે ઓનલાઈન અરજીઓ તેના સ્વીકારવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે.

www.scholarship.odisha.gov.inની મુલાકાત લઈને આ માટે અરજી કરી શકાય છે.


**રોકાણકાર શૈક્ષણિક અને જાગૃતિ પહેલ**

મ્યુચ્યુઅલ ફંડ્સ વિશે વધુ જાણકારી મેળવવા માટે અમારી સાથે જોડાઓ.

**તારીખ અને સ્થળઃ**

રવિવાર, 12 જાન્યુઆરી 2025; સવારે 10:00 થી બપોરે 12:30 વાગ્યા સુધી.
ક્ષિતિજ રેસ્ટોરન્ટ એન્ડ બેન્કવેટ, આરજેડી આર્કેડ, જીએસટી રોડ, ખોડિયાર માતા મંદિર રોડ પાસે, ન્યુ રાણીપ, અમદાવાદ – 382 480, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ હિમાંશુ એ ભટ્ટ, મોબાઈલ : 99989 99372.
નોંધણી ફરજિયાત છે. નોંધણીનો સમય સવારે 9:30 થી સાંજે 5:30 સુધીનો જ રહેશે.
વોક-ઈન્સને મંજૂરી નથી.

HDFC MUTUAL FUND BHAROSA APNO KA
An Investor Education and Awareness Initiative

મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ કરવા વન-ટાઈમ નો યોર કસ્ટમર (કેવાયસી) પૂર્ણ કરવાની પ્રક્રિયા વિશે વધુ જાણવા માટે વિઝિટ કરો https://www.hdfcfund.com/information/key-know-how. રોકાણકારોએ નોંધાયેલ મ્યુચ્યુઅલ ફંડ્સ સાથે જ લેવડદેવડ કરવી જોઈએ, જેની વિગતો સેબીની વેબસાઈટ (www.sebi.gov.in/intermediaries.html) પર વેરિફાઈ કરી શકાશે. કોઈ પણ પૂછપરછ, ફરિયાદ અને તકરાર નિવારણ માટે રોકાણકારો એએમસી અને/ અથવા રોકાણકાર સંબંધ અધિકારીનો સંપર્ક કરી શકે છે. ઉપરાંત રોકાણકારોને એએમસીને પ્રત્યક્ષ ફરિયાદ પણ કરી શકે છે. જો એએમસી દ્વારા આપવામાં આવેલા ઉકેલથી સંતોષ નહીં હોય તો https://scores.gov.in પર સ્કોર્સ પોર્ટલ થકી ફરિયાદ નોંધાવી શકે છે. સ્કોર્સ પોર્ટલ પર રોકાણકારો સેબીને ઓનલાઈન ફરિયાદ કરી શકે છે અને ત્યારબાદ તેની સ્થિતિ જોઈ શકે છે. જો રોકાણકારોને એએમસી પાસે પ્રત્યક્ષ ઉપસ્થિત કરેલી અથવા સ્કોર્સ પોર્ટલ થકી કરેલી ફરિયાદના ઉકેલથી સંતોષ નહીં થાય તો તેઓ https://smartodr.in/login સ્માર્ટ ઓડીઆર પર કોઈ પણ ફરિયાદ કરી શકે છે.

**મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણો બજારનાં જોખમોને અધીન હોય છે, સર્વ યોજના સંબંધી દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો.**



**હરાજી વેચાણ નોટિસ**

**એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ**
CIN: U67100MH2007PLC174759
**રજિ. કાર્યાલય :** એડલવાઈસ હાઉસ, પહેલો માળ ઓફ સીએસટી રોડ, કલીના, મુંબઈ-૪૦૦૦૯૮.

**નાણાકીય અસ્કયામતોના સિક્યોરિટાઈઝેશન અને પુનઃનિર્માણ અને સુરક્ષા હિત અધિનિયમ, ૨૦૦૨ના અમલ હેઠળ સ્થાવર સુરક્ષિત અસ્કયામતોના વેચાણ માટેની ઈ-ઓક્શન વેચાણ નોટિસ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ("નિયમો")ના નિયમ ૮(૬) અને ૯(૧)ની જોગવાઈ સાથે વાંચો**

નીચે દર્શાવેલ **વિવિધ વેચાણ સંસ્થાઓ**ની નાણાકીય સુવિધાઓ (ત્યારબાદ "સોંપનાર" તરીકે ઓળખવામાં આવે છે) એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડને સોંપવામાં આવી છે જે તેની ક્ષમતામાં **વિવિધ ટ્રસ્ટીઓ**ના ટ્રસ્ટીઓ તરીકે પૂરી પાડવામાં આવેલ કોલમમાં સ્પષ્ટપણે ઉલ્લેખિત છે. આ અસાઈનમેન્ટના અનુસંધાનમાં, EARCએ અસાઈનરના અધિકારોમાં પ્રવેશ કર્યો અને સુરક્ષિત લેણદાર તરીકે તેના અધિકારોનો ઉપયોગ કર્યો. તે EARC, સુરક્ષિત લેણદાર તરીકેની તેની ક્ષમતામાં, SARFAESI એક્ટના ૧૩(૪) અને ત્યાંના નિયમો હેઠળ નીચે જણાવેલ સ્થાવર સુરક્ષિત સંપત્તિનો કબજો લીધો હતો.
**૧૫/૩૦ દિવસની સૂચના** આથી સામાન્ય રીતે જાહેર જનતાને અને ખાસ કરીને દેણદાર(રો) અને બાંયધરી આપનાર(રો)ને આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર સુરક્ષિત અસ્કયામતો સલામત લેણદારની તરફેણમાં ગીરો છે, જેનો ભૌતિક કબજો સિક્યોર્ડ લેણદારના અધિકૃત અધિકારી (AO) દ્વારા લેવામાં આવ્યો છે, તે રકમની વસૂલાત માટે **"જેમ છે ત્યાં", "જેમ છે તેમ" અને "જે છે તે"** આધારે વેચવામાં આવશે. ઉધાર લેનાર અને બાંયધરી આપનાર પાસેથી EARC દ્વારા મેળવેલા કોઈપણ નાણાં માટે વધુ વ્યાજ અને તેના પરના અન્ય ખર્ચાઓ/ખર્ચો સાથે EARCને લીધે નીચે ઉલ્લેખ કર્યો છે. દરેક મિલકત માટે અનામત કિંમત અને અર્નેસ્ટ મની ડિપોઝિટ નીચે ઉલ્લેખિત છે.

**ઈ-હરાજીમાં મૂકવા માટેની સલામત મિલકતની વિગતો :**

| લોન એકા. નં./વેચાણની સંસ્થા | દેણદાર/ સહ-દેણદારના નામ | ટ્રસ્ટનું નામ | ૦૮-૧-૨૦૨૫ના રોજ કુલ બાકી દેવા ભા.રૂ. | અનામત રકમ (ભા.રૂ.) | અર્નેસ્ટ મની ડિપોઝિટ (ભા.રૂ.) | હરાજીની તારીખ અને સમય | કબજાનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|---|
| 664932/ એચડીબી | ૧.હસમુખ હીરાલાલ રાઠોડ (દેણદાર) ૨. હંસાબેન હસમુખભાઈ રાઠોડ (સહ-દેણદાર) | EARC TRUST-SC-410 | Rs. 38,40,852.97/- | Rs. 9,50,000/- | Rs. 95,000/- | ૨૦-૦૨-૨૦૨૫ અને બપોરે ૧૨:૦૦ વાગે | ભૌતિક |

**મિલકતનું વર્ણન :** ફ્લેટ નં.૪૦૧, ચોથો માળ બ્લોક નં.ડી 'સત્કાર હોમ્સ', ૫૬૩/૧૫, ૫૬૩/૧૯, ટીપીએસ નં.૫૮, એફપી નં.૪૫/૪ અને ૪૯/૩, મોજે વટવા, અમદાવાદ -૩૮૦૦૦૧ અને નીચે મુજબ ખૂંટ : પૂર્વ : પગથિયા, પશ્ચિમ : મિલકત પાસે, ઉત્તર : ફ્લેટ નં.૪૦૨, દક્ષિણ : બ્લોક 'સી'

| લોન એકા. નં./વેચાણની સંસ્થા | દેણદાર/ સહ-દેણદારના નામ | ટ્રસ્ટનું નામ | ૦૮-૧-૨૦૨૫ના રોજ કુલ બાકી દેવા ભા.રૂ. | અનામત રકમ (ભા.રૂ.) | અર્નેસ્ટ મની ડિપોઝિટ (ભા.રૂ.) | હરાજીની તારીખ અને સમય | કબજાનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|---|
| HL/0214/H/17/ 100016/ પૂનાવાલા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ | ૧.રતનબેન લેબાભાઈ દેસાઈ (દેણદાર) ૨. રમેશભાઈ લેબાભાઈ રબારી (સહ-દેણદાર) | EARC-TRUST-SC-425 | Rs. 26,39,084.15/- | Rs. 6,00,000/- | Rs. 60,000/- | ૨૦-૦૨-૨૦૨૫ અને બપોરે ૦૧:૩૦ વાગે | ભૌતિક |

**મિલકતનું વર્ણન :** સ્થાવર મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ જેનું પ્લોટ નં.૧૨૩ શેત્રુંજય સોસાયટી, એપીએમસી માર્કેટ યાર્ડ પાછળ, ડીસા ભોયાણ રોડ પાસે, મુ. ભોયાણ, તા. ડીસા, જિ. બનાસકાંઠા, પાલનપુર-૩૮૫૫૩૫ અને જમીન પર બંધાયેલ મિલકત સાથે ઉભેલ માળખા તે રેસિડેન્શિયેલ પ્લોટના રેવન્યુ સર્વે નં.૬૧૧, પ્લોટ નં.૧૨૩, કુલ ક્ષેત્રફળ ૯૧-૧૨ ચો.મી., ૯૮૦-૫૨ ચો.ફૂટ એટલે કે સ્થિત ભોયાણમાં, તા.ડીસા, જિ. બનાસકાંઠા, રાજ્ય : ગુજરાત અને નીચે મુજબ ખૂંટ પૂર્વ : ૭-૫૦ મી. પહોળો આંતરિક રોડ સ્થિત, દક્ષિણ : પ્લોટ નં.૧૨૨ સ્થિત, પશ્ચિમ : પ્લોટ નં.૧૩૪ સ્થિત, ઉત્તર : પ્લોટ નં.૧૨૪ સ્થિત

| લોન એકા. નં./વેચાણની સંસ્થા | દેણદાર/સહ-દેણદાર/ગેરેન્ટર/મોર્ગેજર ના નામ | ટ્રસ્ટનું નામ | ૦૮-૧-૨૦૨૫ના રોજ કુલ બાકી દેવા ભા.રૂ. |
|---|---|---|---|
| NHDEE00000832228 આઈસીઆઈસીઆઈ એચએફસી | ભરતકુમાર એમ ભોલાતર (દેણદાર) કૈલાશબેન ભરતકુમાર બારોટ (સહ-દેણદાર) | EARC-TRUST-SC-448 | Rs. 46,80,869.93/- |

| મિલકતનું વર્ણન | અનામત રકમ (ભા.રૂ.) | અર્નેસ્ટ મની ડિપોઝિટ (ભા.રૂ.) | હરાજીની તારીખ અને સમય | કબજાનો પ્રકાર |
|---|---|---|---|---|
| સમાવિષ્ટ મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ રેસિડેન્શિયલ પ્લોટ નં.૭૦ ધરાવતો વિસ્તાર ક્ષેત્રફળ ૧૨૯.૨૬ ચો.મી. (૧૩૯૦.૮૬ ચો.ફૂટ) જે બિનકૃષિનો હિસ્સો છે, આરએસ નં.૬/૧ સ્થિત અત્રે ગામ ભોયાણ, તા. ડીસા, જિ. બનાસકાંઠા અને કહેવાતી જમીનની નીચે મુજબ ખૂંટ : પૂર્વ : પ્લોટ નં.૬૨ મોજુદ, દક્ષિણ : આર.એસ. નં.૨૫૪/એ/૧ મોજુદ, પશ્ચિમ : ૬.૦૦ મી. પહોળો આંતરિક રસ્તો મોજુદ, ઉત્તર : પ્લોટ નં.૬૯ મોજુદ | Rs. 6,00,000 /- | Rs. 60,000/- | ૨૯-૦૧-૨૦૨૫ અને બપોરે ૦૨:૦૦ વાગે | ભૌતિક |

| લોન એકા. નં./વેચાણની સંસ્થા | દેણદાર/ સહ-દેણદારના નામ | ટ્રસ્ટનું નામ | ૦૮-૧-૨૦૨૫ના રોજ કુલ બાકી દેવા ભા.રૂ. | અનામત રકમ (ભા.રૂ.) | અર્નેસ્ટ મની ડિપોઝિટ (ભા.રૂ.) | હરાજીની તારીખ અને સમય | કબજાનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|---|
| HM/0214/H/16/ 100017/ પૂનાવાલા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ | શાહ અલ્કાબેન હસમુખલાલ (દેણદાર) હસમુખલાલ આર. શાહ (સહ-દેણદાર) | EARC-TRUST-SC-425 | Rs. 40,69,689.96 /- | Rs. 6,00,000/- | Rs. 60,000/- | ૨૯-૦૧-૨૦૨૫ અને બપોરે ૦૨:૦૦ વાગે | ભૌતિક |

**મિલકતનું વર્ણન :** સ્થાવર મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ જેનું પ્લોટ નં.૧૦૩, શેત્રુંજય સોસાયટ, ભોયાણ, ડીસા પાલનપુર હાઈવે, ડિસન્ટ હોટેલ પાસે, મહેશ બજાજ પાછળ, બનાસકાંઠા-૩૮૫૫૩૫ અને માળખા સાથે ઊભેલ જેનું રેસિડેન્શિયલ પ્લોટની બહાર રેવન્યુ સર્વે નં.જી/૧, પ્લોટ નં.૧૦૩ કુલ ક્ષેત્રફળ ૯૧-૧૨ ચો.મી. ૯૮૦-૫૦ ચો.ફૂટ એટલે કે સ્થિત ભોયાણ, તા. ડીસા, જિ. બનાસકાંઠા, રાજ્ય : ગુજરાત અને આ મુજબ ખૂંટ : પૂર્વ તરફ : પ્લોટ નં.૨૭ પૈકીની જમીન સ્થિત, પશ્ચિમ તરફ : ૨૦-૦૦ ફૂટ આંતરિક રોડ સ્થિત : ઉત્તર તરફ : પ્લોટ નં.૪૭ પૈકી (બ્લોક નં.૩૧)ની બચેલ જમીન સ્થિત, દક્ષિણ તરફ : પ્લોટ નં.૪૬ પૈકી (બ્લોક નં.૩૩)ની જમીન સ્થિત

| લોન એકા. નં./વેચાણની સંસ્થા | દેણદાર/સહ-દેણદાર/ગેરેન્ટર/મોર્ગેજર ના નામ | ટ્રસ્ટનું નામ | ૦૮-૧-૨૦૨૫ના રોજ કુલ બાકી દેવા ભા.રૂ. |
|---|---|---|---|
| NHDEE00001260135 આઈસીઆઈસીઆઈ એચએફસી | શ્રી બાબુભાઈ નાથાભાઈ પટેલ (દેણદાર) શ્રીમતી રકુબેન નાથાભાઈ પટેલ (સહ-દેણદાર) | EARC-TRUST-SC-448 | Rs. 33,73,763.44 / - |

| મિલકતનું વર્ણન | અનામત રકમ (ભા.રૂ.) | અર્નેસ્ટ મની ડિપોઝિટ (ભા.રૂ.) | હરાજીની તારીખ અને સમય | કબજાનો પ્રકાર |
|---|---|---|---|---|
| સમાવિષ્ટ મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ આર.એસ. નં.૬/૧, ક્ષેત્રફળ ૪૯૩૭૨ ચો.મી. જમીન (રેસિડેન્શિયલ હેતુ) જે બિનકૃષિનો હિસ્સો પ્લોટ નં.૨૬ ક્ષેત્રફળ ૯૧.૧૨ ચો.મી. (૯૮૦.૫૦ ચો.ફૂટ) સ્થિત અત્રે ગામ ભોયાણ, તા.ડીસા, જિ. બનાસકાંઠા ભોયાણ ગ્રામ પંચાયતની હદમાં, કહેવાતી મિલકતની ખૂંટ તરફ : પૂર્વ : પ્લોટ નં.૩૧ની જમીન, પશ્ચિમ : આંતરિક રસ્તો ક્ષેત્રફળ ૬.૦૦ મી., ઉત્તર : પ્લોટ નં.૨૫ની જમીન : દક્ષિણ : પ્લોટ નં.૨૭ની જમીન **કુલ વિસ્તાર : ૯૧.૧૨ ચો.મી.** (૯૮૦.૫૦ ચો.ફૂટ) | Rs. 6,00,000/- | Rs. 60,000/- | ૨૯-૦૧-૨૦૨૫ અને બપોરે ૦૩:૦૦ વાગે | ભૌતિક |

**હરાજી પ્રક્રિયા સંબંધિત મહત્ત્વપૂર્ણ માહિતી :**

| | | |
|---|---|---|
| 1. | ઈએમડી ડિમાન્ડ ડ્રાફ્ટ્સ (DD) એડલવાઈઝ એસેટ રિકન્સ્ટ્રકશન કંપની લિમિટેડ-ઈએમડી એકાઉન્ટની તરફેણમાં મુંબઈ ખાતે ચૂકવવાપાત્ર રહેશે. | |
| 2. | ઈએમડી પેમેન્ટ આરટીજીએસ મારફતે નીચે મુજબ કરવાનું રહેશે. ઈએમડી એકાઉન્ટનું નામ* એકાઉન્ટ નં.0004051558602, બેંકનું નામ - આઈસીઆઈસીઆઈ ; આઈએફએસસી કોડ : IFSC ICICI0000004 | |
| 3. | EMD સબમિટ કરવાની છેલ્લી તારીખ | હરાજીની તારીખના ૧ દિવસ પહેલા પ્રાપ્ત |
| 4. | બિડ્સ સબમિશન માટેનું સ્થળ | પહેલો માળ, એડલવાઈસ હાઉસ, ઓફ સીએસટી રોડ, કલીના, મુંબઈ-૪૦૦૦૯૮ |
| 5. | હરાજીનું સ્થળ (હરાજી માટેની વેબસાઈટ) | ઈ-હરાજી (https://auction.edelweissarc.in) |
| 6. | સંપર્ક વિગતો | ૧૮૦૦ ૨૬૬ ૬૫૪૦ |
| 7. | મિલકતના નિરીક્ષણની તારીખ અને સમય | અગાઉની એપોઈન્ટમેન્ટ મુજબ |

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે કૃપા કરીને EARCની વેબસાઈટ એટલે કે https://auction.edelweissarc.inમાં આપેલી લિંકનો સંદર્ભ લો.

**તારીખ : ૧૧-૦૧-૨૦૨૫** **(અધિકૃત અધિકારી)**
**સ્થળ : મુંબઈ** **વતી, એડલવાઈસ એસેટ રિકન્ટ્રકશન કંપની લિમિટેડ**

Edelweiss Asset Reconstruction

# ઉત્તરાખંડના મુખ્યમંત્રીએ કહ્યું; ચાલુ મહિને UCC લાગુ કરાશે, લેન્ડ જેહાદ અને થૂક જેહાદ સામે પગલાં લેવાશે

(એજન્સી) તા.૧૦

આ મહિનાથી ઉત્તરાખંડમાં સમાન નાગરિક સંહિતા (UCC) લાગુ કરવામાં આવશે. આ જાહેરાત કરતી વખતે મુખ્યમંત્રીએ કહ્યું કે ઉત્તરાખંડ દેશનું પહેલું રાજ્ય છે જ્યાં સમાન નાગરિક સંહિતાનો કાયદો છે. ધામી ગુરૂવારે ઉત્તર પ્રદેશના બરેલીમાં ૨૯મા ઉત્તરાયણ મેળાનું ઉદ્‌ઘાટન કરવા આવ્યા હતા. ધામીએ તેમના રાજ્યમાં લેવામાં આવેલી વિવિધ પહેલનો પણ ઉલ્લેખ કર્યો. મુખ્યમંત્રી ધામીએ કહ્યું છે કે દેવભૂમિ ઉત્તરાખંડમાં ભક્તો અને પ્રવાસીઓનું આગમન સતત વધી રહ્યું છે. તેમણે કહ્યું કે અમે હરિદ્વાર અને ઋષિકેશમાં ગંગા કોરિડોર બનાવીશું. શારદા નદી પર એક કોરિડોર પણ બનાવવામાં આવી રહ્યો છે. આના પર ઘણું કામ શરૂ થઈ ગયું છે. ઉત્તરપ્રદેશના બરેલીમાં આયોજિત ૨૯મા ઉત્તરાયણ મેળાનું ઉદ્‌ઘાટન કરવા પહોંચેલા ધામીએ કહ્યું કે ઉત્તરાખંડમાં ઘણા વિકાસ કાર્યો ચાલી રહ્યા છે. આ સાથે તેમણે લેન્ડ જેહાદ અને થૂક જેહાદ સામે પગલાં લેવાનું



આહ્‌વાન કર્યું હતું. મુખ્યમંત્રી ધામીએ કહ્યું કે બાબા કેદારનાથ ખાતે પુનર્નિર્માણનું કામ ચાલી રહ્યું છે. ત્યાં પેટાચૂંટણી થઈ અને ભાજપ ત્યાં જીત્યો. બદ્રીનાથ ધામમાં માસ્ટર પ્લાન મુજબ કામ ચાલી રહ્યું છે. કુમાઉ પ્રદેશના તમામ મંદિરોના સૌંદર્યીકરણ અને પુનર્નિર્માણનું કાર્ય સતત ચાલી રહ્યું છે. તેમણે કહ્યું કે ઉત્તરપ્રદેશથી વધુ ભક્તો પૂર્ણગિરીની મુલાકાત લે છે. તેણે કહ્યું, "મને ખૂબ આનંદ થાય છે. હવે આપણે ત્યાં શારદા કોરિડોર બનાવીશું જેના કારણે ત્યાં સુંદર ઘાટ બનશે અને ત્યાં સુંદરીકરણ થશે. ઉત્તરાખંડને 'ડેસ્ટિનેશન વેડિંગ' અને પર્યટન સ્થળ તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે, જેથી લોકો તેમના લગ્ન અને અન્ય કાર્યક્રમો વિદેશમાં ન ગોઠવે પરંતુ દેવભૂમિમાં કરે." શાસન અને સુરક્ષા સંબંધિત વિવિધ કાનૂની સુધારાઓનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીએ કહ્યું, "અમે ધર્માંતરણ વિરોધી કાયદો બનાવ્યો. અમે કડક રમખાણો વિરોધી કાયદા બનાવ્યા. અમે છેતરપિંડી વિરોધી કાયદો પણ બનાવ્યો છે. તેમણે કહ્યું કે સરકારે ભૂમિ જેહાદ પર કાયદો બનાવ્યો છે અને ૫૦૦૦ એકર જમીનને અતિક્રમણમાંથી મુક્ત કરવામાં આવી છે." ઉત્તરાયણી જનકલ્યાણ સમિતિ દ્વારા આયોજિત આ મેળો ૯થી ૧૧ જાન્યુઆરી સુધી ચાલશે. આ મેળામાં, ઉત્તરાખંડના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અને પરંપરાઓની ઝલક જોવા મળશે. ધામીએ માહિતી આપી હતી કે ૨૮મી રાષ્ટ્રીય રમતો ૨૮ જાન્યુઆરીથી ઉત્તરાખંડમાં શરૂ થવા જઈ રહી છે, જેનું ઉદ્‌ઘાટન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કરશે. તેનો સમાપન સમારોહ હલ્દવાનીમાં યોજાશે.

# ક્યાં સુધી તમારી પત્ની સામે બેસશો ? નારાયણ મૂર્તિના ૭૦ કલાકવાળા નિવેદન બાદ L&Tના ચેરમેને અઠવાડિયામાં ૯૦ કલાક કામ કરવાની વાત કહી

(એજન્સી) તા.૧૦

L&T ચેરમેન એસએન સુબ્રમણ્યમ એક નિવેદનને લઈને હાલ ભારે ટ્રોલ થઈ રહ્યા છે. તેમણે ૯૦ કલાક કામ કરવાની સલાહ આપતા બિઝનેસથી લઈને ફિલ્મ જગત સુધી ટ્રોલ થયા અને હવે કંપની તેની સફાઇ આપવામાં લાગી છે. L&T ચેરમેન એસએન સુબ્રમણ્યમે ૯૦ કલાક કામ આક્રવાની સલાહ આપી એમ તો તે ટ્રોલ થવા લાગ્યા છે. સોશિયલ મીડિયા પર તેમને ફિલ્મ જગતના સિતારાઓ પણ ટ્રોલ કરી રહ્યા છે. ગયા વર્ષે જ્યારે ટેક કંપની ઈન્ફોસિસના કો-ફાઉન્ડરે દિવસમાં ૭૦ કલાક કામ કરવાની સલાહ આપી હતી, ત્યારે તે દેશમાં ચર્ચાનો મોટો વિષય બની ગયો હતો, તેવું જ L&Tના ચેરમેન સાથે થયું છે. સપ્તાહના ૯૦ કલાક કામ કરવાની સાથે તેમણે કંઈક એવું પણ કહ્યું છે જેના માટે તેમને સોશિયલ મીડિયા પર ટ્રોલ કરવામાં આવ્યા છે. L&Tના ચેરમેન એસ.એન. સુબ્રમણ્યમે તેમની કંપનીના કર્મચારીઓ સાથે વીડિયો કોન્ફરન્સિંગ દરમિયાન તેમને અઠવાડિયામાં ૯૦ કલાક કામ કરવાની સલાહ આપતા કહ્યું કે, 'મને દુઃખ છે કે હું તમને રવિવારે કામ કરાવી શકતો નથી, જો હું તે કરાવી શકું તો હું ખુશ થઈશ કારણ કે હું પોતે રવિવારે કામ કરૂં છું.' રેડિટ પર વાયરલ થયેલા આ વીડિયોમાં L&Tના ચેરમેન માત્ર અઠવાડિયામાં ૯૦ કલાક કામ કરવાની સલાહ આપતા અટક્યાં નહીં પરંતુ તેમણે કર્મચારીઓને એમ પણ



કહ્યું હતું કે, 'ઘરે રહીને તમે તમારી પત્નીને ક્યાં સુધી જોતા રહેશોં ? ઘરે ઓછો અને ઓફિસમાં વધારે સમય વિતાવો' ત્યારબાદ સોશિયલ મીડિયા પર તેમની ટીકા શરૂ થઈ ગઈ. L&Tના ચેરમેન એસએન સુબ્રમણ્યમે ૯૦ કલાકના કામ કરવાની આપેલી સલાહ માટે સોશિયલ મીડિયા પર તેમની ભારે ટીકા થઈ રહી છે. આરપીજી એન્ટરપ્રાઈઝના ચેરમેન અબજોપતિ હર્ષ ગોએન્કા પણ જોડાયા અને ટ્વિટર (X) પર એક પોસ્ટમાં આ સૂચનની નિંદા કરી, અને કટાક્ષ કર્યો કે આવા પગલા સાથે નામ બદલવું જોઈએ અને રવિવારને' સન-ડે ને બદલે 'સન- ડ્યુટી' કહેવું જોઈએ. બોલિવૂડ ફિલ્મ અભિનેત્રી દીપિકા પાદુકોણે તેની ઈન્સ્ટા સ્ટોરી પર સુબ્રમણ્યમના નિવેદનની નિંદા કરી અને લખ્યું, 'આટલા ઉચ્ચ પદ પર બેઠેલા એક વરિષ્ઠ વ્યક્તિ આવા નિવેદનો આપે છે તે જાણીને આઘાત લાગ્યો, માનસિક સ્વાસ્થ્ય મહત્ત્વનું છે.' L&Tના ચેરમેને અઠવાડિયામાં ૯૦ કલાક કામ કરવાનું સૂચન કરતી વખતે, એક ચીની વ્યક્તિ સાથેની તેમની વાતચીતનું ઉદાહરણ પણ આપ્યું. તેમણે કહ્યું કે તે વ્યક્તિએ દાવો કર્યો હતો કે ચીન અમેરિકાને પાછળ છોડી શકે છે કારણ કે ચીની કર્મચારીઓ અઠવાડિયામાં ૯૦ કલાક કામ કરે છે, જ્યારે અમેરિકામાં ૫૦ કલાકનું કાર્ય સપ્તાહ છે. આ ઉદાહરણ આપતાં, તેમણે તેમના કર્મચારીઓને આ વિશે વિચારવા કહ્યું અને કહ્યું કે ' જો તમારે દુનિયામાં ટોચ પર રહેવું હોય, તો તમારે અઠવાડિયામાં ૯૦ કલાક કામ કરવું પડશે, આગળ વધો દોસ્તો !' હવે કંપનીએ L&Tના ચેરમેન સુબ્રમણ્યમ દ્વારા કાર્ય પ્રણાલીને લગતી કરવામાં આવેલી આ ટિપ્પણી પર સ્પષ્ટતા આપી છે. L&T દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે રાષ્ટ્ર નિર્માણએ અમારા આદેશનો મુખ્ય ભાગ છે, અને ૮ દાયકાથી વધુ સમયથી, અમે ભારતની માળખાગત સુવિધાઓ, વ્યવસાય અને તકનીકી ક્ષમતાઓનું નિર્માણ કરી રહ્યા છીએ. અમારૂં માનવું છે કે આ ભારતનો એક એવો સમય જેમાં વિકાસને વધુ વેગ આપવા અને વિકસિત રાષ્ટ્ર બનવાના આપણા સહિયારા દૃષ્ટિકોણને સાકાર કરવા માટે સામૂહિક સમર્પણ અને પ્રયત્નોની જરૂર છે. કંપનીએ વધુમાં જણાવ્યું હતું કે અમારા ચેરમેનની ટિપ્પણી તેમની આ મહત્વાકાંક્ષાની સાક્ષી છે. અસાધારણ પરિણામો માટે અસાધારણ પ્રયત્નોની જરૂર પડે છે.

# ૨૦૨૦માં રાજ્યપાલની મંજૂરી માટે મોકલાયેલા ૧૨ MLC નોમિનેશન પાછા ખેંચવાને પડકારતી શિવસેના (UBT) નેતાની PIL બોમ્બે હાઈકોર્ટે ફગાવી

(એજન્સી) તા.૧૦

બોમ્બે હાઈકોર્ટે ગુરૂવારે પૂર્વ કાઉન્સિલર અને શિવસેના (UBT)ના પદાધિકારી સુનીલ મોદી દ્વારા દાખલ કરાયેલી જાહેર હિતની અરજી (PIL)ને ફગાવી દીધી હતી. પીઆઈએલમાં, ઉદ્‌ભવ જૂથના નેતાએ ૨૦૨૦માં રાજ્યપાલને મોકલવામાં આવેલા ૧૨ એમએલસી નોમિનીઓની યાદી પાછી ખેંચવાના તત્કાલીન મહાવિકાસ આઘાડી (MVA) સરકારના નિર્ણયને પડકાર્યો હતો. મહારાષ્ટ્ર વિધાન પરિષદ (MLC)માં ૧૨ ધારાસભ્યોની નિમણૂક રોકવાના તત્કાલીન રાજ્યપાલ ભગત સિંહ કોશિયારીના નિર્ણય સામે શિવસેના (UBT) દ્વારા દાખલ કરવામાં આવેલી PILને બોમ્બે હાઈકોર્ટે ફગાવી દીધી છે. ચુકાદો સંભળાવતી વખતે, મુખ્ય ન્યાયાધીશ ડીકે ઉપાધ્યાય અને ન્યાયાધીશ અમિત બોરકરની બેન્ચે કહ્યું, "જનહિત અરજી ખોટી રીતે રજૂ કરવામાં આવી છે અને તેને ફગાવી દેવાને પાત્ર છે. તેથી પીઆઈએલ ફગાવી દેવામાં આવે છે." હાઈકોર્ટે ગયા વર્ષે ઓક્ટોબરમાં અરજી પર પોતાનો આદેશ અનામત રાખ્યો હતો. ૨૦૨૨માં ઉદ્‌ભવ ઠાકરેની આગેવાની હેઠળની MVA સરકાર પડી ભાંગ્યા બાદ એકનાથ શિંદે રાજ્યના મુખ્યમંત્રી બન્યા અને ત્યારબાદ તેમની સરકારે રાજ્યપાલને પત્ર લખ્યો હતો કે તેઓ MLC માટે પાછલી સરકાર દ્વારા આપવામાં આવેલી ૧૨ નામોની પેન્ડિંગ



યાદી પાછી ખેંચી રહ્યા છે. ૫ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ, રાજ્યપાલે તેને સ્વીકાર્યું અને યાદી મુખ્યમંત્રી કાર્યાલય (CMO)ને પરત કરવામાં આવી. આ પછી, મંત્રીમંડળે રાજ્યપાલ ક્વોટાના ૧૨ ખાલી MLC પદો માટે સાત MLCની નવી યાદી મોકલી, જેને રાજ્યપાલે મંજૂરી આપી. આમાં ભાજપના ત્રણ, શિવસેના (એકનાથ શિંદે) અને એનસીપી (અજિત પવાર) ના બે-બે એમએલસીનો સમાવેશ થાય છે. ઓક્ટોબર ૨૦૨૪માં મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે આદર્શ આચારસંહિતા (MCC) લાગુ થયાના થોડા કલાકો પહેલા જ આ સાત MLCએ શપથ લીધા હતા.


અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ
ગુજરાત રાજ્ય



રાજ્ય સરકાર દ્વારા
"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"
(N.F.S.A.) હેઠળ સમાવિષ્ટ ૭૪ લાખ થી
વધુ રેશનકાર્ડ ધારક કુટુંબોની ૩.૬૮ કરોડ
જનસંખ્યાને



"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત જાન્યુઆરી – ૨૦૨૫ માસના ઘઉં અને ચોખાના વિનામૂલ્યે વિતરણની જાણકારી

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો |
|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. |

જાન્યુઆરી - ૨૦૨૫ માસનું વિતરણ
તારીખઃ૩૧/૦૧/૨૦૨૫ સુધી ચાલુ રહેશે.

રાજ્ય સરકારની ખાંડ, મીઠાના રાહતદરે વિતરણ સંબંધિત
યોજનાઓની અગત્યની જાણકારી

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિલો.ગ્રા.₹ |
|---|---|---|---|---|
| ૧ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૧૫ |
| ૨ | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૨૨ |
| ૩ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

ઈ શ્રમ પોર્ટલ પર નોંધાયેલા શ્રમિકો પૈકી "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા" હેઠળ પાત્રતા ધરાવતા શ્રમિકો નજીકની ઝોનલ / મામલતદાર કચેરીનો સંપર્ક કરી, આ યોજનાનો લાભ મેળવી શકે છે.

"My Ration" મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

આપના રેશનકાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પર થી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

શ્રી કુંવરજીભાઈ બાવળીયા
- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઇન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫
તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકાશે


# ભાઈના ૧૦ દિવસના લગ્ન નકલી કેસમાં કેવી રીતે સમાપ્ત થયા.... IIM ગ્રેજ્યુએટ પ્રત્યુષા ચલ્લાએ જણાવ્યું

(એજન્સી) તા.૧૦

બેંગ્લુરૂમાં એન્જિનિયર અતુલ સુભાષનો કેસ પ્રકાશમાં આવ્યો ત્યારથી, ઘણા એવા કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે જેમાં એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે પુરૂષોને નકલી કેસમાં ફસાવીને પૈસા પડાવવામાં આવ્યા છે અને તેમને માનસિક રીતે હેરાન કરવામાં આવ્યા છે. હૈદરાબાદની રહેવાસી પ્રત્યુષા ચલ્લાએ પણ આવો જ એક વીડિયો શેર કર્યો હતો. આ વીડિયોમાં, તેણે આરોપ લગાવ્યો છે કે તેના ભાઈના લગ્ન ફક્ત ૧૦ દિવસ માટે થયા હતા, પરંતુ તેની ભાભીએ પરિવાર વિરૂદ્ધ કલમ ૪૯૮ હેઠળ ખોટો કેસ દાખલ કર્યો છે. પ્રત્યુષા પોતે IIT ગાંધીનગર અને IIM અમદાવાદમાંથી પાસ આઉટ છે. તેણે એક લાંબો વીડિયો બનાવીને યુટ્યુબ પર શેર કર્યો છે, જે હવે વાયરલ થઈ રહ્યો છે. પ્રત્યુષાએ કહ્યું કે તેની ભાભી તેના પરિવાર અને ભાઈ



પાસેથી પૈસા પડાવી રહી હતી. તેણે કહ્યું કે તેનો ભાઈ હૈદરાબાદની એક એન્જિનિયરિંગ કોલેજમાં પ્રોફેસર છે. પ્રત્યુષાના ભાઈના લગ્ન ૨૦૧૯માં રાજમુન્દ્રીની એક મહિલા સાથે થયા હતા. પરંતુ આ લગ્ન ફક્ત ૧૦ દિવસ જ ટક્યા. તેણે મારા માતા-પિતા સાથે ખરાબ વર્તન કર્યું. તેમને અપશબ્દો કહ્યા. મારા ભાઈને તેના પોતાના બેડરૂમમાં પ્રવેશવાની મંજૂરી નહોતી. અનેક વાર આત્મહત્યા કરવાની ધમકી આપી. મારી ભાભી, તેની બહેન, તેનો ભાઈ અને તેનો બોયફ્રેન્ડ મળીને પૈસા પડાવવાનું આયોજન કરી રહ્યા હતા. તેની બહેને પણ તેના સાસરિયાના ઘરે આવું જ કર્યું હતું. ૧૦ દિવસ પછી તે અમારૂં ઘર છોડીને ચાલી ગઈ. તેણે અમારી સામે કેસ દાખલ કર્યા. આ FIR અમારી જાણકારી અને તપાસ વિના નોંધવામાં આવી હતી. પ્રત્યુષાએ કહ્યું કે આ આરોપો ૫ વર્ષ પહેલા લગાવવામાં આવ્યા હતા, પરંતુ તેનો પરિવાર હજુ પણ તેનાથી પીડાઈ રહ્યો છે. તેમણે કહ્યું, 'આ ઘટનાને ૫ વર્ષ થઈ ગયા છે, પણ કેસની ટ્રાયલ હજુ શરૂ પણ થઈ નથી.' આ આઘાતજનક છે. મારા માતા-પિતાની તબિયત સતત બગડી રહી છે. પ્રત્યુષાએ કહ્યું કે આ પેન્ડિંગ કેસોને કારણે તેને મોટી કિંમત ચૂકવવી પડી રહી છે. તેમનો ઉત્તમ શૈક્ષણિક રેકોર્ડ હોવા છતાં, તેમને નોકરી મળી શકતી નથી. આ વીડિયો થોડી જ વારમાં સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગયો.

# ભાજપ દિલ્હી ચૂંટણી માટે ઘણી મફત ભેટોની જાહેરાત કરી રહ્યું છે : મહિલાઓ માટે ૨,૫૦૦ રૂપિયા, વૃદ્ધો માટે બસની મફત મુસાફરી અને પૂજા સ્થળો માટે ૫૦૦ યુનિટ સુધી મફત વીજળી

**દિલ્હી ભાજપ મેનિફેસ્ટો સમિતિએ કેન્દ્રીય નેતૃત્વને મંજૂરી માટે આ ભલામણો મોકલી છે, એવું જાણવા મળ્યું છે, પેનલે પૂજા સ્થળો માટે ૫૦૦ યુનિટ સુધી મફત વીજળીની પણ ભલામણ કરી છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

દિલ્હી ભાજપ ચૂંટણી પહેલા અનેક મફત ભેટોની જાહેરાત કરવાની તૈયારી કરી રહ્યું છે. દિલ્હી ભાજપની મેનિફેસ્ટો સમિતિ દ્વારા કરવામાં આવેલી ભલામણોમાં ૩૦૦ યુનિટ સુધી મફત વીજળી, પાત્ર મહિલાઓને ૨,૫૦૦ રૂપિયાની માસિક નાણાકીય સહાયનો સમાવેશ થાય છે. આ કમિટીએ દિલ્હીમાં હાલમાં કાર્યરત યોજનાઓ અને વાયુ પ્રદૂષણનો સામનો કરવા માટેની નીતિને રદ ન કરવાની પણ ભલામણ કરી છે. ભાજપના સૂત્રોએ જણાવ્યું હતું કે આ ભલામણો મંજૂરી માટે પાર્ટીના કેન્દ્રીય નેતૃત્વને મોકલવામાં આવી છે. દિલ્હી માટેના પાર્ટીના ઢંઢેરામાં સ્પષ્ટપણે જણાવવામાં આવશે કે જો ભાજપ દિલ્હીમાં સત્તા પર આવશે તો વર્તમાન સ્કીમ્સ રદ કરવામાં આવશે નહીં જેમાં, દિલ્હીની લાયકાત ધરાવતી મહિલાઓને ૨,૧૦૦ રૂપિયાની માસિક નાણાકીય સહાય પૂરી પાડવામાં આવશે, આમાં મહિલાઓ માટે મફત બસ મુસાફરી, ઘરેલુ ગ્રાહકોને દર મહિને ૨૦ કિલોલિટર સુધી મફત પાણી અને ૨૦૦ યુનિટથી ઓછો વપરાશ કરતા પરિવારોને મફત વીજળીનો સમાવેશ થાય છે. અરવિંદ કેજરીવાલના નેતૃત્વ હેઠળની આપ સરકાર દિલ્હીના લોકોને ગેરમાર્ગે દોરી રહી છે કે જો ભાજપ સત્તામાં આવશે તો તે બધી 'મફત સુવિધાઓ' બંધ કરી દેશે. મોદીએ પરિવર્તન રેલી દરમિયાન સ્પષ્ટ કરી દીધું છે અને અમારો ઢંઢેરામાં પણ આ વાતનો ઉલ્લેખ કરવામાં આવશે. જાહેર બસ મુસાફરી મહિલાઓ માટે મફત છે, ત્યારે દિલ્હી ભાજપના ઢંઢેરાની સમિતિએ કેન્દ્રીય નેતૃત્વને ભલામણ કરી છે કે આ લાભ વરિષ્ઠ નાગરિકોને પણ આપવામાં આવે. ડિસેમ્બરમાં, દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે, દિલ્હીમાં જો આપ પાર્ટી સત્તામાં પાછી આવે તો દિલ્હીની પાત્ર મહિલાઓને ૨,૧૦૦ રૂપિયાની માસિક નાણાકીય સહાયની જાહેરાત કરી હતી. આપ પાર્ટીએ આ યોજનાને 'ગેમ-ચેન્જર' તરીકે ગણાવી હતી. નાણામંત્રી તરીકે, સીએમ આતિશીએ સૌપ્રથમ રાષ્ટ્રીય રાજધાની દિલ્હી સરકારના ૨૦૨૪-૨૫ના વાર્ષિક બજેટમાં મુખ્યમંત્રી મહિલા સન્માન યોજનાની જાહેરાત કરી હતી, જેમાં ૨,૦૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા, જેના હેઠળ મહિલાઓને માસિક સહાય ૧,૦૦૦ રૂપિયા હતી. દિલ્હી ભાજપના નેતાઓ માને છે કે આપની આવી યોજનાઓ માટે જવાબ આપવો મહત્વપૂર્ણ છે. અમે દિલ્હીમાં મહિલા મતદારો માટે મોટી કલ્યાણકારી યોજનાઓની શ્રેણીનું આયોજન કર્યું છે જેમાં લાડલી બહેન યોજના હેઠળ તેમને દર મહિને ૨,૫૦૦ રૂપિયા આપવાનો સમાવેશ થાય છે. અમે મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં સમાન યોજનાઓ લાગુ કરી છે અને મહિલાઓને ખરેખર તેનો ફાયદો



થયો છે. જો કે, નેતાએ સ્પષ્ટતા કરી કે અંતિમ મંજૂરી પાર્ટીના કેન્દ્રીય નેતૃત્વ તરફથી મળશે. ગયા વર્ષે વિધાનસભા ચૂંટણી પહેલા, મહારાષ્ટ્રના શાસક મહાયુતિ-જેમાં ભાજપ, એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના અને અજિત પવારની આગેવાની હેઠળની એનસીપીનો સમાવેશ થાય છે-તેઓએ મધ્યપ્રદેશની લાડલીબહેન યોજનાથી પ્રેરિત થઈને લડકીબહેન યોજના શરૂ કરી હતી. જાન્યુઆરી ૨૦૨૩માં શિવરાજ સિંહ ચૌહાણની આગેવાની હેઠળની ભાજપ સરકાર દ્વારા અમલમાં મુકાયેલી, આ યોજનાએ ૨૦૨૩ની વિધાનસભા ચૂંટણીમાં મધ્યપ્રદેશમાં પાર્ટીની શાનદાર જીતમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હોવાનું માનવામાં આવે છે. ભાજપના નેતાઓના મતે, દિલ્હીની આપ સરકાર જે ૨૦૦ યુનિટ સુધી મફત વીજળી અને ૨૦૧થી ૪૦૦ યુનિટ સુધીના વપરાશ માટે ૫૦ ટકા સબસિડી આપે છે તેનાથી વિપરીત, તે ૪૦૦ યુનિટ સુધી મફત વીજળીનું વચન આપશે. અમે ૫૦૦ યુનિટ સુધીના વપરાશ માટે પૂજા સ્થળો માટે મફત વીજળી પૂરી પાડવાનું પણ વિચારી રહ્યા છીએ. આ નેતાએ દાવો કર્યો કે પાર્ટીએ 'સ્વચ્છ હવા અને પાણી' પૂરૂં પાડવાની યોજના પણ બનાવી રહી છે. આ માટે એક સંશોધન ટીમની રચના કરવામાં આવી હતી અને એક વિગતવાર યોજના ઉપલબ્ધ કરાવવામાં આવશે જે દર્શાવે છે કે અમે પ્રદૂષણની સમસ્યાનો સામનો કેવી રીતે કરવાનો ઈરાદો રાખીએ છીએ જેનો સામનો AAP કરી શકી નથી. ભાજપ ૧૯૯૮થી દિલ્હીમાં સત્તાથી બહાર છે અને આ ચૂંટણીને રાષ્ટ્રીય રાજધાનીમાં ફરીથી સત્તા મેળવવાની તક તરીકે જોઈ રહી છે. આ ઉપરાંત, ભાજપ દિલ્હીમાં આયુષ્માન ભારત સહિત કેન્દ્રિય પ્રાયોજિત યોજનાઓના અમલીકરણનું પણ વચન પણ આપશે. પીએમ મોદીના નેતૃત્વમાં ભાજપે જે રીતે દેશભરના ગરીબ લોકોને મફત ઘરો અને આયુષ્માન ભારત યોજનાના ભાગ રૂપે મફત સારવાર સુવિધાઓ પૂરી પાડી તે દર્શાવે છે કે અમે લોકો માટે શું કરી રહ્યા છીએ. અમે દિલ્હીમાં પણ આ યોજનાઓ લાગુ કરીશું.

### ૬૦૦૦ કરોડના ચર્ચાસ્પદ કૌભાંડમાં જેલમાં ધકેલાયેલ ઝાલાની મુશ્કેલી યથાવત્

# BZ કૌભાંડના મુખ્ય આરોપી ઝાલાની અન્ય ગુનામાં પણ ધરપકડ થઈ શકે

## વધુ એક ફરિયાદ નોંધાઈ હોઈ તેની તપાસ માટે ધરપકડ થવાની શકયતા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

ગુજરાતમાં ચકચારી ૬૦૦૦ કરોડના BZ કૌભાંડ આચરનારા ભૂપેન્દ્રસિંહ ઝાલા અત્યારે જેલમાં છે. ભૂપેન્દ્રસિંહ ઝાલાની અન્ય ગુનામાં ગમે ત્યારે ધરપકડ થઈ શકે છે. હજારો લોકોનું કરોડોનું ફુલેકું ફેરવનારા ભૂપેન્દ્રસિંહ ઝાલા એક મહિના સુધી ફરાર રહ્યાં બાદ મહેસાણાથી CID ક્રાઈમની ટીમે ધરપકડ કરી હતી. પોન્ઝી સ્કીમ અને રોકાણકારોના પૈસા ડબલ કરવા સહિત અનેક રીતે લોકો સાથે ભૂપેન્દ્રસિંહ ઝાલાએ ઠગાઈ આચરી હતી. ભારતીય ક્રિકેટર શુભમન ગિલ સહિત ૧૧ હજારથી વધુ રોકાણકારોએ BZ ગ્રુપમાં નાણાં રોક્યા છે. ૪૨૨ કરોડથી વધુનું બેક્ર અને રોકડ હેરાફેરી તપાસ સંસ્થાએ પકડી પાડી હતી. જેની સીઆઈડી ક્રાઈમ દ્વારા તપાસ કરવામાં આવતા મોટા પ્રમાણમાં ખુલાસા બહાર આવ્યા હતા. બીજી તરફ ભૂપેન્દ્રસિંહ ઝાલાના રિમાન્ડ પૂર્ણ થતાં જેલમાં ભલે મોકલી અપાયો હોય પરંતુ અન્ય એક ફરિયાદમાં તેમની ફરી ધરપકડ થવાની શકયતા જોવાઈ રહી છે. તપાસમાં બહાર આવ્યા મુજબ ભૂપેન્દ્રસિંહ ઝાલાની વેબસાઈટમાં રોકાણકારોની એન્ટ્રી મુજબ ૪૨૨.૯૬ કરોડ રૂપિયા ઉઘરાવ્યા હોવાનું સામે આવ્યું છે. આ ૪૨૨.૯૬ કરોડ મહિને ૩% વ્યાજ અથવા ફિક્સ્ડ ડિપોઝિટ પર વળતર આપવાનું વચન આપી ૧૧૨૩૨ રોકાણકારો પાસેથી ઉઘરાવવામાં આવ્યા હતા. CIDએ કોર્ટ સમક્ષ મોટો ખુલાસો કર્યો છે કે ભૂપેન્દ્રસિંહ ઝાલાએ રોકાણકારો પાસેથી ૪૨૨.૯૬ કરોડ રૂપિયા ઉઘરાવ્યા હતા. જોકે, રોકાણકારોને ૧૭૨.૫૯ કરોડ રૂપિયા બાકી આપવાના નીકળ્યા છે.તો આ નાણા ક્યા વાપરવામાં આવ્યા તે બાબતે ઉંડાણપૂર્વક તપાસ કરવાની બાકી છે. ભૂપેન્દ્રસિંહ ઝાલાએ રોકાણકારોને આકર્ષવા માટે BZ સ્કિમમાં એજન્ટોની કમિશન પર નિમણૂક કરી હતી. જો કોઈ એજન્ટ BZમાં રોકાણ કરાવે છે તો તેને ૦.૫% થી ૧ ટકા જેટલું કમિશન આપવામાં આવતું હતું. આ એજન્ટોને પાંચ અલગ અલગ લેવલે સેટ કરવામાં આવ્યા હતા જેમાં પ્રથમ હરોળના એજન્ટો કરોડો રૂપિયાનું રોકાણ લાવી આપતા હતા. એજન્ટો અને રોકાણકારો દ્વારા કરવામાં આવેલુ રોકાણની નોંધ એક લેપટોપમાં રાખવામાં આવતી હતી. આ લેપટોપ ભૂપેન્દ્રસિંહ ઝાલાના કૌભાંડનો મહત્ત્વનો પુરાવો હોઈ આ લેપટોપ કબ્જે કરવા માટે CID ક્રાઈમ દ્વારા વધુ રિમાન્ડની માંગ કરી હતી.

### હવે લાઈનમાં ઊભું રહેવું નહીં પડે

## કાલુપુર રેલવે સ્ટેશન પર તાત્કાલિક ટિકિટ મળી રહે તે માટે ATVM મશીન મૂકાયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશન પર તાત્કાલિક ટિકિટ મુસાફરોને મળી રહે તે માટે એટીવીએમ મશીન મૂકવામાં આવ્યા છે, રાજ્યના ૫ સ્ટેશન પર ATVM મશીન મૂકવામાં આવ્યા છે,ઓટોમેટિક ટિકિટ વેન્ડિગ મશીન મૂકવામાં આવ્યા છે જેના કારણે મુસાફરોને લાઈનમાં ઉભા રહેવું નહી પડે અને મશીન પરથી સિધી ટિકિટ મળી રહેશે, મુસાફરોએ રેલવેની આ સુવિધાને વખાણી હતી.

કોઈ પણ તકલીફ વગર મુસાફરોને હવે તાત્કાલિક ટિકિટ મળી રહેશે જે રીતે ટિકિટ કાઉન્ટર પરથી ટિકિટ ખરીદીએ છે તેવી જ રીતે મશીન પાસેથી ટિકિટ મેળવી શકાશે,તો જનરલ,પ્લેટફોર્મ અને સિઝન પાસ માટે લાઈનમાં ઉભા રહ્યા વિના મશીનથી મળી જશે ટિકિટ અને રાજ્યના ૫ સ્ટેશન પર કુલ ATVM મશીન મૂકવામાં આવ્યા છે. આમ, રેલવે તંત્રએ ડિજીટલ પ્લેટફોર્મ પર વધુ એક નવી સુવિધા ઉપલબ્ધ કરી છે. રેલવેના મુસાફરોને ટીકીટ લાઈનની ઝંઝટમાંથી મુક્તિ મળશે. અમદાવાદ મંડળના વિવિધ રેલવે સ્ટેશનો પર ATVM મશીન મુકાયા છે. અમદાવાદમાં ૩, સાબરમતીમાં ૨, વિરમગામમાં ૧, મહેસાણામાં ૧ અને ગાંધીધામમાં ૧ રેલવે સ્ટેશનો પર એટીવીએમ મશીન મુકાયા છે.

## અમદાવાદમાં ૧૫ સ્થળે ITનું ઓપરેશન

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

અમદાવાદમાં ઈન્કમટેક્ષ ઓપરેશન હાથ ધર્યું છે શહેરમાં એક સાથે ૧૪થી ૧૫ જગ્યા ઉપર તપાસ ચાલી રહી છે. અમદાવાદ આયકર વિભાગે અનોખી મોડસ ઓપરેન્ડી આચરતા એકમો તથા તેમના સંચાલકો પર દરોડા પાડ્યા છે. શુક્રવાર સવારે અમદાવાદ શહેરમાં ૧૫ સ્થળો પર દરોડાની કાર્યવાહી હાથ ધરી હતી. આ દરોડાની કાર્યવાહી ચાલુ હોવાથી હાલ કોઈ વિગતો પ્રાપ્ત થઈ નથી. ઈન્કમટેકસના દરોડા દરમિયાન મળતી રોકડ રકમ માટે અમદાવાદ શહેરના સાયન્સ સિટી રોડ પર રહેતા કમલેશ રજનીકાંત શાહ પહોંચી જઈને તે રોકડ તેમની અથવા તેમની કંપનીની હોવાનો કલેઈમ કરતા હતા. સામાન્ય રીતે ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટ સર્ચ કરે અને ત્યાંથી મળેલી રોકડ રકમ માટે કોઈ દાવો કરતું નથી પરંતુ, શહેરના સાયન્સ સીટી રોડ પર રહેતા કમલેશ રજનીકાંત શાહ દરેક દરોડા વખતે પહોંચી જઈને પકડાયેલી રોકડ તેમની હોવાનો કલેઈમ કરતા હતા. કમલેશ શાહની આ મોડસ ઓપરેન્ડી મુજબ અમદાવાદમાં જ નહીં સમગ્ર ગુજરાત, દિલ્હી, ચેન્નાઈ, રાચી, મુંબઈ જેવી અનેક જગ્યાએ તેમણે રોકડ રકમ તેમની હોવાનો કલેઈમ કર્યો છે. ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટે ગુજરાત, દિલ્હી, ચેન્નાઈ, રાચી, મુંબઈમાં કમલેશ રંજનીકાંત શાહે કલેઈમ કરેલી રોકડની મોડસ ઓપરેન્ડી પકડવા માટે દરોડાની કાર્યવાહી હાથ ધરી હતી. કમલેશ રજનીકાંત શાહ, મીના કમલેશકુમાર શાહ, દેવાંગ જે. વ્યાસ, ગોરાંગ પંચાલ, રમેશભાઈ ઠક્કર, એન.આર એન્ડ કંપની, એન.ડી. ગોલ્ડ જ્વેલરી એલ.એલ.પી. ઉપર દરોડાની કાર્યવાહી હાથ ધરાઈ હતી. શુક્વારે સવારે ૭ વાગ્યે અમદાવાદમાં કુલ ૧૫ જગ્યાઓ પર ઈન્કમટેકસ ડિપાર્ટમેન્ટના અધિકારીઓએ દરોડા પાડ્યા હતા.

### મહાનગરપાલિકા સામે લોકોમાં ભભૂકતો રોષ

# આણંદ રેલવે સ્ટેશન પાસે આખલાએ ગોથું મારતાં વૃદ્ધ રિક્ષાચાલકનું મોત

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૧૦

આણંદ શહેરમાં રેલવે સ્ટેશનનાં મુખ્ય ગેટ પાસે રિક્ષા લઈ ઉભેલા ૭૫ વર્ષનાં વૃદ્ધ રિક્ષાચાલકને પાછળથી આવેલા આખલાએ ગોથુ મારતા વૃદ્ધને ગંભીર ઈજાઓ પહોંચી હતી આ ઘટનાને લઈને આસપાસનાં લોકો દોડી આવ્યા હતા અને ગંભીરપણે ઘવાયેલા વૃદ્ધને હોસ્પિટલમાં ખસેડવામાં આવતા જયાં ટુંકી સારવાર દરમિયાન વૃદ્ધનું મોત નિપજયું હતું. આણંદ શહેરમાં માર્ગો પર રખડતા પશુઓનો આંતક દિવસે દિવસે વધી રહ્યો છે, ત્યારે મહાનગરપાલિકાનાં અધિકારીઓ ઢોર પક્ડીને ડબ્બે પુરવાની કામગીરી કરતા હોવાનાં ગાણાં ગાઈ રહ્યા છે, ત્યારે શહેરમાં રખડતા પશુઓએ વધુ એક નિર્દોષનો જીવ લેતા લોકમાં મહાનગરપાલિકા વિરૂદ્ધ ઉગ્ર આક્રોસ પ્રવર્તી રહ્યો છે. મળતી વિગતો અનુસાર આણંદ શહેરમાં નયાવતન સોસાયટીમાં રહેતા ઉસ્માનગની ઉર્ફે બાવા રિક્ષાવાળા ઈબ્રાહીમભાઈ વ્હોરા(ઉ.વ.૭૫)ને સંતાનના



હોઈ તેઓ પોતાનાં પત્ની સાથે રહે છે, અને રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. આજે સવારે તેઓ ઘરેથી રિક્ષા લઈને નિકળ્યા હતા અને આણંદ રેલવે સ્ટેશનનાં મુખ્ય ગેટની પાસે રિક્ષા પાર્ક કરી તેઓ રીક્ષા પાસે ઉભા રહી મુસાફરોની રાહ જોઈ રહ્યા હતા ત્યારે સવારે સાડા આઠ વાગ્યાનાં સુમારે અચાનક પાછળથી આવેલા સાંઢીયાએ ઉસ્માનગનીને પાછળથી ગોથુ મારી ઉછાળતા ઉસ્માનગની ઉછળીને રોડ પર પટકાતા તેઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી આ ઘટનાને લઈને આસપાસનાં લોકો દોડી આવ્યા હતા અને ઘવાયેલા ઉસ્માનગનીને ત્વરીત સારવાર માટે શહેરની જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અને જયાંથી તેઓને અન્ય હોસ્પિટલમાં રીફર કરવામાં આવતા જયાં તેઓનું ટુંકી સારવાર દરમિયાન મોત નિપજયું હતું. આ ઘટનાને લઈને ઉસ્માનગનીનાં સગા સબંધીઓમાં શોકની લાગણી પ્રસરી જવા પામી હતી, ઉસ્માનગનીનાં મૃત્યુથી તેઓની પત્ની નિરાધાર થઈ જતા અરેરાટી પ્રસરી જવા પામી હતી. મહાનગરપાલિકાની બેદરકારીનાં કારણે વૃદ્ધ રિક્ષાચાલકનું મોત નિપજવાની ઘટનાને લઈને લોકોમાં રોષ પ્રવર્તી રહ્યો છે. શહેરમાં વિવિધ માર્ગો પર રખડતા પશુઓનાં આતંકથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે, અવારનવાર રખડતા પશુઓ રાહદારીઓ અને દ્રીચક્રિય વાહનોને અડફેટમાં લે છે, જેનાં કારણે લોકો ઘાયલ થવાનાં બનાવો બને છે,ત્યારે મહાનગર પાલિકા એકલ દોકલ પશુઓ પકડીને કામગીરીનાં બણગા ફુંકે છે. આ અંગે પૂર્વ કાઉન્સિલર ડૉ.જાવેદ વ્હોરાએ કહ્યું હતું કે શહેરમાં વિવિધ માર્ગો પર રખડતા પશુઓ ફરી રહ્યા છે, અને આ અંગે નગરપાલિકાનાં સત્તાધીસોને રજુઆત કરી વાંરવાર વિનંતીઓ કરવામાં આવી છે, તેમં છતાં પાલિકાનાં અધિકારીઓ દ્વારા રખડતા પશુઓને નિયંત્રણમાં લેવામાં નહી આવતા આજે રખડતા પશુએ એક વૃદ્ધ રિક્ષાચાલકનો ભોગ લીધો છે, પૂર્વ કાઉન્સિલર મહેશ વસાવા તેમજ સામાજિક કાર્યકર તૌસીફ હાફેજી દ્વારા પણ આ અંગે રજૂઆત કરાઈ છે. આ અંગે ડેપ્યુટી કમિશનર નિલાક્ષ મકવાણાએ કહ્યું હતું કે રખડતા પશુનાં કારણે એક વૃદ્ધએ જીવ ગુમાવ્યો તે ઘટના દુખદ છે, મહાનગરપાલિકા દ્વારા આ અંગે ત્વરિત કાર્યવાહી હાથ ધરી રખડતા પશુઓ પકડવાની કામગીરી કરવામાં આવશે, અને આવી ઘટનાઓ ફરીવાર ના બને તે માટે કાર્યવાહી કરવામાં આવશે તેમજ પશુપાલકોને પણ પોતાનાં પશુઓ જાહેરમાર્ગો પર ખુલ્લા નહી મૂકવા સૂચનાઓ આપવામાં આવશે.

## શહેરમાં રોડ ઉપર પતંગ પકડવા દોડ્યા તો થશે સજા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

ગુજરાતીઓના મનપસંદ તહેવાર ગણાતા ઉત્તરાયણને હવે ગણતરીના દિવસો બાકી છે. ત્યારે ઉત્તરાયણના દિવસે જાનહાનિ તેમજ અકસ્માતના બનાવોમાં વધારો જોવા મળતો હોય છે. જે આ વર્ષે ન બને અથવા નહિવત બને તે માટે અમદાવાદ ઈન્ચાર્જ પોલીસ કમિશનર દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જેમાં કોઈપણ વ્યક્તિ જાહેર માર્ગમાં પતંગ નહીં ચગાવી શકે, તેમજ રોડ ઉપર પતંગ પકડવા માટે દોડાદોડી નહીં કરવા જેવી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. અમદાવાદ ઈન્ચાર્જ પોલીસ કમિશનર શરદ સિંઘલ દ્વારા બહાર પાડવામાં આવેલાં જાહેરનામા અનુસાર, શહેરમાં ઉત્તરાયણના તહેવારના અનુસંધાને તારીખ ૧૦ જાન્યુઆરીથી ૩૧ જાન્યુઆરી ૨૦૨૫ સુધી કોઈપણ વ્યક્તિ જાહેરમાર્ગ ઉપર અન્ય વ્યક્તિને ઈજા થાય અથવા ભય પમાડે તે રીતે પતંગ ઉડાડી શકશે નહીં. આ સિવાય જાહેર માર્ગ ઉપર દોડીને પતંગ પકડવા પર પણ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. નોંધનીય છે કે, જે પણ વ્યક્તિ દ્વારા આ જાહેરનામાનું ઉલ્લંઘન કરવામાં આવશે તેની સામે ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ની કલમ ૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ સજા કરવામાં આવશે.

### 6 GB રેમ સાથે વધુ એક 5G મોબાઈલ લોન્ચ

અમદાવાદ,તા.૧૦

શાઓમી ઈન્ડિયાએ રેડમી ૧૪-સી-૫-જીને લોન્ચ કર્યો છે. આ ફોનમાં અદ્યતન સુવિધાઓ, સીમલેસ પર્ફોર્મન્સ અને અત્યંત ફાસ્ટ ૫-જી કનેક્ટિવીટી સાથે ભારતીય ગ્રાહકોની વધતી જતી જરૂરિયાતોને પૂર્ણ કરવામાં આવી છે. ફોનમાં ૧૭.૫ સેમી (૬.૮૮-ઈંચ) એચડી+ ડોટ ડ્રોપ ડિસ્પ્લે ૧૨-જીબી રેમ (૬જીબી+ ૬જીબી એક્સ્પાંડેબલ) અને ૧૨૮-જીબી યુએફએસ ૨.૨ સ્ટોરેજ સાથે, તે મલ્ટિટાસ્કિંગ, ગેમિંગ અને એપ્લિકેશન નેવિગેશન માટે સરળતાથી કામ કરે છે.

# HMPV પોઝિટિવ : સાબરકાંઠાની બેબીકેર હોસ્પિટલમાં બાળક વેન્ટિલેટર પર

## બાળકની પરિસ્થિતિ હાલમાં પણ ગંભીર : મેડિકલ ઓફિસર

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૧૦

ચીનમાં હ્યુમન મેટાન્યુમો વાઈરસ (HMPV)ના કેસોમાં વધારો થતાં દુનિયાભરમાં ખળભળાટ મચ્યો હતો. ત્યારે સાબરકાંઠાના પ્રાંતિજ તાલુકાના એક ગામના ૭ વર્ષના બાળકનો શંકાસ્પદ HMPV વાઈરસનો રિપોર્ટ આવ્યા બાદ આરોગ્યતંત્રએ સેમ્પલ તપાસ માટે અમદાવાદ અને ગાંધીનગર મોકલી આપ્યાં હતાં, જેનો HMPV રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે, જોકે હાલ બાળક બેબીકેર હોસ્પિટલમાં વૅન્ટિલેટર પર છે. તો બીજી તરફ અમદાવાદના વસ્ત્રાપુરમાં રહેતા ૮૦ વર્ષીય વૃદ્ધનો HMPV વાઈરસનો રિપોર્ટ પોઝિટિવ આવતાં હાલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ અંગે મેડિકલ ઓફિસર ડૉ.સ્મૃતિ મહેતાએ જણાવ્યું હતું કે ત્રણ દિવસથી બાળક દાખલ છે. પ્રથમ દિવસે જ્યારે બાળક દાખલ થયું ત્યારે તેને શ્વાસ લેવામાં તકલીફ હતી. હાલમાં બાળક ICUમાં વૅન્ટિલેટર પર મશીન પર છે અને સરકારની ગાઈડ લાઈન મુજબ સારવાર કરવામાં આવી રહી છે. પરંતુ હાલમાં બાળકની પરિસ્થિતિ ક્રિટિકલ જ છે. એક્સ-રેમાં બાળકને ન્યુમોનિયા આવે જ છે. ઉલ્લેખનીય છે કે, ત્રણ દિવસ પહેલાં પ્રાંતિજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારના એક ગામના ખેતરમાં મજૂરી કરતા શ્રમિક પરિવારના ૭ વર્ષીય પુત્રને તાવ, શરદી, ઉધરસને લઈને હિંમતનગરની બેબીકેર હોસ્પિટલમાં નિદાન માટે લાવ્યા હતા, જયાં તબીબે નિદાનમાં એક્સરે કરતાં તેને ન્યુમોનિયાની અસર દેખાતા ખાનગી લેબોરેટરીમાં સેમ્પલ લેવડાવ્યાં હતાં, રિપોર્ટમાં HMPV વાઈરસ આવ્યો હતો એને લઈને જિલ્લા આરોગ્ય વિભાગને જાણ કરવામાં આવી હતી. સાબરકાંઠા જિલ્લા આરોગ્ય વિભાગે હોસ્પિટલ પહોંચી સેમ્પલ લઈને ગાંધીનગર અને અમદાવાદ મોકલી આપ્યાં હતાં. જેનો HMPV વાઈરસનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ૭ વર્ષીય બાળક હાલમાં બેબીકેર હોસ્પિટલમાં છે, જેને ICUમાં વેન્ટિલેટર પર રાખવામાં આવ્યું છે, સારવાર ચાલુ છે, એવું હોસ્પિટલના બાળરોગ નિષ્ણાત ઈમ્તિયાઝભાઈ મેમણે ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું છે.

# પ્લાસ્ટિક વેસ્ટ નિકાલના નિયમોના પાલન બાબતે તમામ મહાનગરપાલિકાની તપાસ કરી અહેવાલ રજૂ કરવા પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને હાઈકોર્ટનો આદેશ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે રાજયના તમામ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પ્લાસ્ટિક વેસ્ટના નિકાલ, મટીરીયલ રિકવરી ફેસીલિટી, પ્લાસ્ટિક વેસ્ટના રૂલ્સ અને નોર્મ્સનું પાલન થાય છે કે નહીં તે તમામ મુદ્દે વિગતવાર ડેટા સાથેનો રિપોર્ટ રજૂ કરવા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને હુકમ કર્યો છે. હાઈકોર્ટે પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ અને નોર્મ્સનું પાલનના કરતા હોય તેવા કિસ્સામાં શિક્ષાત્મક કાર્યવાહી કરવા પણ જીપીસીબીને નિર્દેશ કર્યો છે.

આજે રાજયભરમાં પ્લાસ્ટિક વેસ્ટના રૂલ્સના ચુસ્તપણે પાલનને લઈ આકરૂં વલણ અપનાવ્યું હતું.

જીપીસીબી તરફથી રાજયના આઠ મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં પ્લાસ્ટિક વેસ્ટના નિકાલને કરાયેલા ઈન્સ્પેકશન અને મેળવાયેલા ડેટા સાથેનો રિપોર્ટ આજે હાઈકોર્ટમાં રજૂ કરાયો હતો. જેમાં ગાંધીનગર અને ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના કિસ્સામાં ગંભીર ચૂક સામે આવી હોવાનું જણાવાયું હતું. ભાવનગર કોર્પોરેશનમાં પ્લાસ્ટિક વેસ્ટ સેગરેશનની કોઈ વ્યવસ્થા કે મશીનરી જ નહી હોવાનું સામે આવ્યું હતું. તો, ગાંધીનગરમાં ત્રણ પૈકીની બે સાઈટમાં વેસ્ટ રિકવરી ફેસીલિટી અને ડમ્પીંગ સાઈટ ઓપરેશનલ નહી હોવાનું સામે આવતાં હાઈકોર્ટે ગંભીર નોંધ લીધી હતી અને આવા કસૂરવારો વિરૂદ્ધ શિક્ષાત્મક કાર્યવાહી કરવા જીપીસીબીને જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, ગિરનાર અને બેટ દ્વારકા પ્લાસ્ટિક અને ગંદકી મુકત કરી સ્વચ્છ બનાવવા મુદ્દે એડવોકેટ દ્વારા કરાયેલી જાહેરહિતની રિટ અરજીની સુનાવણી થઈ હતી તેમાં ઉપરોક્ત આદેશ કરાયો હતો. હવે આ કેસની સુનાવણી આગામી ૩૧ જાન્યુઆરીનાં રોજ રાખવામાં આવી હતી.

દરમ્યાન ઓખા નગરપાલિકા દ્વારા હજુ સુધી કન્સ્ટ્રકશન ઓફ મટીરીયલ રિકવરી ફેસીલિટી પરિપૂર્ણ નહી કરાતાં તેમ જ સ્થાનિક પ્લાસ્ટિક વેસ્ટ સહિતનો જોખમી કચરો ખુલ્લામાં એક જગ્યાએ એકત્ર કરાઈ રહ્યો હોવાની વાત ધ્યાન પર આવતાં ચીફ જસ્ટિસે આખો નગરપાલિકા સત્તાધીશોની ભારે આલોચના કરી હતી.

હાઈકોર્ટ સમક્ષ રજૂ કરાયેલા કેટલાક ફોટોગ્રાફ્સને ધ્યાને લઈ હાઈકોર્ટે જણાવ્યું હતું કે, ફોટોગ્રાફ્સ પરથી સ્પષ્ટ થાય છે કે, બેટ દ્વારકા વિસ્તારમાં પ્લાસ્ટિક વેસ્ટ ખુલ્લામાં અને તે પણ દરિયાઈ જળ નજીક એકત્ર કરાઈ રહ્યો છે, જેના કારણે બેટ દ્વારકાના દરિયાઈ પર્યાવરણને નુકસાન થઈ રહ્યું છે. આ બાબતને લઈ ઓખા નગરપાલિકા સત્તાવાળાઓની ગંભીર નિષ્કાળજી સામે આવી છે અને એ વાત સ્પષ્ટ થાય છે કે, પ્લાસ્ટિક વેસ્ટ રૂલ્સના ચુસ્ત પાલનને લઈ અગાઉ હાઈકોર્ટે જે હુકમ કર્યા છે તેનો સરેઆમ ભંગ થયો છે.

હાઈકોર્ટે પ્લાસ્ટિક વેસ્ટ રૂલ્સના પાલન માટે અને કન્સ્ટ્રકશન ઓફ મટીરીયલ ફેસીલિટી પૂર્ણ કરવા બાબતે ઓખા ન.પા દ્વારા રોકવામાં આવેલ કોન્ટ્રાકટર નિષ્ઠાપૂર્વક કામ કરે છે કે નહી તે સહિતના મુદ્દે ખુલાસા સાથેનું વ્યકિતગત રીતે સોગંદનામું રજૂ કરવા ઓખા નગરપાલિકાના ચીફ ઓફિસરને હુકમ કર્યો હતો. કેસની વધુ સુનાવણી તા.૩૧મી જાન્યુઆરીએ મુકરર કરાઈ છે.

### અગાઉ પણ યુવકે આપઘાતનો પ્રયાસ કર્યો હતો

# રાણીપમાં પત્નીના ત્રાસથી પતિએ ગળેફાંસો ખાઈને આત્મહત્યા કરી

## યુવકની પત્ની તેના પર ખોટા શક વહેમ રાખીને અવારનવાર ઝઘડા કરીને ત્રાસ આપતી હતી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

શહેરના રાણીપ વિસ્તારમાં પત્નીના ત્રાસથી પતિએ ગળેફાંસો ખાઈને આત્મહત્યા કરી હોવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. પતિને અન્ય સ્ત્રી સાથે આડા સંબંધ હોવાની શંકા રાખીને પત્ની અવાર નવાર બોલાચાલી ઝઘડા કરી હતી. જેથી કંટાળીને પતિએ દોઢેક વર્ષ અગાઉ પણ દવા પીને આત્મહત્યાની કોશિશ કરી હતી. જોકે ૪ જાન્યુઆરીના દિવસે ગળેફાંસો ખાઈને આત્મહત્યા કરી લેતા પોલીસે આત્મહત્યા માટે દુષ્પ્રેરણાનો ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે. શહેરના નવાવાડજ વિસ્તારમાં આવેલા હરીઓમ એપાર્ટમેન્ટમાં રહેતા મનસુખભાઈ સોનીગરાએ રાણીપ પોલીસ સ્ટેશનમાં પુત્રવધૂ વિરુદ્ધમાં પોલીસ ફરીયાદ દાખલ કરાવી છે. મનસુખભાઈના પુત્ર આશીષે દશેક વર્ષ પહેલા લગ્ન કર્યા હતાં. પુત્રએ તેમની મરજી વિરુદ્ધમાં લગ્ન કર્યા હોવાથી તે ફરીયાદીથી અલગ રહેતો હતો. પરંતુ ક્યારેક કામકાજ અર્થે તેમના ઘરે આવતો જતો હતો. ત્યારે તેણે જણાવ્યું હતું કે, યુવકની પત્ની તેના પર ખોટા શક વહેમ રાખીને અવારનવાર ઝઘડા કરીને ત્રાસ આપે છે. તેને કારણે કંટાળીને આશિષે દોઢેક વર્ષ અગાઉ દવા પીને આત્મહત્યાની પણ કોશિશ કરી હતી. ૪ જાન્યુઆરીના સવારે જયારે ફરીયાદી ઘરે હાજર હતા તે દરમિયાન તેમના ભત્રીજાનો ફોન આવ્યો હતો. જેમાં કહ્યું હતું કે, આશિષે ગળેફાંસો ખાઈને આત્મહત્યા કરી છે. જે બાબતની જાણ પોલીસને કરતા રાણીપ પોલીસ ઘટનાસ્થળ પર પહોંચીને વધુ તપાસ શરૂ હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, આશિષે આત્મહત્યા કરતા પહેલા તેના મિત્રના મોબાઈલ નંબર પર બંન્ને પતિ-પત્ની વચ્ચે થયેલા ઝઘડાનું એક રેકોર્ડિંગ મોકલી આપ્યું હતું. જેમાં તેના દીકરાને રૂમમાં પુરી દીધો હતો. તે વારંવાર ખાવા પીવાનું માંગે છે છતાં તેને આપવામાં આવતુ નથી અને જો તેમનો દીકરો ગળે ફાંસો ખાઈને મરી જઈશ તેવું કહેતા મનીષા તું હાલને હાલ મરી જા તેમ કહે છે. આમ પત્નીના ત્રાસને કારણે દીકરાએ ગળેફાંસો ખાઈને આત્મહત્યા કરી હોવાની જાણ થતાં જ ફરીયાદીએ રાણીપ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે. પોલીસે હાલમાં સમગ્ર મામલે દુષ્પ્રેરણાનો ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી છે.

# અમદાવાદનો યુવક એકના ડબલની પોન્ઝી સ્કીમનો ભોગ બન્યો : ૬૯ લાખ ગુમાવ્યા

## આરોપીએ ૧.૪૦ કરોડની નકલી નોટો રોકાણકારને પકડાવી દીધી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

રાજયમાં એકના ડબલ અને ત્રણ ગણા કરવાનું કહીને કૌભાંડ આચરવામાં આવ્યું હોવાની અનેક ઘટનાઓ સામે આવતી હોય છે, ત્યારે અમદાવાદનો એક યુવક એકના ડબલની પોન્ઝી સ્કીમનો ભોગ બન્યો છે. જેમાં યુવકે બીજા પાસેથી ઉછીના ૬૯ લાખ રૂપિયા લઈને ડબલ કરવા જતા આરોપીએ ૧.૪૦ કરોડ રૂપિયાની ચિલ્ડ્રન્સ બેંકની નકલી નોટો પકડાવી દીધી હતી. સમગ્ર મામલે યુવકે છેતરપિંડી કરનારા સહિત પાંચ શખસો વિરૂદ્ધમાં પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આરોપીને ઝડપી પાડવા માટે પોલીસે સમગ્ર ઘટના અંગે વધુ તપાસ હાથ ધરી છે.

સુરેન્દ્રનગરમાં એકના ડબલ કરી આપવાની સ્કીમમાં અનેક લાલચું ફસાયા હોવાનું સામે આવ્યું છે, ત્યારે અમદાવાદના ખોખરા વિસ્તારમાં રહેતા પ્રભાકર કનોજીયા નામના યુવકે એકના ડબલની સ્કીમમાં લાખો રૂપિયા ગુમાવ્યા હતા. ઘટના એમ છે કે, પ્રભાકરના મિત્રએ સાયલામાં અનિરૂદ્ધસિંહ ઝાલા નામનો શખસ એકના ડબલ કરી આપતો હોવાની જાણકારી આપી હતી. આ પછી તેઓ ૩૦ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ અનિરૂદ્ધસિંહને મળ્યા ગયા હતા. જેમાં પ્રભાકરે ૫૦ હજાર રૂપિયા આપતા અનિરૂદ્ધસિંહે તેના ૬૧ હજાર રૂપિયા આપ્યા હતા. જો કે, ત્યારબાદ પ્રભાકર વધુ લાલચમાં આવીને બીજા પાસેથી ઉછીના રૂપિયા લઈને અનિરૂદ્ધસિંહને ૬૯ લાખ રૂપિયા આપ્યા હતા, જેના બદલામાં અનિરૂદ્ધસિંહે પ્રભાકરને ૧.૪૦ કરોડ રૂપિયાની નોટો ભરેલો થેલો આપ્યો હતો. જેમાં પ્રભાકર થેલો લઈને ત્યાંથી નીકળી ગયો હતો. ત્યારબાદ થોડે દૂર જઈને પ્રભાકરે થેલામાં ચેક કર્યું તો ૫૦૦ના કૂપનવાળી ચિલ્ડ્રન બેંક ઓફ ઈન્ડિયાની નકલી નોટો નીકળી હતી. સમગ્ર ઘટનામાં મામલે છેતરપિંડી થઈ હોવાની જાણ થતા પ્રભાકરે અનિરૂદ્ધસિંહ સહિત પાંચ શખસો વિરૂદ્ધમાં પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, અનિરૂદ્ધસિંહે વર્ષ ૨૦૨૩માં રાજકોટના એક વેપારી સાથે ૪૦ લાખની છેતરપિંડી કરી હતી. જે મામલે સાયલા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો, જેમાં પોલીસે એપ્રિલ ૨૦૨૪ના રોજ આરોપીની ધરપકડ કરી હતી.

### લક્ષ્મી ડેન્ટલનો આઈપીઓ ૧૩ જાન્યુઆરીએ ખુલશે

અમદાવાદ,તા.૧૦

લક્ષ્મી ડેન્ટલ લિમિટેડ સોમવાર, ૧૩ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ઈક્વિટી શેરના તેના આઈપીઓના સંદર્ભમાં ઓફર સમયગાળો ખોલશે. ઓફરનો પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂા.૪૦૭થી રૂા.૪૨૮ રાખવામાં આવ્યો છે. બિડસ લઘુતમ ૩૩ ઈક્વિટી શેર્સ અને ત્યાર બાદ ૩૩ ઈક્વિટી શેર્સના ગુણાકમાં કરી શકાશે. ઈક્વિટી શેર્સ (પ્રત્યેક રૂા.૨ની ફેસ વેલ્યુના)ની કુલ ઓફર સાઈઝમાં રૂા.૧,૩૮૦ મિલિયન સુધીના મૂલ્યના ફ્રેશ ઈશ્યુ તથા વેચાણકર્તા શેરધારકો દ્વારા ૧,૩૦,૮૫,૪૬૭ સુધીના ઈક્વિટી શેર્સની વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે. આઈપીઓ ૧૫ જાન્યુઆરીના રોજ બંધ થશે.


**જાહેર નોટિસ**

**એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ અને સિટી મામલતદાર મણીનગર, મહેસુલ ભવન લાલ દરવાજા, અમદાવાદની કોર્ટમાં**

**નં.એમ.એ.જી/જન્મ મરણ પ્રમાણપત્ર/ એસ.આર.નં.363/2024**

વાદી :- **મહેન્દ્રભાઇ કેશવભાઇ ચુનારા** ઉ.વ.૦ ધંધો : નોકરી ધર્મે : હિંન્દુ, રહે, ભવનાથ મંદિર પાછળ, સાણંદ નવા છાપરા અમદાવાદ

વિરૂદ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી જન્મ મરણ વિભાગ, અ.મ્યુ. કો.,અમદાવાદ

**જન્મ મરણ અધિનિયમ ૧૯૬૯ની પેટા કલમ ૧૩(૩) અન્વયે જન્મ/મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી/નોટિસ**

આથી લાગતાં વળગતાં ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદાર શ્રી. મહેન્દ્રભાઈ કેશવલાલ ચુનારાનાં માતા પુજીબેન કેશવલાલ ઉર્ફે કેશાભાઈ ચુનારાનું મરણ તા.૦૩/૧૨/૨૦૨૦ના રોજ વણઝારાવાસ નારોલ અમદાવાદ ખાતે થયેલ છે. અને તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાના નિયમોનું જ્ઞાન ન હોઈ ભૂલ અને અજ્ઞાનવશથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદરહુ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફતે મુદત તા.૨૧/૦૨/૨૦૨૫ના રોજ બપોરના ૩.૩૦ કલાકે એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ અને સિટી મામલતદારશ્રી મણીનગર,એસ.બી.આઈ. બેંકની સામે લાલ દરવાજા, અમદાવાદની કોર્ટમાં બીનચુક હાજર રહેવું, જો તેમ કરવામાં કસુર કરશો તો આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતાં ઈસમોને નોંધ લેવી.

(સિક્કો) **સિટી મામલતદાર મણીનગર અમદાવાદ.**

# શું આઝમખાનની જેમ સંભલના સાંસદ ઝીયાઉર રહેમાન બર્કને રાજકીય રીતે ખતમ કરવાના પ્રયાસો થઈ રહ્યા છે ?

(એજન્સી) લખનૌ, તા.૧૦

યુપીના સંભલ શહેરના સમાજવાદી પાર્ટીના સાંસદ ઝીયાઉર રહેમાન બર્ક સામેના રાજકીય પડકારો વધુને વધુ તીવ્ર બનતા દેખાય છે અને એક સમસ્યા પૂરી થાય ત્યાં બીજી આવીને ઊભી રહી જાય છે જે દર્શાવે છે કે સમાજવાદી પાર્ટીના એક વરિષ્ઠ નેતા આઝમખાન સાથે જે રીતે થયું એ રીતે રહેમાન બર્કને રાજકીય રીતે નબળા પાડી દેવાના પ્રયત્નો થઈ રહ્યા છે.

સંસદસભ્ય બન્યા એ પહેલા ઝીયાઉર રહેમાન બર્ક મોરાદાબાદ જિલ્લામાં આવેલી કુંદારકી વિધાનસભા બેઠક પરથી સપાના ધારાસભ્ય બન્યા હતા અને એમના પિતા ડોક્ટર સફીકુર રહેમાન બર્ક પણ લાંબો સમય સુધી સંભલના સપાના સાંસદ તરીકે કાર્યરત રહ્યા હતા. ડોક્ટર રહેમાનનું ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીઓ દરમિયાન અવસાન થયું હતું. આથી સમાજવાદી પાર્ટીએ એમના પુત્રની એટલે કે ઝિયાઉર રહેમાન બર્કની ઉમેદવાર તરીકે પસંદગી કરી હતી અને તેઓ વિજેતા થયા હતા. એ પછી થોડા સમય બાદ કુંદારકી વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી યોજાઈ હતી અને ચાર દાયકા બાદ પહેલીવાર ત્યાં ભાજપનો વિજય થયો હતો. એટલે ચૂંટણીઓમાં અને મતદાનની પ્રક્રિયામાં બહુ જ મોટા પાયે ગેરરીતિઓ કરવામાં આવી હોવાના આક્ષેપો પણ થયા હતા. સપાએ તો ચૂંટણી રદ કરવાની જ માગણી કરી હતી અને સપાના ઉમેદવારે એવો ગંભીર આક્ષેપ કર્યો હતો કે ભાજપે મતદારોને દબાવ્યા હતા અને ગેરવર્તન કર્યું હતું અને મતદારોને રોકવામાં આવ્યા હતા. પરિસ્થિતિ પર કાબૂ મેળવવામાં નિષ્ફળતા બદલ ચૂંટણી બનશે. પોલીસને ઠપકો આપ્યો હતો. આટલા આક્ષેપો થયા છતાં ભાજપના ઉમેદવારનો વિજય થયો હતો જેના પગલે યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પર પણ માછલા ધોવાયા હતા અને ભારે રાજકીય રીતે હવામાન ગરમ થઈ ગયું હતું. ત્યારપછીના સમયમાં યોગી આદિત્યનાથને સમાજવાદી પાર્ટી અને ખાસ તો રહેમાન બર્ક સામે અણગમો થઈ ગયો હોય તેમ એમના રાજકીય પતનનું કાઉન્ટ-ડાઉન શરૂ કરવામાં આવ્યું હતું તેવું સૂત્રો કહે છે.

૨૪મી નવેમ્બરે સંભલની શાહી જામા મસ્જિદનો બીજો સર્વે કરવામાં આવ્યો અને હિંસા થઈ તથા પોલીસની કાર્યવાહીમાં પાંચ મુસ્લિમોનાં મોત થયા હતા એ વખતે રહેમાન બર્ક બેંગ્લોરમાં હોવા છતાં તેમણે હિંસામાં અન્ય આરોપીઓની સાથે આરોપી બનાવી દેવાયા હતા અને પોલીસ દ્વારા સાંસદને પણ આરોપી બનાવીને એફઆઈઆર દાખલ કરી દેવામાં આવી હતી. લોકસભામાં પણ આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો અને સપાએ સ્પીકર ઓમ બિરલાની દરમિયાનગીરીની માંગણી કરી હતી અને પગલાં લેવા માટે એમને વિનંતી કરી હતી. સંસદમાં મામલો ચગી ગયો હોવાથી યુપી સરકાર થોડી ભીસમાં આવી હતી. એ પછી યુપીના ડીજીપી પ્રશાંત કુમારે સાંસદ રહેમાનની સંડોવણી



હતી કે કેમ તેની નવેસરથી તપાસ કરવાનો આદેશ આપ્યો હતો. આ બધું થયું હોવા છતાં રહેમાન બર્કને રાજકીય રીતે ખતમ કરવાના પ્રયાસો ચાલુ જ રહ્યા છે અને રહેમાન બર્ક સામેની આ તમામ કાર્યવાહીના કેન્દ્રમાં મોરાદાબાદના ડિવિઝનલ કમિશનર અંજનને કુમાર સિંઘ છે. અંજનીય કુમારે સાંસદ સામે એક કાર અકસ્માત શહીદની બહુવિધ તપાસની કાર્યવાહીની આગેવાની લીધી છે. એમની સામે વીજચોરીની પણ ફરિયાદ દાખલ કરવામાં આવી છે અને રૂપિયા ૧.૯૧ કરોડનો દંડ વીજચોરી બદલ ફટકારવામાં આવ્યો છે. મકાનમાં ગેરકાયદે બાંધકામ થયું છે એવું કહીને એમના નિવાસસ્થાનની સીડીઓ પણ તોડી નાખવામાં આવી હતી. હજુ તો ત્યાં છે કે વીજચોરી બદલ માત્ર સાંસદ નહીં પણ એમના પિતા સામે પણ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. બુલડોઝરથી એમના આવાસના પગથિયાનું ડિમોલિશન કરવામાં આવ્યું અને આ રીતે સાંસદ ઉપર દરેક રીતે દબાણ વધારવામાં આવી રહ્યું છે. આ તમામ ઘટનાક્રમ એવા કાવતરા તરફ નિર્દેશ કરે છે જે રહેમાન બર્કને રાજકીય રીતે ખતમ કરી નાખવા માટે ઘડાયું છે અને અને જે ઢબ બહાર આવી રહી છે તે આઝમખાનની રાજકીય કારકિર્દીને ખતમ કરવાની જે પદ્ધતિ અપનાવવામાં આવી હતી એવા જ પ્રકારની પદ્ધતિ અને ઢબ છે. આઝમખાનનું પણ આવી જ રીતે રાજકીય રીતે કાટલું કાઢી નાખવામાં આવ્યું છે અને એ જ રીતે રહેમાન બર્ક સાથે પણ થઈ રહ્યું છે. આઝમખાનને જેલમાં નાખવામાં આવ્યા છે અને કાનૂની યુદ્ધમાં એમને પ્રવૃત્ત કરી દેવામાં આવ્યા છે અને આવા જ પડકારો રહેમાન બર્ક સામે પણ ઊભા થયા છે. અત્રે નોંધપાત્ર એ છે કે મોરાદાબાદના જે ડિવિઝનલ કમિશનર છે એ અંજનેય કુમાર સિંગ રામપુરમાં ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ હતા ત્યારે આઝમખાન સામે ઢગલાબંધ કેસો દાખલ કરવામાં આવ્યા હતા. જેના કારણે તેમનું રાજકીય પતન થયું. હવે અહીં સિંગ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની સૂચનાથી સાંસદ રહેમાન બર્કનું રાજકીય પતનનો નાશ માટે સક્રિય બન્યા હોય એવી અટકળો થઈ રહી છે. અને ડો. સાંસદ રહેમાન સામે મોટા પાયે કાવતરું થયું છે તેનો એક નહીં અનેક પુરાવા મોજુદ છે.

# મુંબઈ-જયપુર ટ્રેનમાં ગોળીબારનો કેસ : RPFના આરોપી કોન્સ્ટેબલ ચેતનસિંહ ચૌધરીએ ગોળીબાર કરી ચાર મુસાફરોની હત્યા કરી એ બદલ ધરપકડ થઈ હતી, હવે તેને “માનસિક અસ્થિર” ગણાવીને મેન્ટલ હોસ્પિટલ મોકલવાની દલીલ, અદાલત નિર્ણય લેશે

**ન્યૂઝ Gt પોઈન્ટ** ૩૧મી જુલાઈ ૨૦૨૩ના રોજ ૪ નિર્દોષની ટ્રેનમાં જ હત્યા કર્યાના આશરે દોઢ વર્ષ બાદ પોલીસે ધરપકડ કરી ! વળી કોર્ટે તો પોલીસ રિપોર્ટ ઉપર જ આધાર રાખવો પડે ! થોડા સમય બાદ “સારવાર બાદ માનસિક સ્થિતિ નોર્મલ” થઈ જાય અને ફરીથી પોલીસ ડિપાર્ટમેન્ટમાં પ્રમોશન મેળવી લે તો નવાઈ નહીં ?

(એજન્સી) મુંબઈ, તા.૧૦

ગત જુલાઈ ૨૦૨૩ના મહિનામાં જયપુરથી મુંબઈ જતી સેન્ટ્રલ સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેનમાં ચાર મુસાફરોની હત્યા કરનાર આરપીએફના બરતરફ કોન્સ્ટેબલ ચેતનસિંહ ચૌધરીને માનસિક રીતે અસ્થિર ગણાવી આકોલા જેલના સત્તાવાળા હોય તેને નાગપુરની મેન્ટલ હોસ્પિટલમાં વધુ સારવાર માટે ખસેડવાની ડિંડોશી અદાલતમાં અરજી કરી છે.

ગત ૩૧ જુલાઈ ૨૦૨૩ના રોજ આ કોન્સ્ટેબલે આડેધડ ગોળીબાર કરીને ત્રણ મુસાફરો અને પોતાના જ એક સિનિયર સાથેની ટ્રેનમાં હત્યા કરી નાખી હતી. અત્યારે એ આકોલા જેલમાં






**જયપુરથી મુંબઈ જતી સેન્ટ્રલ સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેનમાં જુલાઈ ૨૦૨૩માં બરતરફ કોન્સ્ટેબલ ચૌધરીએ ચાર લોકોની હત્યા કરી હતી અને હવે તેને માનસિક રીતે અસ્થિર ગણાવામાં આવી રહ્યો છે અને આરોપી હાલ જ્યાં છે એ આકોલા જેલના સત્તાવાળાઓએ તેને વધુ સારવાર માટે નાગપુર મેન્ટલ હોસ્પિટલ ખસેડવા માટે ડીંડોશી અદાલતમાં રજૂઆત કરી છે**

છે ત્યારે જેલના સત્તાવાળાએ અદાલતને એવી જાણ કરી છે કે ચૌધરી માનસિક બીમારીથી પીડાઈ રહ્યો છે અને તેને નાગપુરની હોસ્પિટલમાં ખસેડવો જોઈએ.

જેલના સત્તાવાળા હોય અદાલતમાં માહિતી આપી હતી કે ગત ૧૯ ડિસેમ્બરે ચૌધરી માંદો પડતા તેને જિલ્લા હોસ્પિટલ સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો જ્યાં તબીબી ચકાસણી બાદ તબીબોને માલુમ પડ્યું હતું કે એ માનસિક રીતે અસ્થિર છે એટલે તેના કેસ પેપરમાં પણ માનસિક રીતે બીમાર અને માનસિક બીમારીના લક્ષણો એવું તબીબોએ નોંધમાં લખ્યું હતું. તબીબોના આ નિદાનને આધારે જેલના સત્તાવાળા હોય તેને નાગપુર ખસેડવા માટે અદાલતમાં અરજી કરી છે. અદાલતે ફરિયાદ પક્ષનો અને પીડિત પક્ષ તરફથી જવાબ માંગ્યો છે જે ગુરુવારે રજૂ કરવામાં આવ્યો છે. ફરિયાદ પક્ષે ચૌધરીને નાગપુર હોસ્પિટલ ટ્રાન્સફર કરવા સામે વિરોધ ઉઠાવ્યો છે અને વાંધો લીધો છે અને કહ્યું છે કે નાગપુરને બદલે તેને થાણેમાં આવેલી મેન્ટલ હોસ્પિટલમાં ખસેડવો જોઈએ એટલે અદાલતે કાર્યવાહીમાં પણ સરળતા રહેશે. બીજી તરફ પીડિત પરિવારોના વકીલે પણ કોન્સ્ટેબલને ખસેડવા સામે વાંધો ઉઠાવ્યો છે અને દલીલ કરી છે કે ચાર્જશીટમાં કોઈપણ પ્રકારની માનસિક બીમારી આરોપીનો હોવાનો ઉલ્લેખ થયો નથી અને સંપૂર્ણપણે સાજો નરવો છે અને કોઈ માનસિક બીમારી નથી.

# ભાજપ સરકાર હેઠળ ‘ખાનગીકરણ’ સામે હરિદ્વાર મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓએ બાવડા ફૂલાવ્યા

### આશ્વાસનો છતાં વિદ્યાર્થીઓ શંકાસ્પદ રહે છે, તેઓ દલીલ કરે છે કે PPP મોડેલ નફા-સંચાલિત મેનેજમેન્ટ પ્રથાઓ તરફ દોરી શકે છે

(એજન્સી) તા.૧૦

હરિદ્વારમાં જગજીતપુર મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્તરાખંડ સરકાર દ્વારા જાહેર-ખાનગી ભાગીદારી (PPP) મોડેલ હેઠળ કોલેજનું સંચાલન શારદા એજ્યુકેશનલ ટ્રસ્ટને સોંપવાના નિર્ણય સામે ઉગ્ર વિરોધ શરૂ કર્યો છે. ભાજપની આગેવાની હેઠળની રાજ્ય સરકાર પર પાછલા બારણે ખાનગીકરણનો આરોપ લગાવતા, વિદ્યાર્થીઓ આ નિર્ણય તાત્કાલિક પાછો ખેંચવાની માંગ કરી રહ્યા છે. વિદ્યાર્થીઓનો આરોપ છે કે તેમને સંક્રમણ વિશે અંધારામાં રાખવામાં આવ્યા હતા અને પારદર્શિતાના અભાવે દગો થયો હોવાનું અનુભવે છે. એક વિરોધ કરનાર વિદ્યાર્થીએ કહ્યું કે, ‘અમે ખાનગી કોલેજનો ટેગ નથી ઈચ્છતા,’ ‘અહીં પ્રવેશ મેળવવા માટે અમે કરેલી બધી મહેનતનું કોઈ મૂલ્ય નથી. અમને આ ખાનગીકરણના નિર્ણય વિશે જાણ પણ કરવામાં આવી ન હતી.’ પ્રદર્શનો કરનારાઓને ડર છે કે PPP મોડેલ ફીમાં વધારો કરશે, જેનાથી ઘણા લોકો માટે તબીબી શિક્ષણ પરવડે તેવું નહીં રહે અને સરકાર દ્વારા સંચાલિત સંસ્થાઓ સાથે સંકળાયેલી પ્રતિષ્ઠામાં ઘટાડો થશે.



આ વિવાદ પર તીવ્ર પ્રતિક્રિયા આપતા, દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ભાજપ પર જાહેર કલ્યાણ કરતાં ખાનગી હિતોને પ્રાથમિકતા આપવાનો આરોપ લગાવ્યો. કેજરીવાલે કહ્યું, ‘ઉત્તરાખંડમાં ભાજપનું ગંદુ રાજકારણ ખુલ્લું પડી ગયું છે. તે શિક્ષણ, આરોગ્ય અને વીજળી જેવી આવશ્યક સેવાઓનું વ્યવસ્થિત રીતે ખાનગીકરણ કરી રહ્યું છે. દિલ્હીમાં, હું ચેતવણી આપી રહ્યો છું કે ભાજપ મફત શિક્ષણ અને આરોગ્યસંભાળનો વિરોધ કરતી વખતે અબજો રૂપિયાની જાહેર જમીન તેના મિત્રોને કેવી રીતે ભેટમાં આપે છે, ’. જોકે, ધામી સરકારે ખાનગીકરણના આરોપોને નકારી કાઢ્યા. અધિકારીઓએ સ્પષ્ટતા કરી કે કોલેજનું ખાનગીકરણ કરવામાં આવી રહ્યું નથી પરંતુ તે પીપીપી મોડેલ હેઠળ કાર્ય કરશે, જેમાં સરકાર અને ખાનગી સંસ્થા વચ્ચે વહેંચાયેલ જવાબદારીઓ શામેલ છે. ભાજપના પ્રવક્તાએ જણાવ્યું, ‘પીપીપી મોડેલનો હેતુ કોલેજના માળખાગત સુવિધાઓ અને કામગીરીમાં સુધારો કરવાનો છે, વિદ્યાર્થીઓ પર બોજ નાખવાનો નહીં, ’. આશ્વાસનો છતાં, વિદ્યાર્થીઓ શંકાસ્પદ રહે છે. તેઓ દલીલ કરે છે કે પીપીપી મોડેલ તરફ જવાથી નફા-સંચાલિત વ્યવસ્થાપન પ્રથાઓ થઈ શકે છે, ટ્યુશન ફીમાં નોંધપાત્ર વધારો થઈ શકે છે અને સંસ્થાની શૈક્ષણિક પ્રતિષ્ઠા ઓછી થઈ શકે છે. સ્થાનિક મીડિયાએ અહેવાલ આપ્યો છે કે હરિદ્વાર મેડિકલ કોલેજ ઉપરાંત, બે વધુ મેડિકલ કોલેજો હરાવાલા કેન્સર હોસ્પિટલ અને હલ્દવાની ચિલ્ડ્રન્સ હોસ્પિટલ પણ ખાનગી ખેલાડીઓને સોંપવામાં આવશે. આ વિરોધ જાહેર સેવાઓના ખાનગીકરણ અંગેની વ્યાપક ચર્ચામાં વધુ એક મુખ્ય મુદ્દો છે, જેમાં વિદ્યાર્થીઓ અને રાજકીય વિપક્ષો ભાજપના અભિગમને જાહેર કલ્યાણના ભોગે કોર્પોરેટ હિતોને પૂર્ણ કરવા તરીકે ટીકા કરી રહ્યા છે. આ ગતિરોધ ચાલુ છે, વિદ્યાર્થીઓ તેમની માંગણીઓ પૂર્ણ ન થાય ત્યાં સુધી તેમના વિરોધને વધુ તીવ્ર બનાવવા મક્કમ છે.

# મહાકુંભ સમાચાર : ઉત્તરપ્રદેશના પ્રતાપગઢમાં ‘ચા વાલે બાબા’ મૌન રહીને પણ વિદ્યાથીઓને મફત સિવિલ સર્વિસ કોચિંગ આપે છે

### ચા વાલે બાબાએ તેમના શિષ્યોને કહ્યું હતું કે તેમનું મૌન ઊર્જા મેળવવામાં મદદ કરે છે, જેનો ઉપયોગ તેઓ વિશ્વ કલ્યાણ માટે કરે છે

(એજન્સી) તા.૧૦

ઉત્તરપ્રદેશના પ્રતાપગઢમાં ‘ચા વાલે બાબા’ છે, અને તેઓ એક ચા વેચનાર હતા અને સાધુ બની ગયા હતા અને તેઓ છેલ્લા ૪૦ વર્ષથી સિવિલ સર્વિસ ઉમેદવારોને બોલ્યા વિના મફત કોચિંગ આપી રહ્યો છે. આ ‘ચા વાલે બાબા’ કંઈ ખાતા નથી અને બોલતા પણ નથી, તેઓ વિદ્યાર્થીઓ સાથે વોટ્સએપ દ્વારા વાતચીત કરે છે. દિનેશ સ્વરૂપ બ્રહ્મચારી, એક સમયે ‘ચા વેચતા’ હતા, તેમણે મૌન રહેવાની અને કંઈ પણ ખાવાનું ન ખાવાની પ્રતિજ્ઞા લીધી હતી, તેઓ માત્ર દરરોજ ફક્ત દસ કપ ચા પર જીવન જીવે છે. કોઈને પણ આશ્ચર્ય થશે કે જો તે બોલતા નથી, તો તેઓ કોચિંગ સેન્ટરમાં વિદ્યાર્થીઓને કેવી રીતે માર્ગદર્શન આપે છે ? તો તેનો જવાબ છે - વોટ્સએપ. સિવિલ સર્વિસના ઉમેદવાર રાજેશ સિંહે ANIને જણાવ્યું કે તેઓ ‘મહારાજજી’ને લગભગ ચાર-પાંચ વર્ષથી ઓળખે છે, અને જ્યારે પણ તેમને જરૂર હોય ત્યારે તેઓ તેમના શિષ્યોને માર્ગદર્શન આપે છે. ભાષાને એક માધ્યમની જરૂર હોય છે, જે લેખિત અથવા મૌખિક હોઈ શકે છે, અને કોઈ તેને બિન-મૌખિક કહેતું નથી. ગુરૂજી મૌન છે, પરંતુ અમે તેમના હાવભાવ અને વોટ્સએપ સંદેશાઓ દ્વારા સમજીએ છીએ. તેમણે કહ્યું કે વિદ્યાર્થીઓ તેમના પ્રશ્નો અથવા ચિંતાઓ તેમને લખે છે અને તેઓ તેમને લેખિતમાં જવાબ પણ આપે છે. જો કે, સિંહે સ્પષ્ટતા કરી કે શિષ્યો એવું માનતા નથી કે આ લેખિત માધ્યમ શ્રેષ્ઠ છે, પરંતુ તે તેમના હેતુને પૂર્ણ કરે છે મહાકુંભમાં હાજરી આપવા આવેલા આ ચાઈ વાલે બાબા,



વોટ્સએપ દ્વારા સિવિલ ઉમેદવારોને અભ્યાસ નોંધો સાથે મફત કોચિંગ આપે છે. તેઓ મેટા-માલિકીના પ્લેટફોર્મ દ્વારા તેમના પ્રશ્નોના જવાબ પણ આપે છે. તેમનો ધ્યેય વિદ્યાર્થીઓને શિક્ષિત કરવાનો અને તેમને અધિકારી બનવામાં મદદ કરવાનો છે. પરંતુ આ બાબા કેમ ચૂપ છે ? સિંહે કહ્યું કે આ તપસ્વીએ સમજાવ્યું છે કે તેમનું મૌન તેઓને ઊર્જા મેળવવામાં મદદ કરે છે, જેનો ઉપયોગ તેઓ વિશ્વના કલ્યાણ માટે કરે છે. ૨૦૨૫ના મહાકુંભ મેળા પહેલા ઉત્તર પ્રદેશમાં મુલાકાતીઓના વધતા પ્રવાહ વચ્ચે આ ચાય વાલે બાબાએ સૌનું ધ્યાન ખેંચ્યું છે. અગાઉ, કુંભ મેળા માટે પ્રયાગરાજ પહોંચેલી પાસ્કલ નામની એક ફ્રેન્ચ મહિલાએ હિન્દુ ધર્મ પ્રત્યે પોતાનો પ્રેમ વ્યક્ત કર્યો હતો અને કહ્યું હતું કે તે ભગવાન શિવની ભક્ત છે. પાસ્કલે સમાચાર એજન્સી સાથે વાત કરતા પ્રયાગરાજને આત્માને શુદ્ધ કરવા માટે એક પવિત્ર સ્થળ તરીકે વર્ણવ્યું હતું. હિન્દુ ધર્મ પ્રત્યે તેણીને આસ્થા હોવાથી યુપીના આ શહેરમાં આવી અને તેણી ત્યાં ઘણા યોગીઓ અને સાધુઓને મળી હતી. દર ૧૨ વર્ષે ઉજવાતા આ મહાકુંભમાં લખો ભક્તો ઉમટી પડે છે અને આ વર્ષે ૪૫ કરોડથી વધુ ભક્તો હાજરી આપે તેવી અપેક્ષા છે. મહાકુંભ ૧૩ જાન્યુઆરીથી શરૂ થશે, જેમાં ભક્તો ગંગા, યમુના અને સરસ્વતીના સંગમ ખાતે એકઠા થશે, જ્યાં પાપોનું નિવારણ અને મુક્તિ પ્રાપ્ત કરવા માટે પવિત્ર સ્નાન કરશે. આ પ્રતિષ્ઠિત કાર્યક્રમ ૨૬ ફેબ્રુઆરીના રોજ સમાપ્ત થશે.

# ન્યૂયોર્કની સર્વોચ્ચ અપીલ અદાલતે ટ્રમ્પને નાણાં આપીને મૌન રહેવાના કેસમાં સજા રોકવાનો ઈન્કાર કર્યો

### ન્યૂયોર્ક કોર્ટ ઓફ અપીલ્સના એક ન્યાયાધીશે ટ્રમ્પની કાનૂની ટીમને સુનાવણીનો ઈન્કાર કરતો સંક્ષિપ્ત આદેશ જારી કર્યો છે

(એજન્સી) તા.૧૦

ન્યૂયોર્કની સર્વોચ્ચ અદાલતે ગુરૂવારે ડોનાલ્ડ ટ્રમ્પને નાણાં આપીને ચુપ કરાવવાના કેસમાં આગામી સજા ફટકારવા પર રોક લગાવવાનો ઈન્કાર કર્યો હતો. જેના કારણે યુએસ સુપ્રીમ કોર્ટ હવે શુક્રવારે સુનાવણી થતી અટકાવવા માટે રાષ્ટ્રપતિ માટે આ કેસમાં સંભવિત છેલ્લો વિકલ્પ રહી ગયો છે. ન્યૂયોર્ક કોર્ટ ઓફ અપીલ્સના એક ન્યાયાધીશે ટ્રમ્પની કાનૂની ટીમને સુનાવણીનો ઈન્કાર કરતો સંક્ષિપ્ત આદેશ જારી કર્યો હતો. ટ્રમ્પે સુપ્રીમ કોર્ટને સજા રદ કરવા કહ્યું છે. ગયા મે મહિનામાં ટ્રમ્પના આ કેસમાં ટ્રાયલ અને દોષિત ઠેરવવાના ગુનાઓ પર ટ્રમ્પની સજાની અધ્યક્ષતા કરનારા ન્યાયાધીશ જુઆન એમ. મર્ચન દ્વારા સજા ફટકારવા માટે રોક લગાવવાનો ઈન્કાર કર્યા પછી તેમના વકીલોએ બુધવારે દેશની સર્વોચ્ચ અદાલતનો સંપર્ક કર્યો હતો. જો કે ટ્રમ્પે કોઈ ગુનો કે ખોટું કર્યું હોવાનો ઈન્કાર કર્યો છે. ન્યૂ યોર્કની ટોચની કોર્ટમાં દાખલ કરાયેલી અરજીમાં, ટ્રમ્પના વકીલોએ જણાવ્યું હતું



કે મર્ચન અને રાજ્યની મધ્યમ-સ્તરીય અપીલ કોર્ટ આ બંને સજાને રોકવામાં ભૂલથી નિષ્ફળ ગઈ છે, અને તેમણે દલીલ કરી હતી કે તેઓ આ ચુકાદાને સમર્થન આપતા ન્યાયાધીશના ચુકાદા વિરૂદ્ધ અપીલ કરી રહ્યા છે. મર્ચને સૂચવ્યું છે કે તેઓ જેલની સજા, દંડ અથવા પ્રોબેશન આપશે નહીં, ત્યારે ટ્રમ્પના વકીલોએ દલીલ કરી હતી કે તેઓને ગુનાહિત દોષિત ઠેરવવામાં આવે તો તેની અનેક આડઅસરો હશે, જેમાં તેઓ રાષ્ટ્રપતિ પદ સંભાળવાની તૈયારી કરતી વખતે વિચલિત થઈ શકે છે. ટ્રમ્પના વકીલોએ દલીલ કરી છે કે આ મેનહટન ટ્રાયલમાં ગયા ઉનાળામાં સુપ્રીમ કોર્ટના ચુકાદાનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે જેમાં ટ્રમ્પને રાષ્ટ્રપતિ તરીકે તેમણે કરેલા કાર્યો પર કાર્યવાહીથી વ્યાપક મુક્તિ આપવામાં આવી હતી. તેઓએ કહ્યું છે કે, આ સજામાં વિલંબ થવો જોઈએ. ન્યૂ યોર્કના ન્યાયાધીશોએ કહ્યું છે કે ટ્રમ્પની આ સજા તેમના સત્તાવાર કાર્યો માટે નથી પણ તેમની વ્યક્તિગત બાબતોથી સંબંધિત છે. જો કે, ટ્રમ્પના વકીલોએ આ કેસને રાજકીય રીતે પ્રેરિત ગણાવ્યો હતો અને કહ્યું હતું કે આ સજા રિપબ્લિકનના રાષ્ટ્રપતિને વિક્ષેપિત કરી શકે છે કારણ કે તેઓ ૨૦ જાન્યુઆરીએ રાષ્ટ્રપતિ પદ પર પાછા ફરવાની તૈયારી કરી રહ્યા છે. તેમના વકીલ ડી. જોન સોઅરે લખ્યું હતું કે, ટ્રમ્પને હવે આ સજા ફટકારવી એ તેમના પ્રત્યે ‘ગંભીર અન્યાય’ હશે. સોઅર ટ્રમ્પના સોલિસિટર-જનરલ પણ છે, જે હાઈકોર્ટ સમક્ષ સરકારનું પ્રતિનિધિત્વ કરે છે. યુએસ સુપ્રીમ કોર્ટમાં કટોકટીની દરખાસ્ત જસ્ટિસ સોનિયા સોટોમાયરને સુપરત કરવામાં આવી હતી, જેઓ ન્યૂયોર્કથી કટોકટીની અપીલોની સુનાવણી કરે છે.

# જો તમે મહાકુંભમાં ખોવાઈ જશો કે ભૂલા પડી જશો તો ? AI તમને હાઈ-ટેક ‘ભૂલે-ભટકે કેન્દ્રો’ દ્વારા શોધી કાઢશે

(એજન્સી) પ્રયાગરાજ, તા.૧૦

દેશમાં ૧૨ વર્ષ પછી મહાકુંભ ઉત્સવનું પુનરાગમન થઈ રહ્યું છે. હવે આ મેળો પણ ડિજિટલ થઈ ગયો છે અને ખોવાયેલા લોકો માટેના કેન્દ્રોથી લઈને CCTV સર્વેલન્સ અને LED ડિસ્પ્લે સુધી, પ્રયાગરાજ વહીવટીતંત્ર વિશ્વના સૌથી મોટા ધાર્મિક મેળામાં આવનારી ભીડને એકીકૃત રીતે સંચાલિત કરવા માટે ટેક્નોલોજી પર આધાર રાખી રહ્યું છે. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે, આ મહાકુંભ પરંપરા અને ટેકનોલોજી, ઈતિહાસ અને આધુનિક માર્ગોનો સંગમ છે. પ્રયાગરાજમાં મહાકુંભની તૈયારીઓનું નિરીક્ષણ કરતા એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યાં અનુસાર, ૧૩ જાન્યુઆરીથી શરૂ થઈને ૨૬ ફેબ્રુઆરી સુધી ચાલનારા આ મહાકુંભમાં ઓછામાં ઓછા ૪૦ કરોડ લોકો હાજરી આપે તેવી અપેક્ષા છે. સામાન્ય કુંભમેળા દર વર્ષે યોજાય છે, જ્યારે મહાકુંભ દર ૧૨ વર્ષે યોજાય છે જેમાં ભક્તો પવિત્ર ત્રિવેણી સંગમમાં સ્નાન કરવા માટે ઉમટી પડે છે, જ્યાં ગંગા, યમુના અને પૌરાણિક સરસ્વતી નદીનું મિલન થાય છે. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે ૪,૦૦૦ હેક્ટરના મેળા વિસ્તારમાં લગભગ ૧,૫૦૦ સીસીટીવી કેમેરા સ્થાપિત કરવામાં આવ્યા છે, અને આ કેમેરા નિયંત્રણ અને કમાન્ડ યુનિટ સાથે સંકલિત છે. આ નિયંત્રણ અને કમાન્ડ યુનિટમાં દરેક વિભાગના નિયુક્ત અધિકારીઓ હશે અને




તે અગ્નિ, પાણી અથવા અન્ય કંઈક હોનારત થાય કે તરત જ, તેઓ સમયસર પ્રતિક્રિયા આપવા માટે તેમની ટીમને સક્રિય કરશે. વહીવટ દ્વારા બીજો ટેક્નોલોજીકલ પગલું એ ડિજિટલ કેન્દ્રોની શરૂઆત છે, જેને ‘ભુલે-ભટકે કેન્દ્રો’ તરીકે ઓળખવામાં આવે છે, જે ગુમ થયેલા વ્યક્તિઓને શોધવા માટે સ્થાપિત કરવામાં આવ્યા છે. AI ટેક્નોલોજી દ્વારા આ કેન્દ્રો ચાલશે જ્યાં નવી યુગની ટેક્નોલોજી અધિકારીઓને ગુમ થયેલા વ્યક્તિઓના ફોટાને સોશિયલ મીડિયા એકાઉન્ટ પરના લોકો સાથે મેચ કરવાની મંજૂરી આપશે અને સરળ વાતચીત માટે અંગ્રેજી અને હિન્દીમાં વિવિધ ભાષાઓનો અનુવાદ પણ કરશે. ખોવાયેલા લોકો અને બાળકો માટે, બેડની મૂળભૂત સુવિધાઓ સાથે એક નિયુક્ત વિસ્તાર સ્થાપિત કરવામાં આવ્યો છે જ્યાં તેઓ તેમના પરિવારો સાથે ફરીથી મળે ત્યાં સુધી રાહ જોઈ શકે છે. આવા ૧૨ કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે, જે બધા LED ડિસ્પ્લે સ્ક્રીનથી જોડાયેલા છે. જો કોઈ ગુમ થયેલા મુલાકાતી અથવા ભક્તને શોધી કાઢવામાં આવે છે, તો તેમનો ચહેરો ડિજિટલ રીતે કેપ્ચર કરવામાં આવશે અને મેળાના સ્થળ પર LED સ્ક્રીન પર પ્રદર્શિત કરવામાં આવશે જેથી તેમના પરિવારના સભ્યો તેમને શોધી શકે. પરિવારના સભ્યો પણ આ કેન્દ્રો પર ફરિયાદ નોંધાવી શકે છે જ્યાંથી જાહેરાત કરવામાં આવશે. વરિષ્ઠ અધિકારીએ સ્મિત સાથે કહ્યું કે, હવે કુંભમાં કોઈ ભાઈઓ વિખૂટા પડશે નહીં. અમારી પાસે તેમને પાછા લાવવાની ટેક્નોલોજી છે. સૌ જાણે છે કે, ૧૯૭૦ના દાયકાની એક બોલિવૂડ થીમ મુજબ ભાઈ-બહેનો મેળામાં અલગ થઈ જતાં હતા અને અનેક વર્ષો પછી પુખ્તાવસ્થામાં તેઓ એકબીજાને મળતા હતા.

# દિલ્હી રમખાણોનો કેસ : વિધાનસભા ચૂંટણી લડવા માટે તાહિર હુસૈને વચગાળાના જામીનની માગણી કરી

**જસ્ટિસ અમિત શર્મા સમક્ષ જ્યારે અરજી થઈ તો તેમણે અન્ય જજ પાસે લઈ જવાનું કહ્યું અને પોતે સ્વીકાર ન કર્યો, હવે જામીન અરજી જસ્ટિસ નીના બંસલ કૃષ્ણા સમક્ષ થઈ છે પણ હજુ હાથમાં લેવામાં આવી નથી**

**ન્યુઝ GT પોઈન્ટ**
**લ્યો... આ તો ૪ દાયકા અગાઉની અમદાવાદની ચૂંટણીને અનુસરે છે ! આમ કરવાથી બહુમતી મતનું ધ્રુવીકરણ થશે જ અને દિલ્હીમાં કટ્ટરવાદ વધે તો નુકસાન કરનારને સમાજ શું સજા આપશે ?**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

આપના પૂર્વ કાઉન્સિલર તાહિર હુસૈને વિધાનસભાની ચૂંટણીઓ લડવા માટે વચગાળાના જામીન મેળવવા દિલ્હી હાઈકોર્ટમાં અરજી કરી છે. ૨૦૨૦માં દિલ્હીમાં થયેલા રમખાણો દરમિયાન થયેલી હત્યાના એક કેસમાં તાહિર હુસૈનનું આરોપી તરીકે નામ છે અને અત્યારે જેલમાં છે. તેઓ દિલ્હી વિધાનસભાની ચૂંટણીઓમાં મુસ્તફાબાદ મતવિસ્તારમાં ઓવૈસીની પાર્ટીના ઉમેદવાર તરીકે ચૂંટણી લડવા માંગે છે. સૌપ્રથમ જસ્ટિસ અમિત શર્મા સમક્ષ અરજી થઈ હતી પણ એમણે સ્વીકારી નહોતી અને બીજા જજ પાસે લઈ જવા કહ્યું હતું કે, પછી અત્યારે જસ્ટિસ નીના બંસલ કૃષ્ણા સમક્ષ અરજી થઈ છે પણ તેમણે હજી હાથમાં લીધી નથી અને સુનાવણી થઈ નથી.

ચૂંટણીની પ્રક્રિયામાં ભાગ લેવા માટે અને નામ પત્ર ભરવા તથા બેંક એકાઉન્ટ ખોલવા અને પ્રચાર કરવા માટે તાહિર હુસૈને ૧૪ જાન્યુઆરીથી ૯ ફેબ્રુઆરી સુધી જામીન પર છોડવાની વિનંતી કરી છે. આ કેસમાં અગાઉ પણ તાહિર હુસૈનની એક જામીન અરજી હજુ પેન્ડિંગ છે. દિલ્હીમાં ફેબ્રુઆરી ૨૦૨૦માં થયેલા કોમી રમખાણો દરમિયાન ૫૩ લોકોનાં મોત થયા હતા અને બીજા સંખ્યાબંધ ઘાયલ થયા હતા. એ વખતે રવિન્દરકુમાર નામના ફરિયાદીએ દયાલપુર પોલીસ મથકમાં પોતાનો પુત્ર અંકિત શર્મા ગુમ થઈ ગયો હોવાની ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ ફરિયાદ નોંધાવી હતી એ પછી રમખાણગ્રસ્ત વિસ્તાર ખજુરી ખાસ નાળા પાસેથી અંકિત શર્માનો મૃતદેહ મળી આવ્યો હતો અને તેના શરીર પર ૫૧ ઈજાના નિશાન હતા. આ કેસમાં આરોપી તરીકે તાહિરનું નામ છે.

તાહિર હુસૈને જામીન અરજીમાં અદાલતને જણાવ્યું છે કે, મેં લગભગ પાંચ વર્ષ જેલમાં વિતાવી દીધા છે અને કેસ શરૂ થઈ ગયો છે પરંતુ અત્યાર સુધીમાં ૧૧૪માંથી માત્ર ૨૦ સાક્ષીઓના નિવેદન લેવામાં આવ્યા છે. હું લાંબા સમયથી કારાવાસ ભોગવી રહ્યો છું અને ઘણા બધા સાક્ષીઓની તપાસ હજી બાકી છે એટલે આ ખટલો ઝડપથી પૂરો થશે નહીં. જે લોકોએ હત્યા કરી છે અને જે લોકો તોફાનમાં સામેલ હતા એવા લોકોને પણ જામીન મળી ગયા છે.

# મહારાષ્ટ્રના મંત્રી નિતેશ રાણેનું ફરીવાર મુસ્લિમો વિરોધી વિષવમન, 'EVMનો મતલબ એ કે, એવરી વોટ અગેન્સ્ટ મુલ્લાહ'



**પૂર્વ મુખ્યમંત્રી અને પૂર્વ કેન્દ્રીય મંત્રી નારાયણ રાણેના પુત્ર નિતેશ રાણે વિવાદસભર નિવેદનો કરવાના ઈતિહાસો ધરાવે છે, તાજેતરમાં રાણેએ કેરેલાને મિની પાકિસ્તાન કહ્યું હતું અને આક્ષેપ કર્યો હતો કે, કેરેલામાં આતંકવાદીઓએ રાહુલ ગાંધી અને પ્રિયંકાને મત આપ્યા હતા**

**ન્યુઝ GT પોઈન્ટ**
**શું કોઈ દેશભકત નફરતી ભાષણ સામે કાયદાકીય પગલાં ભરશે ? મેજિસ્ટ્રેટની કોર્ટમાં ફરિયાદ કરી છેક સુપ્રીમકોર્ટ સુધી ન્યાય માટે લડત આપવાથી જ શાંતિ સ્થપાય બાકી રાજકીય પક્ષમાં કેટલાય મુસ્લિમ કોલર ઊંચા કરી પાનના ગલ્લે ઊભા રહે છે પરંતુ આટલી ગંદી ભાષા તેમના જ સમાજ માટે વપરાતી હોય તો પક્ષના નેતાને વિનંતી કરી આવા બેફામ, બેજવાબદાર ભાષણ અટકાવવા અને માફી મંગાવા પત્ર લખશે ? અને જો કોઈપણ રાજકીય પક્ષ આવા રાજકારણીને પક્ષમાંથી હાંકી નહીં કાઢે તો સમાજની લાગણી દુભાય એ ગ્રાઉન્ડ ઉપર કાર્યકર રાજીનામું આપશે ? કોઈપણ ધર્મના લોકોની લાગણી દુભાય એવા ભાષણ કરનાર સામે સમાજે નાત-જાતના ભેદભાવ વગર દેશમાં શાંતિ અને ભાઈચારો ફેલાવવા ફરિયાદ કરી કોર્ટમાં લડત આપશે ?**

(એજન્સી) મુંબઈ,તા.૧૦

મહારાષ્ટ્રમાં મત્સ્ય ઉદ્યોગ અને બંદરમંત્રી નિતેશ રાણેએ ભડકામણું ભાષણ કરીને ફરી એકવાર જબરો વિવાદ ઉભો કર્યો છે. સાંગલીમાં હિન્દુ ગર્જના સભામાં ભાષણ આપતા રાણેની જીભ ફરી લપસી અને કહ્યું હતું કે, EVM એટલે 'એવરી વોટ અગેન્સ્ટ મુલ્લાહ.' અમે EVM ધારાસભ્યો જ છીએ પણ EVMનો મતલબ એ થાય છે કે, તેનો દરેક મત મુલ્લાહની સામે પડે.

રાણેએ એવો દાવો કર્યો હતો કે, મહારાષ્ટ્રમાં વિરોધ પક્ષો EVMની કામગીરી અંગે વિરોધ અને ચિંતાઓ વ્યક્ત કરી રહ્યા છે કે, એટલા માટે કે હિન્દુ સમાજે એક બનીને મતદાન કર્યું એ સત્ય તેઓ પચાવી શક્યા નથી. પૂર્વ CM અને પૂર્વ કેન્દ્રીય મંત્રી નારાયણ રાણેના પુત્ર નિતેશ રાણે વિવાદ ભર્યા નિવેદનો કરવાનો ઈતિહાસ ધરાવે છે. અગાઉ તેમણે કહ્યું હતું કે, કેરેલા મિની પાકિસ્તાન છે અને કેરેલામાં આતંકવાદીઓ રાહુલ અને પ્રિયંકા ગાંધીને મત આપ્યા હતા.

રાણેના વિધાનો સામે પ્રતિભાવ આપતા શરદ પવાર જૂથના નેતા જિતેન્દ્ર અવહદે ભાજપની સખત ટીકા કરી હતી અને કહ્યું હતું કે, આવા કેટલાક લોકોને હિન્દુ તથા મુસ્લિમો વચ્ચે ભાગલા પડાવવા માટે જ પક્ષમાં સાચવી રાખવામાં આવે છે. કેરેલાના વિધાનો અંગે દેશભરમાં ઉગ્ર વિરોધ થયા પછી નિતેશ રાણેને ચોખવટ કરી પડી હતી કે, કેરેલા એ ભારતનું જ એક ભાગ છે પણ ત્યાં હિન્દુઓની વસ્તી ઘટી રહી છે એ ચિંતાનો વિષય બનવો જોઈએ. હિન્દુઓને ધર્માન્તર કરીને મુસ્લિમ તથા ક્રિશ્ચિન બનાવી દેવામાં આવે છે અને આ ત્યાં રોજેરોજની પ્રક્રિયા છે. લવજિહાદ કરીને હિન્દુ મહિલાઓને નિશાન બનાવવામાં આવે છે. મળતા અહેવાલો એવું જણાવે છે કે, નિતેશ રાણે સામે અત્યાર સુધીમાં ૩૮ FIR દાખલ થઈ ચૂકી છે.

# સુપ્રીમ કોર્ટે સમલૈંગિક લગ્નના ચુકાદા વિરુદ્ધ દાખલ કરાયેલી સમીક્ષા અરજીઓ ફગાવી દીધી

**બેન્ચે ઓપન કોર્ટમાં સુનાવણી માટે સમીક્ષા અરજીઓમાં કરવામાં આવેલી વિનંતીને પણ ફગાવી દીધી છે**

(એજન્સી) તા.૧૦

સુપ્રીમ કોર્ટે સમલૈંગિક લગ્નને કાનૂની મંજૂરી નકારતા ઓક્ટોબર ૨૦૨૩ના ચુકાદાની સમીક્ષા કરવાની માંગ કરતી અરજીઓને ફગાવી દીધી હતી. જસ્ટિસ બી.આર. ગવઈ, સૂર્યકાન્ત, બી.વી. નાગરત્ના, પી.એસ. નરસિમ્હા અને દીપાંકર દત્તાની પાંચ ન્યાયાધીશોની બેન્ચે ચેમ્બરમાં આ મામલાને લગતી લગભગ ૧૩ અરજીઓ પર સુનાવણી કરી અને તેમને ફગાવી દીધી હતી. બેન્ચે કહ્યું કે, અમને રેકોર્ડ પર કોઈ ભૂલ દેખાતી નથી. અમને જાણવા મળ્યું છે કે, બંને ચુકાદાઓમાં વ્યક્ત કરાયેલો દૃષ્ટિકોણ કાયદા અનુસાર છે અને તેથી કોઈ દખલગીરી જરૂરી નથી. તે મુજબ સમીક્ષા અરજીઓ ફગાવી દેવામાં આવે છે. બેન્ચે સમીક્ષા અરજીઓમાં ખુલ્લી અદાલતમાં સુનાવણી માટે કરવામાં આવેલી વિનંતીને પણ ફગાવી દીધી હતી. પ્રથા મુજબ ન્યાયાધીશો દ્વારા સમીક્ષા અરજીઓ ચેમ્બરમાં ધ્યાનમાં લેવામાં આવે છે. હાલના સીજેઆઈ, ન્યાયાધીશ સંજીવ ખન્ના દ્વારા ૧૦ જુલાઈ, ૨૦૨૪ના રોજ સમીક્ષા અરજીઓની સુનાવણીમાંથી દૂર થયા પછી નવી બેન્ચની રચના કરવામાં આવી હતી. નોંધનીય છે કે, ન્યાયાધીશ પી.એસ. નરસિમ્હા મૂળ બંધારણીય બેન્ચના એકમાત્ર સભ્ય છે જેમાં ચુકાદો આપનારા પાંચ ન્યાયાધીશોનો સમાવેશ થાય છે, કારણ કે, પૂર્વ સીજેઆઈ ડી.વાય. ચંદ્રચૂડ અને ન્યાયાધીશ એસ.કે. કૌલ, રવિન્દ્ર ભટ્ટ અને હિમા કોહલી નિવૃત્ત થયા છે. ૧૭ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ તત્કાલીન CJI ચંદ્રચૂડની આગેવાની હેઠળની પાંચ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચે સમલૈંગિક લગ્નોને કાનૂની સમર્થન આપવાનો ઈન્કાર કર્યો હતો. જો કે, સર્વોચ્ચ અદાલતે LGBTQIA++ વ્યક્તિઓના અધિકારો માટે દલીલ કરી હતી જેથી તેઓ અન્ય લોકો માટે ઉપલબ્ધ માલ અને સેવાઓ, ઉત્પીડન અને હિંસાનો સામનો કરી રહેલા સમુદાયના સભ્યો માટે આશ્રય માટે તમામ જિલ્લાઓમાં 'ગરીમાગ્રેહ' તરીકે ઓળખાતા સલામત ઘરો અને મુશ્કેલીના કિસ્સામાં સમર્પિત હોટલાઈન્સનો ઉપયોગ કરવામાં ભેદભાવનો સામનો ન કરે. તેના ચુકાદામાં બેન્ચે વિજાતીય સંબંધોમાં ટ્રાન્સપર્સનને હાલના કાયદાકીય જોગવાઈઓ હેઠળ લગ્ન કરવાની સ્વતંત્રતા અને હકદારી હોવાનું જણાવ્યું હતું. કોર્ટે કહ્યું હતું કે, લગ્ન અથવા નાગરિક સંઘ જેવા જોડાણના અધિકારને કાનૂની માન્યતા આપવાનો અથવા સંબંધને કાનૂની દરજ્જો આપવાનો હક ફક્ત અધિકૃત કાયદા દ્વારા જ થઈ શકે છે. પાંચ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચે સમલૈંગિક લગ્નો માટે કાનૂની મંજૂરી માંગતી ૨૧ અરજીઓના બેચ પર ચાર અલગ-અલગ ચુકાદા આપ્યા હતા.

# કેજરીવાલ કહે છે, યુપી અને બિહારમાંથી 'બનાવટી મતદારો' દિલ્હી લાવવામાં આવી રહ્યા છે, ભાજપે વિરોધ કર્યો

**આપના નેતાએ 'ચૂંટણી પ્રક્રિયા'માં 'ગરબડી'નો આક્ષેપ કર્યા બાદ દિલ્હી ભાજપના કાર્યકરો તેમના નિવાસસ્થાને ધસી ગયા**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

આમ આદમી પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલે આજે એક પત્રકાર પરિષદમાં એવો આક્ષેપ કર્યો હતો કે, ઉત્તરપ્રદેશ અને બિહારથી 'બનાવટી મતદારોને' દિલ્હી લાવવામાં આવી રહ્યા છે. દિલ્હી ભાજપે આક્ષેપ સામે તીવ્ર પ્રતિક્રિયા આપી છે અને કહ્યું છે કે, અન્ય રાજ્યોના મતદારોના નામોની દિલ્હીમાં નોંધણી કરાવી રહ્યા તે વાત અને કેજરીવાલનો દાવો ખોટા છે. કેજરીવાલના દાવા બાદ દિલ્હી ભાજપના સેંકડો કાર્યકરો પૂર્વ મુખ્યમંત્રીના નિવાસસ્થાન તરફ ધસી ગયા હતા અને એમના નિવાસની સામે સૂત્રો પોકારવામાં આવ્યા હતા અને કેટલાકે સુરક્ષા માટે ગોઠવેલી બેરીકેડ તોડી નાખવાનો પ્રયાસ કર્યો હતો. સુરક્ષાનો ઘેરો તોડવાનો પ્રયાસ કરી રહેલા દેખાવકારોને અટકાવવા માટે પોલીસે પાણીનો મારો ચલાવ્યો હતો. આપના નેતા કેજરીવાલે એવો આક્ષેપ કર્યો છે કે, નવી દિલ્હી વિધાનસભાની ચૂંટણીઓ પહેલા મતદારયાદીઓમાં યુપી અને બિહારના ખોટા મતદારોના નામ ઉમેરવામાં આવી રહ્યા છે. આ અંગે તેમણે વિધિસર ચૂંટણી પંચમાં પણ ફરિયાદ નોંધાવી છે. કેજરીવાલ કહે છે કે, ૧૫ ડિસેમ્બરથી ૮ જાન્યુઆરી વચ્ચે ૧૩,૦૦૦ નવા મતદારો નોંધવા માટેની અરજીઓ કરવામાં આવી એ જ ચિંતાજનક છે અને એ સ્પષ્ટ છે કે, આ તમામ યુપી અને બિહારથી લાવવામાં આવ્યા છે અને બનાવટી મતદારો છે અને એમના નામો મતદારયાદીમાં નોંધાવવામાં આવનાર છે આ પ્રકારની પદ્ધતિ સમગ્ર ચૂંટણી પ્રક્રિયાનું અવમૂલ્યન કરે છે. કેજરીવાલના આક્ષેપોની ભાજપમાંથી પણ ઉગ્ર પ્રતિક્રિયા આવી છે એમના વિધાનોને ભાજપ નેતાઓએ વખોડી કાઢ્યા છે.

# મણિપુરમાં મુસ્લિમ તરૂણ પર અત્યાચાર કરીને તેને સુવરનું માસ ખાવાની ફરજ પાડી હોવાનો મૈઈતી જાતિના જૂથ પર આરોપ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

એક મુસ્લિમ છોકરાને પકડીને તેના પર અત્યાચાર ગુજારીને તેને તેના ધર્મની અને આસ્થાની વિરૂદ્ધ જઈને સુવરનું માસ ખવડાવવાની ફરજ પાડી હોવાનો મૈઈતી જાતિના એક જૂથ સામે આરોપ મૂકાયો છે અને આ અંગેનો એક વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. અરમબાઈ તેને ગોલ નામના જૂથ પર આવો આરોપ મૂકવામાં આવ્યો છે. એવું બહાર આવ્યું છે કે ગઈ ચોથી જાન્યુઆરીના રોજ ૧૮ વર્ષની વયના એક મુસ્લિમ છોકરા કામ્પકમયુમ અખ્તર જે કવાકટાના વોર્ડ નંબર ૨માં રહેતા કમાલ હસનનો છોકરો છે તેને તેનગોલનું એક ટોળું ઉપાડી ગયું હતું. પીડીત અખતરે પોતાની વ્યથા વર્ણવતા મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે મને બાંધી રાખવામાં આવ્યો હતો અને માર મારવામાં આવ્યો હતો અને મારા ધર્મમાં મનાઈ હોવા છતાં મને સુવરનું માસ ખાવાની ફરજ પાડવામાં આવી હતી. એ લોકો આ વર્તન કરવાની સાથે એવું બોલતા હતા કે મુસ્લિમ સમાજના લોકો ડ્રગ્સ વેચીને અને મૈઈતી સમાજના લોકોને તેના આદિ બનાવવાની કોશિશ કરી રહ્યા છે. મુસ્લિમ છોકરાએ એવું પણ કહ્યું હતું કે નખથી તેના હાથ પણ વીંધી નાખવામાં આવ્યા હતા. ૧૮ વર્ષનો અખ્તર મૈઈતી યુવતી સાથે એક કાફેમાં કામ કરે છે. આ કેફે ઈમ્ફાલમાં આવેલો છે જ્યાં જેની જેનીતા નામની યુવતી સાથે એ કામ કરે છે. એકવાર ફોન પર તેના મિત્રને મજાકમાં કહ્યું હતું કે હું જેનીતા સાથે પ્રેમ કરૂં છું આથી તેના મિત્રએ આ લોકોના સંગઠનને જાણ કરી દીધી હતી એટલે સંગઠને અખ્તરને બોલાવ્યો હતો અને કહ્યું હતું કે મૈઈતી અને મુસ્લિમો વચ્ચે પ્રેમસંબંધો ઉપર પ્રતિબંધ છે તેની તને જાણ નથી. ત્યારે કહ્યું હતું કે મારે એવો કોઈ સંબંધ નથી અને હું તેના પ્રેમમાં પણ નથી અને વારંવાર ઈન્કાર કરાયા છતાં તેને ઢોરમાર મારવામાં આવ્યો હતો અને તેની સાથે અમાનવીય વર્તન કરવામાં આવ્યું હતું. અનેક મુસ્લિમ સંગઠનોએ આ ઘટનાની ટીકા કરી છે અને મૈઈતી સંગઠનને ખુલાસો કરવા માટે તાકીદ કરી છે. સંગઠનોએ જણાવ્યું છે કે આવા પ્રકારના પગલાં કોમી સંવાદિતાનો ભંગ કરે છે અને માનવ અધિકારનું પણ ઉલ્લંઘન છે. ઓલ મણિપુર મુસ્લિમ વિદ્યાર્થી સંગઠને પણ આ બનાવની સખત ટીકા કરી છે અને બે સમાજ વચ્ચેની શાંતિ તથા એકતાનો ભંગ કરવાનો પ્રયાસ થઈ રહ્યાનો આક્ષેપ કર્યો છે.

# ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ખોટા મતદારો અંગેના કેજરીવાલના આક્ષેપો ફગાવ્યા, યોગીએ કહ્યું : દિલ્હી આવતા બીજા રાજ્યના લોકોએ શહેરના વિકાસ અને સુવિધાઓ વધારવામાં ફાળો આપ્યો છે

(એજન્સી) લખનૌ, તા.૧૦

યુપી અને બિહારથી બનાવટી ઉમેદવારોને દિલ્હી લાવવામાં આવી રહ્યા છે અને એમના નામોની નોંધણી કરાવવામાં આવી રહી છે એવા આમ આદમી પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલના આક્ષેપો સામે યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ખૂબ જ આકરી પ્રતિક્રિયા આપી છે. યુપીના મુખ્યમંત્રીએ જણાવ્યું છે કે, જેટલી સત્તા કેજરીવાલને દિલ્હીમાં છે એટલી જ સત્તા દિલ્હી આવી રહેલા બહારના રાજ્યોના લોકોને પણ છે કેમ કે યુપી અને બિહારથી આવનારા લોકોએ દિલ્હીના વિકાસ અને સુવિધાઓમાં નોંધપાત્ર ફાળો આપ્યો છે.

એક ખાનગી ચેનલના કાર્યક્રમમાં બોલતા યોગીએ જણાવ્યું હતું કે, જો બીજા રાજ્યની કોઈ વ્યક્તિ દિલ્હીમાં સરકારી સેવામાં હોય તો તેને અહીં મતદાર બનવાનો અધિકાર છે તદુપરાંત જે શ્રમિક વર્ગ દિલ્હીમાં બાંધકામ ક્ષેત્રમાં છે તથા બહારના વેપારીઓ છે રાજકારણીઓ છે અને અન્ય વ્યવસાયિકો છે તો એ બધાને દિલ્હી ઉપર એટલો જ અધિકાર છે જેટલો કેજરીવાલનો છે.

# ભારતમાં ૨૦૨૪માં ખ્રિસ્તીઓ પર ૮૩૪ હુમલા, ૨૦૨૩ કરતાં ૧૦૦ વધુ : માનવાધિકાર સમૂહ

(એજન્સી) તા.૧૦

ભારતમાં ખ્રિસ્તીઓ વિરુદ્ધ હિંસાની વધતી ઘટનાઓ અંગે સિવિલ સોસાયટી સમૂહ હોય ફરી એકવાર ચિંતા વ્યક્ત કરી છે. યુનાઈટેડ ક્રિશ્ચિયન ફોરમ (UCF) દ્વારા જાહેર કરાયેલા નવા ડેટા મુજબ ૨૦૨૪માં આવી ૮૩૪ ઘટનાઓ બની હતી, જે ૨૦૨૩માં થયેલી ૭૩૪ ઘટનાઓ કરતાં ૧૦૦ વધુ છે. 'હુમલાની ચિંતાજનક વધારાનો અર્થ એ છે કે, ભારતમાં દરરોજ બેથી વધુ ખ્રિસ્તીઓને ફક્ત તેમના ધર્મનું પાલન કરવા બદલ નિશાન બનાવવામાં આવી રહ્યા છે', યુસીએફે ૧૦ જાન્યુઆરીના રોજ એક અખબારી નિવેદનમાં આ માહિતી આપી હતી. ચર્ચ અથવા પ્રાર્થના મેળાવડા પર હુમલા, તેમના ધર્મનું પાલન કરનારાઓની હેરાનગતિ, સમુદાયના સંસાધનોની બાકાત અને એક્સેસ પર પ્રતિબંધ અને ખોટા આરોપો અને ફોજદારી કેસ, ખાસ કરીને 'બળજબરીથી ધર્માંતરણ' સંબંધિત ઘટનાઓ વધી રહી છે. ભારતીય જનતા પાર્ટી શાસિત અનેક રાજ્યોમાં વિવાદાસ્પદ, કડક ધર્માંતરણ વિરોધી કાયદાઓની સ્થાપના પણ હિન્દુત્વ કાર્યકરો અને રાજ્યના હાથમાં લઘુમતી જૂથો સામે કાર્યવાહી કરવા માટે એક હથિયાર તરીકે કામ કરી રહી છે. જેમ ધ વાયરે અગાઉ અહેવાલ આપ્યો હતો, ૨૦૧૪થી આવી ઘટનાઓની સંખ્યામાં તીવ્ર વધારો થયો છે, જ્યારે ભાજપે નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં પહેલીવાર કેન્દ્ર સરકાર બનાવી હતી. ૨૦૨૪માં સૌથી વધુ ઘટનાઓ ઉત્તરપ્રદેશ (૨૦૯)માં નોંધાઈ હતી, ત્યારબાદ છત્તીસગઢ (૧૬૫)નો ક્રમ આવે છે. કાર્યકરોએ અહેવાલ આપ્યો છે કે, આમાંના ઘણા કિસ્સાઓમાં કોઈ FIR નોંધાતી નથી - ક્યારેક આ બાબતે પોલીસ ફરિયાદ હોવા છતાં અન્ય પરિસ્થિતિઓમાં પીડિતો પોલીસનો સંપર્ક કરવામાં ડરતા હોય છે કારણ કે, તેમને લાગે છે કે, પોલીસ પીડિતો સામે ખોટા આરોપો દાખલ કરીને કેસને પલટાવવાનો અને ગુનેગારોનો પક્ષ લેવાનો પ્રયાસ કરશે. યુસીએફના રાષ્ટ્રીય સંયોજક એ.સી. 'મોટાભાગે હિંસાનો ભોગ બનેલા લોકો સામે FIR દાખલ કરવામાં આવે છે, જ્યારે ગુનેગારોને મુક્તપણે ફરવાની છૂટ હોય છે', માઈકલે ૨૦૨૩માં ધ વાયરને જણાવ્યું હતું. 'નહીંતર પોલીસ સામાન્ય રીતે પીડિતોને શાંત પાડવાનો પ્રયાસ કરે છે, એમ કહીને કે જો તમે કેસ દાખલ કરશો તો તેઓ (હુમલાખોરો) વધુ આક્રમક બની શકે છે અને પછી તમારૂં જીવન વધુ જોખમી બની જશે.'

# હવે હરિદ્વારમાં આવેલી મસ્જિદ પર હિન્દુ કટ્ટરવાદી જૂથોની નજર, મસ્જિદને સીલ કરાવી

**બજરંગ દળના એક સ્થાનિક કાર્યકરની ફરિયાદને લઈને હરિદ્વારના જમાલપુર કલાન વિસ્તારમાં આવેલી મસ્જિદનું બાંધકામ અટકાવી દેવાયું અને સીલ મારી દેવાયું**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

ઉત્તરાખંડમાં હરિદ્વાર નજીક આવેલા જમાલપુર કલાન વિસ્તારમાં એક મસ્જિદનું બાંધકામ ચાલી રહ્યું હતું તેની સામે હિન્દુ જમણેરી જૂથોએ વાંધો લીધો હતો અને એવી રજૂઆતો કરી હતી કે જરૂરી મંજૂરી લીધા વિના બાંધકામ કરવામાં આવી રહ્યું છે. હિન્દુવાદી જૂથોએ એવો આક્ષેપ કર્યો હતો કે વહીવટી તંત્ર સ્થાનિક ચૂંટણીઓ પર ધ્યાન આપી રહ્યું હોવાથી મુસ્લિમ કટ્ટરવાદી પરિબળોએ પરિસ્થિતિનો ગેરલાભ ઉઠાવીને ગેરકાયદે બાંધકામ શરૂ કરાવી દીધું છે. બજરંગ દળના એક સ્થાનિક નેતા અમિત મુલતાનિયાએ હરિદ્વાર રૂડકી વિકાસ સંસ્થાને આ અંગે ફરિયાદ કરી છે અને હરિદ્વાર વિકાસ ઓથોરિટીના ઉપપ્રમુખે પણ એ હકીકતનું સમર્થન કર્યું હતું કે તપાસ કર્યા બાદ માલુમ પડ્યું હતું કે જે બાંધકામ થઈ રહ્યું છે એ અનઅધિકૃત છે. અમારા એન્જિનિયરોને ત્યાં મોકલવામાં આવ્યા હતા અને ચકાસણી કરવામાં આવી હતી એટલે અમને જે ફરિયાદ મળી છે એ યોગ્ય હોવાનું લાગ્યું હતું એટલે આ મસ્જિદની ઈમારતને સીલ કરી દેવામાં આવી છે અને જવાબદાર પક્ષોને નોટિસ આપવામાં આવી છે. હિન્દુ જમણેરી સંગઠનો હરિદ્વારમાં મસ્જિદો કે મકબરા કે મદ્રેસા બનાવવાનો સતત વિરોધ કરી રહ્યા છે અને તેના બાંધકામ સામે વાંધા ઉભા કરી અને તેને પડકારી રહ્યા છે. હિન્દુ જૂથોએ સમગ્ર હરિદ્વારને અને તેના કુંભ વિસ્તારને સનાતન ઝોન જાહેર કરવાની માગણી કરી છે અને આ અંગે એક સંગઠન શ્રી ગંગા સભા સતત કાર્યરત રહ્યું છે.

# દીપિકા પાદુકોણે L&Tના વડાના ૯૦ કલાકના કાર્ય સપ્તાહના આહ્‌વાનનો બચાવ કરવા બદલ કંપનીની ટીકા કરી

**દીપિકા પાદુકોણે L&Tના ચેરમેન એસ.એન. સુબ્રમણ્યમના એવા નિવેદનનો વિરોધ કર્યો, જેમાં તેમણે સૂચવ્યું હતું કે, તેઓ તેમના કર્મચારીઓને રવિવારે કામ કરવાનું કહેવાનું પસંદ કરશે અને કંપનીએ તેમના નિવેદનનો બચાવ કરતા દીપિકાએ તેમના નિવેદનની પણ ટીકા કરી હતી**

(એજન્સી) તા.૧૦

બોલીવૂડ અભિનેત્રી દીપિકા પાદુકોણે લાર્સન એન્ડ ટુબ્રો (L&T)ના ચેરમેન એસ.એન. સુબ્રમણ્યમના કર્મચારીઓ માટે ૯૦ કલાક કાર્ય સપ્તાહ અને રવિવારે કામ કરવાની હિમાયત કરવા બદલ તેમનો બચાવ કરતા કંપનીના નિવેદન પર પ્રતિક્રિયા આપી છે. આ અભિનેત્રીએ સુબ્રમણ્યમની ટિપ્પણીઓની ટીકા કરી હતી અને તેને 'આઘાતજનક' ગણાવ્યા હતા. આ નિવેદન અંગે વ્યાપક પ્રતિક્રિયા બાદ L&Tના પ્રવક્તાએ એક નિવેદન બહાર પાડતા કહ્યું કે, રાષ્ટ્રનિર્માણ અમારા આદેશના મૂળમાં છે. આઠ દાયકાથી વધુ સમયથી અમે ભારતના માળખાગત સુવિધાઓ, ઉદ્યોગો અને તકનિકી ક્ષમતાઓને આકાર આપી રહ્યા છીએ. અમારૂં માનવું છે કે, આ ભારતનો દાયકો છે, આ એક એવો સમય છે જેમાં પ્રગતિને આગળ વધારવા અને વિકસિત રાષ્ટ્ર બનવાના અમારા સામાન્ય દૃષ્ટિકોણને સાકાર કરવા માટે સામૂહિક સમર્પણ અને પ્રયાસની જરૂર છે. અમારા ચેરમેનની ટિપ્પણીઓ આ મહત્ત્વાકાંક્ષાને પ્રતિબિંબિત કરે છે. આ નિવેદનનો જવાબ આપતા દીપિકાએ સોશિયલ મીડિયા પર એક સ્ક્રીનશોટ શેર કર્યો, જેમાં લખ્યું હતું કે, તેઓએ તેમના ચીફના નિવેદનને વધુ ખરાબ બનાવ્યું છે. માનસિક સ્વાસ્થ્યની હિમાયત કરતાં દીપિકાએ સુબ્રમણ્યમની ટિપ્પણીઓની ટીકા કરી હતી. કર્મચારીઓ સાથેની વાતચીત દરમિયાન તેમણે કહ્યું હતું કે, મને દુઃખ છે કે, હું રવિવારે તમારી પાસે કામ કરાવી શકતો નથી. જો હું તમને રવિવારે કામ કરાવી શકું, તો હું વધુ ખુશ થઈશ, કારણ કે, હું પણ રવિવારે કામ કરૂં છું. તમે ઘરે બેસીને શું કરો છો ? તમે તમારી પત્નીને ક્યાં સુધી જોઈ શકો છો ? ચાલો, ઓફિસ જાઓ અને કામ શરૂ કરો. દીપિકાએ ઈન્સ્ટાગ્રામ પર પ્રતિક્રિયા આપતા કહ્યું કે, આટલા વરિષ્ઠ હોદ્દા પરના લોકોને આવા નિવેદનો આપતા જોઈને આઘાત લાગે છે સુબ્રમણ્યમની ટિપ્પણીઓએ કોર્પોરેટ ભારતમાં કાર્ય-જીવન સંતુલન વિશે ચર્ચાઓ ફરી શરૂ કરી છે. ઈન્ફોસિસના સહ-સ્થાપક નારાયણ મૂર્તિએ પણ ૭૦ કલાકના કાર્ય સપ્તાહનું સૂચન કરવા બદલ ટીકાનો સામનો કરવો પડ્યો છે.

# બાબા સિદ્દીકી હત્યા કેસ : પોલીસ તપાસ અંગે સવાલો ઉઠાવતા એમના પુત્ર ઝીશાન સિદ્દીકી, મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીને મળશે

**જાણીતા નેતા બાબા સિદ્દીકીના પુત્ર ઝીશાન સિદ્દીકીએ પોલીસની અત્યારે જે તપાસ ચાલી રહી છે તેનાથી અસંતોષ વ્યક્ત કર્યો છે અને તેમણે એવો આક્ષેપ કર્યો છે કે તપાસમાં ઘણી બધી ક્ષતિઓ રહી ગઈ છે એટલે હું મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્યમંત્રી અજીત પવારને મળી મારી ચિંતાઓ અંગે રજૂઆત કરીશ**

(એજન્સી) મુંબઈ, તા.૧૦

જાણીતા રાજકીય નેતા બાબા સિદ્દીકીના પુત્ર ઝીશાન સિદ્દીકી એમના પિતાની હત્યાની પોલીસ જે રીતે તપાસ કરી રહી છે તેનાથી અસંતોષની લાગણી વ્યક્ત કરી છે અને પોલીસની તપાસમાં ઘણી બધી ક્ષતિઓ રહી ગઈ હોવાનો આક્ષેપ કર્યો છે. તેમણે પોતાની ચિંતા વ્યક્ત કરવા માટે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ તેમજ નાયબ મુખ્યમંત્રી અજીત પવારને મળવાનું નક્કી કર્યું છે. તેમણે મીડિયા સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે મેં જે વ્યક્તિઓ શંકાસ્પદ તરીકે ગણાવી છે તેમની હજી પણ પૂછપરછ કરવામાં આવી નથી. શું મારા પિતાની હત્યામાં બિલ્ડર લોબીનો હાથ છે? પોલીસે જે બિલ્ડરોના મેં નામ આપ્યા છે એમની પૂછપરછ કેમ કરી નથી? એ વાતે તેમણે સવાલો કર્યા હતા. તેમણે વધુમાં જણાવ્યું હતું કે અનમોલ બિશ્નોઈ, શુભમ લોન પર અને ઝિશાન અખ્તરે મારા પિતાની હત્યાના કેસના મુખ્ય શકમંદો છે અને હજુ સુધી પકડાયા નથી. જો કોઈપણ આ શકમંદો પકડાયા નથી તો પોલીસ એવું કઈ રીતે કહી શકે છે કે બિલ્ડરોનો હાથ નથી? તેમણે શંકા દર્શાવી હતી કે વગદાર બિલ્ડરોને બચાવવાના પ્રયાસો થઈ રહ્યા હોઈ શકે છે કેમ કે એ બધા વગદાર બિલ્ડરો છે અને એમને બચાવવા માટે કોણ પ્રયત્ન કરી રહ્યું છે એ હું જાણતો નથી પણ અમે આ કેસમાં હજુ ઊંડા ઉતરીશું. મેં પોલીસને ઘણા બધા નામો આપ્યા છે એ હું પછી જાહેર કરીશ. તેમણે જરૂર પડે તો અને પોલીસ જવાબ ન આપે તો કોર્ટમાં જવાની પણ તૈયારી બતાવી હતી અને કહ્યું હતું કે અમને ન્યાય જરૂર મળશે. પોલીસ તરફથી એવી પ્રતિક્રિયા આપી છે કે આ હત્યા કેસમાં અત્યાર સુધીમાં ૨૬ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે અને કોઈ બેકાળજી રાખવામાં આવી નથી. જો અમારી તપાસમાં ખામી રહી હોય તો આટલા બધા લોકોની ધરપકડ કઈ રીતે થઈ હોય?

### વિશ્વમાં ચિંતા પ્રસરાવનાર HMPV વાયરસનો રાજ્યમાં વધતો આંક

# અમદાવાદ શહેરમાં વધુ એક HMPV વાયરસનો કેસ નોંધાયો : માત્ર નવ માસનો બાળક પોઝિટિવ

## શરદી-ખાંસી તથા શ્વાસની તકલીફને લઈ દાખલ કરાયું હતું; હાલ વેન્ટીલેટર પર

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

હ્યુમન મેટાન્યુમોવાઈરસ (HMPV)ના કેસોમાં વધારો થતાં દુનિયાભરમાં ખળભળાટ મચ્યો છે. જેમાં હવે ગુજરાતમાં પણ વાયરસની એન્ટ્રી થયા બાદ એક પછી એક કેસ વધતા ચિંતાનો માહોલ ઉભો થવા પામ્યો છે. અમદાવાદમાં ગઈકાલે વસ્ત્રાપુરમાં રહેતા ૮૦ વર્ષના વૃદ્ધનો રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ આજે વધુ એક કેસ બહાર આવતા તેમાં સાઉથ બોપલમાં રહેતા ૯ માસના બાળકનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. હાલ બાળકને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યું છે. તો બીજી તરફ સાબરકાંઠાના પ્રાંતિજ તાલુકાના એક ગામમાં ૭ વર્ષના બાળકનો શંકાસ્પદ HMPV વાઈરસનો રિપોર્ટ આવ્યા બાદ આરોગ્ય વિભાગે સેમ્પલ તપાસ માટે અમદાવાદ અને ગાંધીનગર મોકલ્યા છે.

દેશમાં ગુજરાત સહિત ભારતનાં ચાર રાજયમાં આ વાઈરસના કેસ નોંધાયા છે. આ વાઈરસનાં તમામ દર્દી બાળક છે. જેમાં એક માત્ર કેસ વૃદ્ધ વ્યક્તિનો નોંધાયો છે. HMPVની સંભવિત સ્થિતિને પહોંચી વળવા માટે ગુજરાતનો આરોગ્ય વિભાગ સતર્ક બન્યો છે અને રાજયની અલગ અલગ હોસ્પિટલમાં જરૂરી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ૧૦ જાન્યુઆરીના અમદાવાદના સાઉથ બોપલમાં રહેતા ૯ માસના બાળકને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યું છે. ૬ જાન્યુઆરીના રોજ બાળકને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યું હતું. જેનો રિપોર્ટ ૯ જાન્યુઆરીના રોજ પોઝિટિવ આવ્યો છે. બાળકને છેલ્લા કેટલાક સમયથી શરદી-ખાંસી અને શ્વાસ લેવામાં તકલીફ હોવાથી સારવાર માટે દાખલ કરવામાં આવ્યું હતું. દર્દીની વિદેશ કે અન્ય કોઈ સ્થળે ટ્રાવેલ હિસ્ટ્રી જોવા મળી નથી. દર્દીના સેમ્પલને ચકાસવાની પ્રક્રિયા આગામી દિવસોમાં હાથ ધરવામાં આવે તેવી વિગતો પ્રાપ્ત થઈ રહી છે. આ અંગે મેડિકલ ઓફિસર ડૉ.સ્મૃતિ મહેતાએ જણાવ્યું હતું કે ત્રણ દિવસથી બાળક દાખલ છે. પ્રથમ દિવસે જ્યારે બાળક દાખલ થયું ત્યારે તેને શ્વાસ લેવામાં તકલીફ હતી. હાલમાં બાળક ICUમાં વૅન્ટિલેટર મશીન પર છે અને સરકારની ગાઈડલાઈન મુજબ સારવાર કરવામાં આવી રહી છે, પરંતુ હાલમાં બાળકની પરિસ્થિતિ ક્રિટિકલ જ છે. એક્સ-રેમાં બાળકને ન્યુમોનિયા આવે જ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ત્રણ દિવસ પહેલાં પ્રાંતિજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારના એક ગામના ખેતરમાં મજૂરી કરતા શ્રમિક પરિવારના ૭ વર્ષીય પુત્રને તાવ, શરદી, ઉધરસને લઈને હિંમતનગરની બેબીકેર હોસ્પિટલમાં નિદાન માટે લાવ્યા હતા, જ્યાં તબીબે નિદાનમાં એક્સરે કરતાં તેને ન્યુમોનિયાની અસર દેખાતાં ખાનગી લેબોરેટરીમાં સેમ્પલ લેવડાવ્યાં હતાં, જેનો રિપોર્ટ ગઈકાલે સાંજે પોઝિટીવ એટલે કે, HMPV વાઈરસ આવ્યો હતો. એની જિલ્લા આરોગ્ય વિભાગને જાણ કરી હતી. સાબરકાંઠા જિલ્લા આરોગ્ય વિભાગે હોસ્પિટલ પહોંચી સેમ્પલ લઈને ગાંધીનગર અને અમદાવાદ મોકલી આપ્યાં હતાં, જેનો HMPV વાઈરસનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ૭ વર્ષીય બાળક હાલમાં બેબીકેર હોસ્પિટલમાં છે, જેને ICUમાં વેન્ટિલેટર પર રાખવામાં આવ્યું છે, સારવાર ચાલુ છે. ગતરોજ ગુજરાતનો વધુ વયના દર્દીના પ્રથમ કેસ નોંધાયો હતો. અમદાવાદ શહેરમાં HMPV વાઈરસનો વધુ એક કેસમાં વસ્ત્રાપુર વિસ્તારમાં રહેતા ૮૦ વર્ષના વૃદ્ધને સારવાર અર્થે મેમનગરની સ્ટર્લિંગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ૮ જાન્યુઆરીના રોજ વૃદ્ધને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જેમનો રિપોર્ટ આજે પોઝિટિવ આવ્યો છે. દર્દીને છેલ્લા કેટલાય સમયથી અસ્થમાની બીમારી હોવાની હિસ્ટ્રી જાણવા મળી છે. તેમની વિદેશ કે અન્ય કોઈ સ્થળે ટ્રાવેલ હિસ્ટ્રી જોવા મળી નથી. દર્દીનાં સેમ્પલને ચકાસવાની પ્રક્રિયા આગામી દિવસોમાં હાથ ધરવામાં આવશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગના વડા ડો. ભાવિન સોલંકીએ જણાવ્યું હતું કે, HMPV પોઝિટિવ આવેલા દર્દીની હાલત હાલ સ્થિર છે. તેમના સેમ્પલને સિવિલ હોસ્પિટલમાં તેમજ જીનોમ સિકવન્સ માટે ગાંધીનગર લેબોરેટરીમાં મોકલી આપવામાં આવશે. અગાઉ ચાંદખેડામાં પોઝિટિવ આવેલા બે મહિનાના બાળકનાં સેમ્પલને પણ ગાંધીનગર લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યાં છે.

### ગુજરાત હાઈકોર્ટે દોરીના વેપારીઓને કોઈ રાહત ન આપી

# રાજ્યમાં ચાઈનીઝ તથા કાચવાળી દોરી ઉપર પણ હાઈકોર્ટે ફરમાવ્યો પ્રતિબંધ

## હાઈકોર્ટના નિર્દેશ બાદ તા.૧૧થી ૧૫ જાન્યુ. સુધી રોજ DGP મીટિંગ કરશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૦

ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે એક મહત્વના હુકમના માધ્યમથી ચાઈનીઝ ઉપરાંત નાયલોન, કાચ પાયેલ કોટન થ્રેડ દોરી પણ પ્રતિબંધિત કરી દીધી છે. કોટન દોરી જો કાચ પાયેલી હોય તો પણ તે અબોલ પક્ષીઓ અને માનવજીવન માટે ઘાતક બની શકે છે તેથી આવી દોરી બનાવવા પર પ્રતિબંધ છે તેમ ઠરાવીને હાઈકોર્ટે ઉપરોક્ત આદેશ કર્યો હતો. બીજી બાજુ દોરીના વેપારીઓ દ્વારા કરવામાં આવેલી અરજી પણ હાઈકોર્ટે ફગાવી દીધી હતી. હાઈકોર્ટના આજના હુકમને પગલે હવે કોટન દોરી પણ ગ્લાસકોટેડ કે જોખમી(હાનિકારક)તત્વોથી પાયેલી હોય તેવી તમામ દોરીઓ પ્રતિબંધિત રહેશે તેવી જાહેરાત રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવશે. કેસની ગુજરાતભરમાં ચાઈનીઝ



દોરી, ગ્લાસકોટેડ નાયલોન દોરી તેમજ ચાઈનીઝ ટુક્કલ પર નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ, હાઈકોર્ટ અને પોલીસ ઓથોરીટી દ્વારા કાયદેસર રીતે પ્રતિબંધ ફરમાવાયેલો હોવાછતાં તેના ગેરકાયદે ઉત્પાદન, વેચાણ અને ઉપયોગને લઈ ગુજરાત હાઈકોર્ટ સમક્ષ થયેલી જાહેરહિતની રિટ અરજીમાં સુનાવણી દરમિયાન ખંડપીઠે સ્પષ્ટ કર્યું હતું કે ગુજરાત હાઈકોર્ટના જ અગાઉ આપવાના આવેલા નહુકમ, એનજીટીના આદેશ અને રાજયના ગૃહ વિભાગના તા.૨૪-૧૨-૨૦૨૪ના પરિપત્રના આધારે હાઈકોર્ટે આજે સ્પષ્ટ કર્યું હતું કે, કોટન દોરી જો કાચ પાયેલી હોય તો પણ તે અબોલ પક્ષીઓ અને માનવજીવન માટે ઘાતક બની શકે છે તેથી આવી દોરી બનાવવા પર પ્રતિબંધ છે. બીજીબાજુ, દોરીઓના વેપારીઓ પણ હાઈકોર્ટમાં આજે આવ્યા હતા અને તેમના વકીલે હાઈકોર્ટ સમક્ષ રાહત માંગી હતી કે, તેમની દોરી કોટન દોરી હોઈ તેને મુકિત આપવી જોઈએ, નહી તો, ઉતરાયણના તહેવારની મજા બગડી જશે. જો કે, વેપારીઓની અરજીનો વિરોધ કરતાં અરજદારપક્ષ તરફથી જણાવ્યું હતું કે, વેપારીઓની માંગણી કોઈપણ રીતે ગ્રાહ્ય રાખી શકાય નહી કારણ કે, વર્ષ ૨૦૧૭થી ગુજરાત હાઈકોર્ટનો આ અંગેનો ચુકાદો છે, નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલનો પણ સ્પષ્ટ આદેશ છે અને આ સિવાય રાજયના ગૃહ વિભાગ તેમ જ પોલીસ ઓથોરીટીના પરિપત્રો અને જાહેરનામા પણ છે અને તેમાં ચાઈનીઝ, નાયલોન, ગ્લાસ કોટેડ, કાચ પાયેલ કોટન થ્રેડ દોરી પર સ્પષ્ટ રીતે પ્રતિબંધ ફરમાવેલો છે. એવી દોરી કે જે કાય પાયેલ હોય કે અન્ય કોઈપણ જોખમી કે હાનિકારક તત્વોથી પાયેલી હોય તો તેવી તમામ દોરીએ પ્રતિબંધિત જ ઠરે છે. દરમ્યાન રાજય સરકાર તરફથી અમદાવાદ સહિત ચારેય મહાનગરોમાં થયેલી કાર્યવાહીનો એકશન ટેકન રિપોર્ટ અને આંકડાકીય માહિતી રજૂ કર્યા હતા. જો કે, હાઈકોર્ટે હજુ વધુ અસરકાર પગલાં લેવા ખાસ કરીને ઘાતક દોરીઓના ઉત્પાદનકર્તાઓ અને હોલસેલર્સ વિરૃધ્ધ આકરા પગલાં લેવા સ્પષ્ટ તાકીદ કરી હતી. કેસની વધુ સુનાવણી સોમવારે રાખી છે.

### રાજકોટમાં સાક્ષી અમૃત પ્રજાપતિની પોઈન્ટ બ્લેન્ક રેન્જથી ગોળી મારી હત્યા કરાઈ હતી

# આસારામના ચર્ચાસ્પદ કેસના મહત્ત્વના સાક્ષીની હત્યા કરનાર હત્યારો ૧૦ વર્ષ બાદ ઝડપાયો

## રાજકોટ પોલીસે ગુપ્ત રીતે ઓપરેશન પાર પાડી કર્ણાટકથી આરોપીને ઝડપી લીધો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

આસારામ રેપ કેસના મહત્ત્વના સાક્ષી અમૃત પ્રજાપતિની હત્યાનો આરોપી લાંબા સમય બાદ કર્ણાટકથી ઝડપાયો છે. રાજકોટમાં ૧૦ વર્ષ પહેલા અમૃત પ્રજાપતિની હત્યા કરી હતી. રાજકોટ પોલીસે ગુપ્ત રીતે ઓપરેશન પાર પાડી આરોપીને પકડી પાડ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, અમૃત પ્રજાપતિ ઉપર અજાણ્યા હુમલાખોરોએ ફાયરિંગ કર્યું હતું. આ બનાવની જે તે વખતે રાજ્યભરમાં ભારે ચર્ચા થઈ આસારામ સામે પ્રશ્નો ઊભા કરવામાં આવ્યા હતા. કેસના સાક્ષી અમૃત પ્રજાપતિને ગળામાં અને માથામાં એવી રીતે ગોળી મારવામાં આવી હતી કે તેમની ઈજા જીવલેણ નીવડે. એ પછી અખિલ અને કૃપાલને પોઈન્ટ બ્લેન્ક રેન્જથી ૦.૧૨ બોરના દેશી બનાવટના તમંચા વડે પડખામાં એવી રીતે ગોળી મારવામાં આવી છે કે એક કે બે ગોળીથી જ કરોડરજ્જુ તૂટી જાય





અને ઘાયલ ત્વરિત મોતને ભેટે. વડોદરામાં વસતા વૈદ્ય અમૃત પ્રજાપતિ લગભગ બે દાયકા જેટલાં સમયથી આસારામ સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલા હતા. આસારામ જ્યારે હજુ ગુજરાત પૂરતા જ લોકપ્રિય હતા ત્યારથી તેમના ચુસ્ત અનુયાયી ગણાતા પ્રજાપતિ વ્યવસાયે વૈદ્ય હોવાથી આસારામના સ્વાસ્થ્યની અંગત કાળજી લેવાની જવાબદારી પણ તેમની હતી. અમદાવાદ નજીકના મોટેરા આશ્રમમાં કિશોર વયના બે સાધકો દિપેશ-અભિષેકના શંકાસ્પદ અપમૃત્યુ પછી અમૃત પ્રજાપતિએ આસારામ સાથે છેડો ફાડયો અને પોતે નજરે જોયેલી, જાણેલી અને અનુભવેલી વિગતોનો જાહેરમાં હિંમતભેર પર્દાફાશ કરવા માંડ્યો હતો. આસારામની સામે પડીને તેમનો જાહેરમાં ભાંડો ફોડનારા અમૃત પ્રજાપતિ પ્રથમ હતા. પ્રસાર માધ્યમોમાં ઈન્ટરવ્યૂ આપીને, ટીવી ચેનલ્સની ડિબેટમાં ભાગ લઈને તેમણે આસારામના અનેક કરતૂતો ઉજાગર કર્યા હતા. નારાયણ સાંઈ સામે સુરતની બે બહેનોએ બળાત્કારનો કેસ દાખલ કર્યો તેમાં અમૃત પ્રજાપતિ સરકારી ગવાહ બનતાં નારાયણની મુશ્કેલીઓ પણ વધી હતી. ૨૩ મે, ૨૦૧૪ના દિવસે રાજકોટ ખાતે બે અજાણ્યા હુમલાખોરોએ રસ્તો પૂછવાના બહાને અમૃત પ્રજાપતિની સાવ નજીક ધસી જઈને પોઈન્ટ બ્લેક્ક રેન્જથી તેમના પર ત્રણ ગોળીઓ છોડી નાસી છૂટ્યા હતા. પ્રજાપતિને માથામાં ગળામાં ગોળી વાગવાથી લોહી નીકળતી હાલતમાં તેમને હોસ્પિટલ લઈ જવાયા. જ્યાં સારવાર કારગત ન નીવડતા ૧૭ દિવસ પછી તેમનું મોત નીપજ્યું હતું. અત્રે ઉલ્લેખનીય બળાત્કારના કેસમાં લાંબા સમયથી જેલમાં રહેલા આસારામને કોર્ટે જામીન આપી દીધા છે. આસારામને ૨૦૧૩માં બળાત્કારના કેસમાં ગાંધીનગરની નીચલી અદાલતે આજીવન કેદની સજા ફટકારી હતી. ત્યારથી આસારામ જેલમાં છે. સુપ્રીમ કોર્ટે તબીબી આધાર પર ૩૧ માર્ચ સુધી વચગાળાના જામીન આપ્યા છે. SCએ આસારામને વચગાળાના જામીન આપતા સમયે કેટલીક શરતો મૂકી છે.

# થલતેજની ઝેબર સ્કૂલમાં ધોરણ-૩ની વિદ્યાર્થિનીનું હૃદયરોગનો હુમલો થતાં મોત

## સ્કૂલની લોબીમાં જ તબિયત બગડતા વિદ્યાર્થિની ઢળી પડ્યા બાદ સારવાર માટે લઈ જવાઈ

## હોસ્પિટલમાં સારવાર શરૂ કરવામાં આવે તે પહેલા જ ૮ વર્ષિય વિદ્યાર્થિનીનું મોત નિપજ્યું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

અમદાવાદ શહેરના થલતેજ વિસ્તારમાં આવેલી ઝેબર સ્કૂલમાં ધોરણ-૩માં અભ્યાસ કરતી ૮ વર્ષની વિદ્યાર્થિનીનું હાર્ટ એટેકથી મોત નિપજ્યું છે. વિદ્યાર્થિની સ્કૂલે પહોંચ્યા બાદ તેની તબિયત બગડતા તે ખુરશી પરથી ઢળી પડી હતી. જેથી સ્ટાફે તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડી હતી. જ્યાં સારવાર મળે તે પહેલા જ તેનું મોત નિપજ્યું હતું. ઘટનાના પગલે શાળાનો સ્ટાફ તથા પોલીસની ટીમ હોસ્પિટલ ખાતે દોડી ગઈ હતી. ઘટનાના CCTV ફુટેજ પણ સામે આવ્યા છે, જેમાં વિદ્યાર્થિની લોબીમાં ખુરશી પર બેસ્યા બાદ ઢળી પડેલી જણાય છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, વસ્ત્રાપુરમાં રહેતી ૮ વર્ષિય ગાર્ગી રાણપરા થલતેજ ખાતે આવેલી ઝેબર સ્કૂલમાં ધોરણ-૩માં અભ્યાસ કરે છે. હાલમાં તેના માતા-પિતા મુંબઈ ખાતે હોવાથી તે તેના દાદા-દાદી સાથે રહેતી હતી. સવારના ૮ વાગ્યાના સમયે સ્કૂલ શરૂ થાય ત્યારે ગાર્ગી પોતાના નિત્યક્રમ મુજબ સ્કૂલ પર આવી હતી. સ્કૂલ પર આવ્યા બાદ તે સીડી ચઢીને પ્રથમ માળે પહોંચી હતી અને લોબીમાંથી પોતાના ક્લાસ તરફ જઈ રહી હતી. ત્યારે તેની તબિયત બગડતા તે લોબીમાં ખુરશી પર બેસી ગઈ હતી. થોડી જ વારમાં તે ઢળી પડતા સ્ટાફ તેને સારવાર માટે ઝાયડસ હોસ્પિટલમાં લઈ ગયા હતા. હોસ્પિટલમાં પહોંચતા જ તેને સારવાર આપવાનું શરૂ કરવામાં આવે તે પહેલા જ તેનું મોત નિપજ્યું હતું. જેથી ત્યાં ફરજ પરના ડોક્ટરોએ તેને મૃત જાહેર



કરી હતી. વિદ્યાર્થિનીના મોતના સમાચાર પરિવારજનોને મળતા તેમની પર આભ તૂટી પડ્યું હતું. વિદ્યાર્થિનીના દાદાની તબિયત સમાચાર જાણ્યા બાદ બગડી હતી. ઘટનાના પગલે પોલીસના ઉચ્ચ અધિકારીઓ પણ હોસ્પિટલ ખાતે દોડી ગયા હતા અને તપાસ શરૂ કરી હોવાનું જાણવા મળે છે. મૃતક ગાર્ગી તુષારભાઇ રાણપરા વસ્ત્રાપુરમાં તેના માતા પિતા દાદા દાદી સાથે રહેતી હતી. ગાર્ગીના પિતા પ્રાઈવેટ ઈવી કંપનીમાં નોકરી કરે છે. તેના માતા પિતા મુંબઈ ગયા હોવાથી તે તેના દાદા દાદી સાથે રહેતી હતી. પોલીસે ગાર્ગીના દાદા, દાદી, કેરટેકર અને રસોઈયાની પૂછપરછ હાથ ધરી હતી. એક ઉચ્ચ પોલીસ અધિકારીના જણાવ્યાં મુજબ ગાર્ગીને કેટલાક પ્રકારની બિમારી હતી અને અનેક દિવસોથી બિમાર પણ રહેતી હતી. તેને શ્વાસ અને લોહીને લગતી બિમારીઓ હોવાનું પોલીસ પૂછપરછમાં સામે આવ્યું છે. સ્કૂલમાં બનેલી ઘટના અંગે મેનેજમેન્ટ દ્વારા જણાવાયું હતું કે, ઝેબર સ્કૂલ ફોર ચિલ્ડ્રન ખાતે ધોરણ-૩ની ૮ વર્ષની વિદ્યાર્થીની ગાર્ગી તુષાર રાણપરાનું હાર્ટ એટેકથી અવસાન થયું છે. સવારે ગાર્ગી રાબેતા મુજબ શાળાએ પહોંચી હતી અને સીડીઓ ચડ્યાના થોડા સમય પછી, પ્રથમ માળે, તેણીને અસ્વસ્થ લાગતા તે ખુરશી પર બેઠી હતી. થોડી જ ક્ષણોમાં તે ઢળી પડતા અમારા શિક્ષકોએ તરત જ CPR કરાવ્યું અને તેને નજીકની હોસ્પિટલમાં લઈ ગયા હતી. ડોક્ટરોના પ્રયત્નો છતાં તેણીને હૃદયરોગનો હુમલો થયો હોવાથી તેને મૃત જાહેર કરવામાં આવી હતી.

# ઓટો રીક્ષા ચાલક અનવરે એક મહિલાને તમારે કઈ તરફ જવાનું છે એવું પૂછ્યું ત્યારે મહિલાને કેમ હેરાન કરી રહ્યો છે એવું કહીને ટોળાંએ તેને બેફામ માર માર્યો

(એજન્સી) અમદાવાદ, તા.૧૦

અમદાવાદ શહેરમાં ગઈકાલે શહેરના બહેરામપુરા વિસ્તારમાં અનવર નામના એક ઓટો રીક્ષા ચાલકને ટોળાએ ભેગા થઈને બેફામ માર્યો હતો તેનો વાંક એટલો જ હતો કે તેણે એક મહિલાને તમારે કઈ તરફ જવું છે એ પૂછ્યું હતું. અનવર રીક્ષા લઈને જઈ રહ્યો હતો ત્યારે મહિલા પાસે રીક્ષા રોકીને જે રીતે અન્ય રીક્ષાવાળાઓ પૂછે છે એમ કહ્યું હતું કે તમારે કઈ તરફ જવું છે એ ભાડા માટે પૂછી રહ્યો હતો ત્યારે ત્યાં લોકો ભેગા થઈ ગયા હતા અને ટોળાને એમ લાગ્યું હતું ત્યાં રિક્ષાવાળો મહિલાને હેરાન કરી રહ્યો છે. એટલે ત્યાંથી પસાર થતાં લોકોએ રીક્ષા ચાલક પર મહિલા સાથે ગેરવર્તન કર્યો છે તેવું આરોપ મૂકીને તૂટી પડ્યા હતા અને તેને માર માર્યો હતો. વીડિયોમાં પણ દેખાય છે કે રોષે ભરાયેલા ટોળાની વચ્ચે રિક્ષાચાલક ઘેરાયેલો છે અને પોતાનો ઈરાદો સમજાવવાનો પ્રયાસ કરી રહ્યો છે છતાં ટોળાએ તેને ગાળો આપી અને તેને માર મારીને તેને ઢસડવામાં આવ્યો એટલે તે લોહી લુહાણ થઈ ગયો હતો. પરિસ્થિતિ વધુ ગંભીર બની એટલે કોઈએ પોલીસને જાણ કરી હતી જેથી પોલીસ સ્થળ પર આવતા ટોળું વિખેરાઈ ગયું હતું. પોલીસની દરમિયાનગીરી બાદ ટોળાને ભાન થયું હતું કે ગેરસમજણ થઈ ગઈ છે એટલે અનવર કોઈ કાનૂની પગલું લે એ પહેલા તેને માર




**પોલીસે દરમિયાનગીરી કરી ત્યારે ત્યાં ભેગા થયેલા ટોળાને ખ્યાલ આવ્યો કે, ગેર સમજણ થઈ છે અને એ પછી ડ્રાઇવરની માફી પણ માગી**

મારનાર લોકોએ તેની માફી માગી હતી. જોકે પોલીસે હુમલાખોરો અંગે કોઈ સત્તાવાર નિવેદન કર્યું નથી કે કોઈ કાર્યવાહી કરી નથી.

### રાજપીપળા મહોત્સવમાં કુબેર ડિંડોરે કર્યો પ્રહાર

# ચૈતર વસાવા અલગ ભીલ પ્રદેશની માગણી કરી લોકોને ભ્રમિત કરી રહ્યા છે

## બાંગ્લાદેશ અને પાકિસ્તાનનું ઉદાહરણ આપતા ડિંડોરે કહ્યું- અલગતાવાદના પરિણામો હંમેશા હિતકારક નથી

(સંવાદદાતા દ્વારા)

રાજપીપળા, તા.૧૦

ગુજરાતના આદિજાતિ વિકાસ મંત્રી, કુબેર ડિંડોર, રાજપીપળામાં શ્રી મહારાજા રાજેન્દ્રસિંહ વિદ્યાલયના વાર્ષિક મહોત્સવમાં અધ્યક્ષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે તેમણે ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા દ્વારા ઉઠાવવામાં આવેલા અલગ ભીલ પ્રદેશની માંગણી અંગે કટાક્ષ કર્યો હતો. કુબેર ડિંડોરે આદિવાસી સમાજને સંબોધિત કરતાં જણાવ્યું હતું કે, 'આદિવાસીઓ હિંદુ નથી' એવી વાતો કરીને લોકોને ભ્રમિત કરવામાં આવી રહ્યા છે, પરંતુ સનાતન હિંદુ સંસ્કૃતિમાં આદિવાસીઓનું મહત્વપૂર્ણ સ્થાન છે. તેમણે સબરી માતાનું ઉદાહરણ આપીને આદિવાસી સમાજની ભક્તિ અને સનાતન હિંદુ સંસ્કૃતિ વચ્ચેના સંબંધને રેખાંકિત કર્યો હતો.

તેમણે વધુમાં જણાવ્યું કે, ચૈતર વસાવા દ્વારા અલગ ભીલ પ્રદેશની માંગણી અને કેવડિયાને તેની રાજધાની બનાવવાની વાતો લોકોમાં ભ્રમ ફેલાવી રહી છે. મંત્રી કુબેર ડિંડોરે બાંગ્લાદેશ અને પાકિસ્તાનના ઉદાહરણ આપીને જણાવ્યું હતું કે, અલગતાવાદના પરિણામો હંમેશા હિતકારક નથી. તેમણે ઉમેર્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉદ્યોગપતિઓ પાસેથી ટેક્સ વસૂલ કરીને દેશ ચલાવે છે, અને આપણે પોતાનું ઘર ચલાવવામાં અસમર્થ છીએ, તો અલગ ભીલ પ્રદેશની માંગણી કરીને લોકોને ઉશ્કેરવાનું બંધ કરવું જોઈએ. આ પ્રસંગે ડિંડોરે યુવાનોને જાતિવાદ, પ્રાંતવાદ અને અલગતાવાદ ફેલાવનારાઓનો વિરોધ કરવાની અપીલ કરી હતી. તેમણે આદિવાસી સમાજને સનાતન હિંદુ સંસ્કૃતિનો અભિન્ન ભાગ ગણાવીને સમાજમાં એકતા અને સમરસતાની જાળવણી પર ભાર મૂક્યો હતો.

ગુજરાત ટુડે

અશ્લીલતાથી દૂર, સંસ્કારોથી ભરપૂર

૧૫મી જાન્યુઆરીએ અંક ચાલુ રહેશે

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

સામાજિક-શૈક્ષણિક સેવાઓમાં સક્રિય લોકહિત મૂવમેન્ટનું વાહક અને સૌ કોઈએ ખાસ વાંચવા જેવું અખબાર

☞ તા.૧૪ જાન્યુઆરી-૨૦૨૫ને મંગળવારે ઉત્તરાયણના પર્વ નિમિત્તે અન્ય દૈનિકોમાં રજા રહેશે માટે ૧૫ જાન્યુઆરી-૨૦૨૫ને બુધવારનો આપનો દિવસ અખબાર વિનાનો કેવી રીતે પસાર કરશો ? ના, મૂંઝાવાની જરૂર નથી.

'ગુજરાત ટુડે' દૈનિક ૧૫ જાન્યુઆરી-૨૦૨૫ને બુધવાર સવારે આપ સમક્ષ જરૂર હાજર થઈ જશે

☞ આપ આપના વિતરકને આજે જ કહી દો કે, ૧૫ જાન્યુઆરી-૨૦૨૫ને બુધવારનું 'ગુજરાત ટુડે' દૈનિક લઈને જ આવે.

☞ આપના મિત્રો-સગા-સંબંધીઓ સુધી પણ 'ગુજરાત ટુડે' પહોંચાડો.

વિજ્ઞાપનદાતાઓ અને વિજ્ઞાપન એજન્સીઓ તેમની જાહેર ખબર મોકલી બહોળી નકલોમાં પ્રસિધ્ધિનો લાભ લઈ શકશે.

ગુજરાત ટુડે દૈનિક, ૩૩/૧, શાહઆલમ, અમદાવાદ-૩૮૦૦૨૮

સંપર્ક : ૦૭૯-૨૫૩૨૦૩૩૦, ૨૫૩૨૦૪૩૧

E-mail : gujarattodaydaily@gmail.com-gtadvt@yahoo.co.in



● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS